# યુરોપના પ્રવાસનું વર્ણન

સ્વામી વિવેકાનંદ

શ્રી રામકૃષ્ણ આ[illegible]

રાજકોટ

63
V4
3

HANSA MEHTA LIBRARY
M.S. University of Baroda

# યુરોપના પ્રવાસનું વર્ણન

સ્વામી વિવેકાનંદ

શ્રીરામકૃષ્ણ આશ્રમ
રાજકોટ

પ્રકાશક
સ્વામી આત્મસ્થાનંદ

Ramakrishna
PURCHASED
Date 30-12-85
Initial
G. 34218
Rs. 4=00

આ અનુવાદના સર્વ હક પ્રકાશકને સ્વાધીન

B
133
V4V4
Y8

બીજી આવૃત્તિ
પ્રત, ૨,૦૦૦

રૂ. ૪-૦૦
શ્રી રામકૃષ્ણ આશ્રમ
રાજકોટ.

મુદ્રક
શાંતિલાલ હરજીવન શાહ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

## પ્રસ્તાવના

સ્વામી વિવેકાનંદના "યુરોપના પ્રવાસનું વર્ણન" એમના એ પ્રવાસ દરમિયાન મૂળ બંગાળીમાં લખાયેલ પત્રોનું ગુજરાતી ભાષાંતર છે. આ પત્રોની ભાષા એવી સચોટ, અને શૈલી એવી પ્રાસાદિક છે કે તે બંગાળી જેવી સમૃદ્ધ ભાષાને માટે પણ અજોડ ગણાય. ગુજરાતી ભાષાંતરમાં એનો મૂળનો પ્રસાદ લાવવો જો કે મુશ્કેલ છે, છતાં અનુવાદની મર્યાદામાં રહીને તેનો ભાવ ગુજરાતીમાં સાચવવાનો યથાશક્તિ પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પ્રવાસવર્ણનમાં સ્વામીજીનું પૂર્વ અને પશ્ચિમની વિશિષ્ટતાઓ તથા ક્ષતિઓનું તટસ્થ રીતે કરેલું અવલોકન, સ્વામીજીની માનવજાતિના ઇતિહાસને અવલોકવાની ઊંડી દૃષ્ટિ, તથા માનવચરિત્રોનું પૃથક્કરણ કરવાની અસાધારણ શક્તિનો પરિચય આ પુસ્તકને પાને પાને આપણને જોવા મળે છે.

સ્વામીજીના ઊંડાણ ભરેલા વિચારોની સાથોસાથ તેમની કટાક્ષભરી હળવી શૈલી, આ ગ્રંથને એકી સાથે રસપ્રદ અને બોધપ્રદ બનાવે છે.

સ્વામીજી વારંવાર કહેતા કે ભારતવાસીઓએ દેશની સીમાઓ ઓળંગીને બહાર નીકળવું જોઈએ અને દૂર દૂરના દેશો સાથે સંબંધ બાંધીને વિચાર-વિનિમય કરવો જોઈએ. એમ કરવાથી જ આપણી ક્ષતિઓનું આપણને સાચું ભાન થાય. નહિતર કૂપમંડૂકની પેઠે આપણા વિચારો સંકુચિત બની રહે અને તેથી રાષ્ટ્રની પ્રગતિ પણ રુંધાય.

આ પુસ્તકમાં દર્શાવેલા સ્વામીજીના વિચારો, દેશપરદેશની પ્રાચીન સંસ્કૃતિ સમજાવવામાં અને જગતના આધુનિક પ્રશ્નોનો ઉકેલ શોધવામાં સહાયરૂપ થશે એવી અમને આશા છે.

— પ્રકાશક

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે, પહેલી આવૃત્તિમાં રહેલા મુદ્રણદોષો અહીં સુધારી લીધા છે.

— પ્રકાશક

માનવ-પ્રગતિની આજની સ્થિતિ માટે પ્રાચીન કાળથી જે જે બાબતો કારણભૂત બની છે, તેમાં ભારતના વ્યાપારે કદાચ સહુથી અગત્યનો ભાગ ભજવ્યો છે. ફળદ્રૂપતા અને વ્યાપારી ઉદ્યોગમાં અનાદિ કાળથી ભારત જેવો ઉન્નત દેશ બીજો કોઈ થયો નથી. એક જ સૈકા પહેલાં આખી દુનિયાની કાપડ, રૂ, શણ, ગળી, લાખ, ચામડાં, હીરા અને મોતીની માંગ ભારતમાંથી પૂરી પાડવામાં આવતી. ઉપરાંત કિનખાબ જેવાં ઉત્તમ રેશમનાં અને ઊનનાં કપડાં બીજો કોઈ દેશ ઉત્પન્ન કરી શકતો નહીં. ભારતમાં ઘણા તેજાના, જેવા કે લવિંગ, એલચી, મરી, જાયફળ અને જાવંત્રી થાય છે. તેથી ઘણા કાળથી જ્યારે કોઈ પણ દેશ સંસ્કારિતામાં પ્રગતિ કરવા લાગતો ત્યારે આવી વસ્તુઓ માટે તે ભારત ઉપર આધાર રાખતો.

# યુરોપના પ્રવાસનું વર્ણન

"ૐ નમો નારાયણાય, સ્વામીજી!"* ભાઈ! 'નમો' શબ્દના 'મો'ને હૃષીકેશમાં બોલાતી ઢબે જરા લાંબો કરી લેજો. સાત દિવસ થયા અમારી સ્ટીમર ચાલ્યા કરે છે. રોજરોજ હું વિચાર કરું છું કે અહીં શું ચાલે છે તે તમને લખું; લખવાનાં સાધનો પણ તમે પૂરતા પ્રમાણમાં આપ્યાં છે. પણ બંગાળીનું લાક્ષણિક આળસ આડું આવીને બધું બગાડે છે. પહેલવહેલું તો છે આળસ. જેને તમે 'ડાયરી' કે એવું કંઈક કહો છો તે લખવા હું રોજ વિચાર કરું છું. પરંતુ વિવિધ કામકાજને અંગે તે અનંત "આવતી કાલ"ને માટે મુલતવી રહે છે. અને એક ડગલું પણ આગળ વધાતું નથી. બીજું મને તારીખ વગેરે બિલકુલ યાદ રહેતાં નથી; તમારે પોતે જ કૃપા કરી તે ટપકાવી લેવાં, અને વળી કૃપા કરીને જો એમ માની લો તોપણ ચાલે કે પરમભક્ત હનુમાનની માફક હૃદયમાં રામ હોવાથી વાર-તિથિ-માસ અને એવી ક્ષુલ્લક બાબતો મને યાદ જ રહેતી નથી. પણ સાચી વાત તો એ છે કે આ મારી મૂર્ખતા અને આળસનું જ પરિણામ છે. કેવી વાહિયાત વાત! "क्व सूर्य...वंश:"× માફ કરજો; સૂર્યવંશ ચૂડામણિસમા રામ જેનું શરણ છે આવા વાનરેન્દ્ર હનુમાન ક્યાં અને ક્યાં અધમમાં અધમ હું? પરંતુ હનુમાનજી સો યોજનનો સાગર એક કૂદકે પાર કરી ગયા.

---

* સંન્યાસીને સંબોધવા માટે સામાન્યત: આ વાક્ય વપરાય છે. સને ૧૯૦૦માં સ્વામીજીએ કરેલી પશ્ચિમની બીજી મુસાફરીનાં સંસ્મરણો 'ઉદ્‌બોધન' પત્રના સંપાદક સ્વામી ત્રિગુણાતીતને અનુલક્ષીને લખાયેલાં છે, અને તેથી આ જાતનું સંબોધન વપરાયું છે. આ સંસ્મરણો વાંચતી વેળા વાચકે એ ધ્યાનમાં રાખવાનું છે કે આ લખાણ સ્વામીજીએ મૂળ બંગાળી ભાષામાં વિનોદભરી શૈલીમાં લખેલું છે. એ બધું અહીં એ પ્રવાહમાં ઉતારવું સહેજે મુશ્કેલ છે. —સંપાદક

× સ્વામીજી અહીં કવિ કાલિદાસના 'રઘુવંશ'ની પેલી પ્રખ્યાત કડી વાપરે છે: क्व सूर्यप्रभवोवंशः क्व चाल्पविषयामतिः (એ સૂર્યવંશી કુળ ક્યાં અને અલ્પબુદ્ધિવાળો એવો હું ક્યાં?)

જ્યારે અમે તો કહો કે લાકડાના ઘરમાં પુરાઈને આમતેમ ગડથોલાં ખાતાં ખાતાં, થાંભલીઓને આધારે જેમ તેમ પગ પર ઊભા રહેતા રહેતા તેને પાર કરી રહ્યા છીએ! પણ અમારે પક્ષે એક વધુ ઉચ્ચ વાત એ છે કે હનુમાનને તો રાક્ષસો અને રાક્ષસીઓનાં મુખચંદ્રોનાં દર્શન લંકા પહોંચ્યા પછી જ થયાં, જ્યારે અમે તો તેમનાં ટોળાંની સાથે જ જઈએ છીએ. રાત્રિના ભોજન સમયે સેંકડો છરીઓના ચળકાટોથી અને સેંકડો કાંટાઓના અવાજોથી ભાઈ તુરિયાનંદ તો ડઘાઈ જ જતા. તેઓ વારંવાર બીકથી ગભરાઈ ઊઠતા કે તેમની બાજુમાં બેઠેલી લાલભૂરા વાળવાળી, માંજરી આંખોવાળી સહપ્રવાસિની બાઈ ગફલતમાં રખેને એમના જ દેહમાં છરી ભોંકી દેશે તો? કેમ કે ભાઈ પોતે જરાક સુંવાળા અને જાડા પણ ખરા ને?

સ્વામીજી! મારે જાણવું છે કે સાગર ઓળંગતા હનુમાનજીને ઊલટી વગેરે દરિયાઈ બીમારીની બાધા નડી હતી કે કેમ, તે વિષે પ્રાચીન ગ્રંથોમાં કંઈ ઉલ્લેખ છે ખરો? તમો તો સૌ ભણેલા પંડિતો છો; રામાયણ વગેરે ગ્રંથોના અભ્યાસી છો, એટલે તમે એ મુદ્દો નક્કી કરી લેજો. આપણા ગોસાંઈજી (તુલસીદાસજી) તો તે વિષે કંઈ કહેતા નથી. કદાચ હનુમાનને તેમ ન પણ થયું હોય. પણ તેણે કોઈના મોઢામાં પ્રવેશ કર્યાની જે વાત છે તેથી જ જરા શંકા થાય છે. ભાઈ તુરિયાનંદ પણ એવો મત ધરાવે છે કે જ્યારે જહાજનો આગલો ભાગ (મોરો) એકાએક જાણે કે દેવરાજ ઇન્દ્રની સલાહ લેવા આકાશ સુધી ઊંચો થાય છે, અને પાછો તરત જ જાણે કે પાતાળમાં રહેતા બલિરાજાને વીંધવા જતો હોય તેમ સાગરના તળિયા સુધી નીચો નમે છે, ત્યારે તેમને એમ લાગે છે કે પોતે પણ કોઈના વિકરાળ અને ખુલ્લા મોઢામાં રખે ઊતરી જતા હોય! માફ કરજો, ભાઈ! પણ તમે તમારું કામ એક બહુ ભલા માણસને સોંપ્યું છે. સાત દિવસની મારી સાગરની મુસાફરીનું જે વર્ણન મારે તમોને આપવાનું છે તે કાવ્યમય, રસભરી અને ખૂબ અલંકારભરી શૈલીમાં લખાવું જોઈએ, તેને બદલે હું તો અગડંબગડં લખ્યા કરું છું. પણ ખરી વાત એ છે કે જિંદગી આખી માયાનાં છોડાં ફેંકી દઈ બ્રહ્મનું જ કોપરું (બીજ) ખાવાનો પ્રયાસ કરતો હોવાથી એકાએક કુદરતના સૌંદર્યનું વર્ણન કરવાની શક્તિ મારામાં આવે ક્યાંથી? મારી આખી જિંદગી હું "કહાં કાશી, કહાં કાશમીર, કહાં ખુરાસાન ગુજરાત,"



એમ ભારતમાં ચોમેર ફર્યા કર્યો છું, કેટલીયે ટેકરીઓ અને નદીઓ, પર્વતો અને ઝરણાંઓ, ખીણો અને કોતરો, સતત બરફથી છવાયેલાં અને વાદળાંથી ઘેરાયેલાં પર્વતનાં અનેક શૃંગો મેં જોયાં છે; તોફાની ગર્જના કરતા, ફીણભર્યા સાગરોનાં અનેક તોફાનો મેં સાંભળ્યાં છે ને પાર ઊતર્યો છું, પણ બગીઓ અને ટ્રામોથી ધમધમતા અને ધૂળના ગોટેગોટાથી ઢંકાઈ જતા કલકત્તાના મુખ્ય રસ્તાની બાજુના એક ભોંયતળિયાના ઘરમાં જ્યાં દિવસે પણ દીવો કરવો પડે અને જેની દીવાલો પાનની પિચકારીઓના વિવિધ ડાઘાઓથી રંગાઈ ગયેલી છે, જ્યાં ઉંદરો, વંદાઓ અને ગરોળીઓ સતત કચકચાટ કરે છે, તેવા એક અંધારા ઓરડામાં એક જૂના લાકડાના ખાટલા ઉપર બેસીને, આવા કાવ્યમય (!) વાતાવરણ વચ્ચે, પોતાનો હુક્કો ગગડાવતા કવિ શ્યામચરણે હિમાલય, સાગર, હરિયાળી ભૂમિ, રણ વગેરેનાં જે આબેહૂબ શબ્દચિત્રો દોરીને બંગાળીઓની પ્રતિષ્ઠા વધારી છે, તેનું અનુકરણ કરવું પણ આપણા માટે ખોટી આશા જેવું છે! પોતાના બાળપણમાં શ્યામચરણ જ્યાં હવાફેર કરવા ગયેલા, ત્યાંનું પાણી એટલું બધું પાચક હતું કે ખૂબ ધરાઈને ખાધા પછી એકાદ પ્યાલો પાણી પીઓ તોપણ બધું તરત હજમ થઈ જાય અને ફરી પાછી કકડીને ભૂખ લાગે. આ સ્થળે શ્યામચરણની સંવેદશક્તિ પ્રકૃતિના વિરાટ અને સ્મરણીય દર્શનની ઝાંખી કરી શકી, પણ અહીં દાળમાં કાંઈક કાળું છે; એમ કહેવાય છે કે કવિ શ્યામચરણે પશ્ચિમનો પ્રવાસ બરદ્વાન સુધી જ કર્યો હતો!

તમારી આગ્રહભરી વિનંતીને માન આપીને ન છૂટકે, અને મારામાં પણ કાવ્યમય ભાવનાનો સાવ અભાવ નથી તે બતાવવા, દુર્ગાસ્મરણ કરીને વર્ણન કરવાનું હવે શરૂ કરું છું; અને તમે પણ કશી ટીકાટોળ કર્યા વગર તે ધ્યાનથી વાંચજો.*

સામાન્ય રીતે કોઈ વેપારી જહાજ, ખાસ કલકત્તા જેવા વેપારી બંદરેથી અને હુગલી જેવી નદીમાં થઈને રાત્રિના ઊપડતાં નથી. દરેક જહાજ બંદરેથી બહાર નીકળી ખુલ્લા સમુદ્રમાં પહોંચે નહિ ત્યાં સુધી તે પાયલોટની હકૂમતમાં હોય છે; એ જ ત્યારે કેપ્ટન બને છે અને તેના જ હુકમ મુજબ બધું ચાલે છે. તેની ફરજ જહાજને દરિયામાં પહોંચાડવાની અથવા તો બહારથી આવેલ જહાજને સાગરના મુખથી અંદર

સુધી પહોંચાડવાની હોય છે. હુગલી નદીના મુખ પાસે બે મોટાં ભયસ્થાનો છે; એક તો બજબજ પાસે જેમ્સ અને મેરીનું ભાઠું અને બીજું ડાયમંડ હાર્બરના મુખ પાસેના રેતીના ઢગ. માત્ર સંપૂર્ણ ભરતીને વખતે અને દિવસે જ પાયલોટ ખૂબ કાળજીપૂર્વક જહાજ હંકારી શકે; બીજી કોઈ પરિસ્થિતિમાં નહિ. આથી હુગલી નદી પાર કરતાં અમને બે દિવસ નીકળી ગયા.

હૃષીકેશની ગંગા તમોને યાદ છે ને? એ નિર્મળ નીલરંગવાળું પાણી – જેમાં સપાટીથી દસ હાથ નીચે આવેલી માછલીનાં ભીંગડાં પણ ગણી શકાય – તે અમૃત જેવું મીઠું, હિમ જેવું ઠંડું "गांगंवारिमनोहारि", અને વહેતા જળના તરંગોમાંથી ઊઠતો અદ્ભુત "હર હર" એવો નાદ અને આજુબાજુના ગિરિ-નિર્ઝરોમાં પડતો તેનો પ્રતિધ્વનિ! એ વનજીવન, એ માધુકરી – ભિક્ષા, પાણીની મધ્યમાં નાનકડા દ્વીપાકાર શિલાસન પર ભોજન કરવાનું, ખોબે ખોબે જલપાન કરવાનું અને રોટલીના ટુકડા માટે માછલીઓનું આજુબાજુનું નિર્ભય રીતે વિચરણ; આ બધું તમને યાદ છે ને? તે ગંગામૈયા પ્રત્યેનો પ્રેમ, ગંગાનો મહિમા, એ ગંગાજળનો વૈરાગ્યદાયી સ્પર્શ, હિમાલયમાંથી – શ્રીનગર, ટિહરી, ઉત્તરકાશી અને ગંગોત્રીથી — વહી આવતી ગંગા! તમારામાંના કેટલાકે તો ગૌમુખી પણ જોયેલ છે! પણ આપણી કલકત્તાની ગંગા – કાદવવાળી, જાણે કે શિવના શરીરના સ્પર્શથી શ્વેતવર્ણા બનેલી, હજાર જહાજોની અવરજવરવાળી કલકત્તાની આ ગંગામૈયા પ્રત્યે એવો અદ્ભુત પ્રેમ છે કે એ ભુલાય નહિ. શું આ દેશપ્રેમ છે કે બાલ્ય સંસ્કારની છાપ છે? કોણ જાણે! હિંદુઓનો ગંગામૈયા સાથે આ કેવો સંબંધ છે? શું આ માત્ર વહેમ છે? હોઈ શકે. ગંગાનું રટણ કરતા તેઓ પોતાનું જીવન વિતાવે છે અને ગંગામાં જ જળસમાધિ લે છે; દૂર દૂરના સ્થળેથી આવતા લોકો ગંગાજળ ભરીને પોતાની સાથે લઈ જાય છે, ત્રાંબાના વાસણમાં કાળજીથી રાખે છે અને પવિત્ર ઉત્સવ પ્રસંગે તેમાંથી આચમન કરે છે. રાજારજવાડાંઓ ઘણું ખર્ચ કરી, મોટા મોટા ઘડાઓ ભરી ગંગોત્રીના જળથી રામેશ્વરમાં શિવજીનો અભિષેક કરે છે! હિંદુઓ પરદેશ જાય – રંગૂન, જાવા, હોંગકોંગ, ઝાંઝીબાર, માડાગાસ્કર, સુએઝ, એડન, માલ્ટા – સઘળે સ્થળે સાથે ગંગાજળ અને ગીતા હોય છે.



ગીતા અને ગંગા એમાં જ હિંદુઓનું હિંદુત્વ છે. ગયા વખતના પ્રવાસમાં મેં પણ થોડું સાથે રાખેલું; કોણ જાણે ક્યારે ખપ પડે! અને તક મળતી કે તરત એકાદ આચમન પી લેતો. પરંતુ પશ્ચિમના એ માનવસમુદાય વચ્ચે, તેમની સંસ્કૃતિના કોલાહલમાં, કરોડો માનવીઓની ઘેલછાભરી ઉતાવળ અને દોડાદોડી વચ્ચે એ જળપાન કરતાં જ મારું મન જાણે કે શાંત બની જતું. એ માનવમેદની, એ રજોગુણી ઉથલપાથલ, ડગલે અને પગલે હરીફાઈ, અમરાવતી જેવા વિલાસના ક્ષેત્રરૂપ એ પૅરિસ, લંડન, ન્યૂયૉર્ક, બર્લિન, રોમ, બધાંય અદૃશ્ય થઈ જતાં અને હું એ જ પેલો "હર હર"નો નાદ સાંભળતો, હિમાલયના ખોળામાં આવેલાં એ એકાંત વનો જોવા લાગતો, હૃદય, મસ્તક અને નસેનસમાં સંચરતી અને 'હર હર' નાદથી કલ્લોલ કરતી દેવનદીનો સ્પર્શ અનુભવતો.

આ વખતે તમે પણ મદ્રાસ ખાતે ગંગાજળ મોકલ્યું છે. પણ ભાઈ! તમે કેવા વિચિત્ર પાત્રમાં મૈયાને પૂરી છે? તુરિયાનંદ બાલબ્રહ્મચારી છે અને "પોતાના તપોબળથી દીપતા અગ્નિ" સમાન લાગે છે; પૂર્વાશ્રમમાં તેઓ બ્રાહ્મણ હતા ત્યારે તેમને "નમો બ્રહ્મણે" કહી વંદન કરવામાં આવતાં; હવે તેઓ થયા છે "નમો નારાયણાય" એટલે સંન્યાસી કેવો ઉચ્ચ છે! કદાચ તે જ કારણસર બ્રહ્માનું કમંડલું છોડીને ગંગામૈયા ભાઈ પાસે બરણીમાં પુરાઈને આવી છે! ગમે તેમ પણ ગઈ રાતે મોડેથી બિછાનામાંથી ઊઠતાં મેં જોયું કે ખરેખર મૈયાને તે બરણી જેવા વિશાળ કમંડલમાં રહેવાનું અસહ્ય થઈ પડ્યું છે, અને તેમાંથી માર્ગ કાઢવા મથે છે. મેં વિચાર્યું કે ભારે થઈ! કારણ જો અહીં જ મૈયા હિમાચલને તોડવાનું, ઐરાવતને તાણી જવાનું કે જહ્નુમુનિની કુટિરને ઘસડી જવાનું કાર્ય કરવા માંડે તો આવી જ બન્યું! મેં મૈયાની ઘણી સ્તુતિ કરી અને ખૂબ સમજાવીને કહ્યું કે, "મા! સહેજ વાર થોભો; કાલે મદ્રાસ પહોંચીએ ત્યારે જેમ યોગ્ય લાગે તેમ કરજો. ત્યાં હાથી કરતાંય જાડી ખોપરીવાળા ઘણાય છે; એમાંથી ઘણાખરાની ઝૂંપડીઓ તો જહ્નુમુનિની જેવી જ છે; અને જે અરધાં મૂંડાવેલાં અને લાંબી શિખાવાળાં ચળકતાં માથાં છે, એ તો લગભગ પાષાણનાં જ જાણે બનાવેલાં છે; એમના મુકાબલે હિમાલય તો જાણે કે માખણ જેવો ગણાય. ત્યાં તમે ગમે તેટલાં માથાં

ભાંગી નાખજો. પણ હમણાં તો કૃપા કરીને થોડી રાહ જુઓ !" પણ મારા બધી પ્રાર્થના નકામી ગઈ. મા તે શાનાં સાંભળે? પછી મને એક યુક્તિ સૂઝી. મેં મૈયાને કહ્યું: "જુઓ મા ! જહાજ ઉપર આમતેમ આંટા મારતા પેલા પાઘડીવાળા, જાકીટ પહેરેલા નોકરો સામે જુઓ; તેઓ ગોમાંસ ખાનારા સાચેસાચા યવનો છે; અને ઓરડા વગેરે સાફ કરતા ફરે છે. તેઓ ખાસ મહેતર છે, લાલબેગના ચેલા છે. અને જો તમે મારું નહિ માનો તો હું તેમને બોલાવીને તમોને અડકાડી દઈશ ! જો તેથી પણ શાંત નહિ થાઓ તો હમણાં જ તમોને તમારા પિતૃસદને મોકલી દઈશ ! આ સામે પેલો ઓરડો દેખાય છે તેમાં તમને પૂરી દઈશ એટલે તુરત જ તમે તમારી પિયરની દશા પ્રાપ્ત કરશો, તમારો બધો ઘોઘાંટ બંધ પડી જશે, અને જામીને પથ્થર જેવા બરફ થઈને પડયું રહેવું પડશે." મૈયા ત્યારે શાંત થયાં. બધે આવું જ છે. માત્ર દેવો જ નહિ, બાવાઓ પણ એવા જ હોય છે; જેવો કોઈ ભક્ત મળે કે તુરત જ તેને માથે ચડી બેસે છે.

જોયું, હું મારા વિષયથી કેવો દૂર જઈને જેમતેમ વાત કરવા લાગ્યો ? મેં તમને પ્રથમથી જ કહ્યું છે કે આ કામ મારે માટે લગભગ અશકય છે. પણ ધીરજ રાખશો તો હું ફરીથી પ્રયત્ન કરીશ.

સ્વજનોમાં એવું સૌંદર્ય દેખાય છે કે જે બીજે કયાંય દેખાતું નથી. આપણા ભાઈઓ અને બહેનો, પુત્રો અને પુત્રીઓ, ગમે તેવાં કદરૂપાં હોય છતાંય સૌંદર્યમાં તેની બરોબરી સ્વર્ગના ગંધર્વો પણ ન કરી શકે. અહા ! જો સ્વર્ગમાં ફર્યા પછી અને ત્યાંના લોકોને જોયા પછી પણ આપણાં સ્વજનો ખરેખર સુંદર દેખાતાં હોય તો આપણા આનંદની સીમા જ ન રહે ! લીલાછમ ઘાસની અનંત પથારીઓથી પથરાયેલ હજારો નદીઓની માળા ધારણ કરનાર બંગાળ દેશની એક ખાસ રમણીયતા છે. મલબારમાં અને કાશ્મીરમાં તેની થોડીશી ઝાંખી થાય છે. પાણીમાં શું સુંદરતા નથી? જયારે ચારે બાજુ પાણી પાણી થઈ ગયું હોય, વરસાદનાં ઘેરાં ઝાપટાં અળવીનાં પાન ઉપરથી ખરી પડતાં હોય, અસંખ્ય તાડ, નાળિયેરી અને ખજૂરીઓનાં ઝુંડના ઝુંડ સહેજ માથું નમાવીને એ વર્ષાધારાને ઝીલી લેતાં હોય, જયારે દેડકાંનું ડ્રાંઉ ડ્રાંઉ ચારે બાજુ હોય, ત્યારે, એવાં દૃશ્યોમાં



શું સુંદરતા નથી ? અને પરદેશથી પાછા ફરતાં જયાં સુધી ડાયમંડ હાર્બર થઈને ગંગામાં પ્રવેશ ન કરાય, ત્યાં સુધી આપણા ગંગાકિનારાની રમણીયતાનો ખ્યાલ આવી જ શકતો નથી. એ નીલું ભૂરું આકાશ, તેના ખોળામાં કાળાં વાદળાં, તેની નીચે સોનેરી કિનારવાળાં સફેદ વાદળાં, અને તેની નીચે તાડ, નાળિયેરી અને ખજૂરીનાં ઝુંડો પવનમાં હજારો ચમરીની માફક હલતાં હોય છે; તેની નીચે ફિક્કા, ગાઢ, થોડા પીળા, થોડા કાળા વગેરે વિવિધ પ્રકારની લીલોતરીવાળા આંબા, લીચી, જાંબુ, ફણસ વગેરે હોય છે; જાણે કે કેવળ પાંદડાં જ. પાંદડાં! ઝાડ, ડાળી વગેરે કંઈ દેખાય જ નહિ! આજુબાજુ ઝૂકી રહેલાં વાંસનાં ઝુંડો અને સૌથી નીચે, નાખી નજર પહોંચે ત્યાં સુધી લીલુંછમ ઘાસ પથરાયું હોય. એની સરખામણીમાં યારકંદ, ઈરાન કે તુર્કસ્તાનના ગાલીચા તો સાવ ફિક્કા લાગે; ઘાસને જાણે કે કાતરી કાતરીને સરખું બનાવ્યું ન હોય! ગંગાના પાણીના મૃદુ મંદ તરંગો ધીમે ધીમે કિનારે અથડાય, જમીનને ઢાંકે ત્યાં સુધી, છેક પાણી સુધી હરિયાળી પહોંચી હોય; અને તેથીય નીચે આપણી ગંગામૈયાનું પાણી હોય! વળી ફરીથી ક્ષિતિજથી ઊંચે મધ્યાકાશ સુધી નજર ફેરવો તો ઠેઠ સુધી એક જ લીટીમાં જાતજાતના રંગોની રમત જોશો; એક જ રંગમાં આટલી બધી વિવિધતા તમે બીજે કયાંય નજરે નિહાળી છે? વળી જે રંગના નશામાં પતંગિયાં આગમાં સળગી મરે છે અને ભમરાઓ કમળની કેદમાં પુરાય છે, તેવો રંગનો નશો તમને કદી લાગ્યો છે? હું તમોને કહી દઉં છું કે જો તમારે ગંગાના દૃશ્યની સુંદરતા માણવી હોય તો તે હમણાં જ પેટ ભરીને માણી લેજો; કારણ કે હવે પછી એમાંનું કંઈ રહેશે નહિ. લક્ષ્મી માટે આવલાં મારનારાઓના હાથમાં એ બધાનો વિનાશ થશે. તે લીલા ઘાસની જગ્યાએ ઈંટોની ભઠ્ઠીઓ અને તેને માટે ઊંડા ખોદાયેલ ખાડાઓ દેખાશે. હમણાં જ્યાં ગંગાની નાજુક લહરીઓ ઘાસ સાથે ગેલ કરે છે, ત્યાં શણથી ભરેલા મછવાઓ અને હોડીઓ દેખાશે; અને પછી નાળિયેરી, તાડ, આંબા કે લીચીના વિવિધ રંગો, નીલું આકાશ, વાદળાંની રમણીયતા, એ બધું તમે ફરી જોવા નહિ પામો. બદલે તેને તમને જોવા મળશે ચોમેર કોલસાનો ધુમાડો તથા વચ્ચે ભૂતની માફક ઊભેલી કારખાનાંઓની ચીમનીઓ!

હવે અમારું જહાજ સાગરમાં પહોંચી ગયું છે. સાગરકિનારાનું કવિ કાલિદાસે આપેલું વર્ણન ""दूरादयश्चक्र" અને "तमालताली वनराजी" જાણે કે એક મોટું લોઢાનું ચક્ર હોય એવી તેની કિનાર કાળી હોય, તેવો તાલવૃક્ષોથી સુશોભિત થયેલો સમુદ્રતટ ભાસે છે.—એ વર્ણન યથાર્થ નથી. તે મહાન* કવિ તરફ પૂર્ણ પૂજ્યભાવ રાખીને મારો અભિપ્રાય રજૂ કરું છું કે તેણે બાપગોતર કદીયે નથી જોયેલો સાગર કે નથી જોયો હિમાલય.

અહીં ધોળાં અને કાળાં પાણીનું મિશ્રણ છે તે જાણે કે પ્રયાગના ગંગા-યમુનાના સંગમ જેવું લાગે છે. આમ તો મુક્તિ સર્વત્ર દુર્લભ હોવા છતાં પણ गंगाद्वारे प्रयागे च गंगासागरसंगमे । એટલે કે હરિદ્વાર, પ્રયાગ અને ગંગા તથા સાગરનો જ્યાં સંગમ થાય છે ત્યાં તે સુલભ હોય છે. પણ કહેવાય છે કે આ સ્થળે ગંગાજીનું ખરું મુખ નથી. છતાં सर्वतोऽक्षिशिरोमुखम् ।× એટલે કે, એની આંખો, શિર અને મુખ સર્વત્ર છે એમ બોલીને હું અહીં એને પ્રણામ કરું છું.

કેવું સુંદર! નજર પહોંચે ત્યાં સુધી સાગરનાં ઘેરાં નીલાં જળ ફીણવાળા તરંગો ઉછાળી પવનની સાથે તાલબદ્ધ રીતે નાચે છે. गंगाफेनसीता जटा पशुपतेः ।+ "ગંગાનાં ફીણથી ધોળી દેખાતી શિવજીની જટા"માં વાંચીએ છીએ તેમ અમારી પાછળ શિવજીના શરીરે ચોળેલી વિભૂતિથી ધોળાં બનેલાં ગંગાનાં જળ છે. પ્રમાણમાં ગંગાનું પાણી શાંત છે. અમારી સામે નદી અને સમુદ્રનાં પાણીને અલગ પાડતી રેખા દેખાય છે. હવે ધોળાં પાણીનો અંત આવી ગયો છે અને કેવળ આગળ અને પાછળ, ચારે બાજુ, સર્વત્ર નીલું ને નીલું જ જળ છે, અને અંદર તરંગો સતત ઊછળી રહ્યા છે. સાગરના વાળ નીલા છે, એનું શરીર નીલું છે અને વસ્ત્ર પણ નીલું છે. આપણે પુરાણોમાં વાંચીએ છીએ કે કરોડો અસુરો દેવોના

* સ્વામીજીએ પાછળથી કાલિદાસ હિમાલયથી અજાણ હતો તે વિષેનો પોતાનો અભિપ્રાય ફેરવ્યો હતો; પણ કવિએ સમુદ્ર જોયા અંગેનું કોઈ પ્રમાણ મળ્યું નથી.

× ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૩મો, શ્લોક ૧૩મો.

+ શ્રીમદ્ શંકરાચાર્યકૃત शिवापराधभंजनમાંથી.



ભયથી સાગરની અંદર છુપાઈ ગયા હતા. આજ તેમને તક સાંપડી છે; વરુણદેવ તેમનો સહાયક બન્યો છે અને પવનદેવ તેમની પીઠ થાબડે છે; ભીષણ ગર્જના અને વિકટ હુંકાર કરી સાગરની સપાટી ઉપર તેઓ ભયંકર યુદ્ધતાંડવ ચલાવી રહ્યાં છે; ફીણવાળા તરંગો જાણે કે, તેમનું ભયાનક હાસ્ય છે! આ તોફાનો વચ્ચે અમારું જહાજ છે. આકર્ષક પોશાકવાળાં, સ્નિગ્ધ ચંદ્ર જેવા વર્ણવાળાં, આત્મશ્રદ્ધા અને સ્વાવલંબનની મૂર્તિસમાં લાગતાં, અને કાળી પ્રજાઓને અભિમાન અને ઉદ્ધતાઈની પ્રતિમા જેવાં દેખાતાં, સાગરથી વીંટાયેલ દુનિયાની શાસક પ્રજાનાં સ્ત્રીપુરુષો જહાજના તૂતક ઉપર આંટા મારી રહ્યાં છે. ઉપર છે વર્ષાનાં વાદળાંઓની ગર્જના અને ચોમેર છે ફીણવાળા તરંગોનો નાચ તથા કોલાહલ, તથા સમુદ્રના શક્તિપ્રદર્શનને જાણે વ્યર્થ બનાવતાં હોય તેવાં જહાજનાં એંજિનોનો ઘોંઘાટ. અવાજોનો આ બધો શંભુમેળો હું આશ્ચર્યમુગ્ધ બની, અર્ધજાગ્રત અવસ્થામાં સાંભળી રહ્યો હતો. ત્યાં તો મારા કાન ઉપર આ બધા અવાજોને દબાવી દેતું અને સ્ત્રીપુરુષોના સમૂહ ગાનમાં ગવાતું બ્રિટનનું રાષ્ટ્રગીત Rule Britania, Britania rules the waves, "બ્રિટાનિયા રાજ્ય કરો, બ્રિટાનિયા સાગર ઉપર રાજ્ય કરે છે," તેના ઘેરા પડઘા પાડતું સંભળાયું. ચમકીને મેં આજુબાજુ જોયું તો જહાજ આમતેમ સખત ડોલી રહ્યું હતું અને ભાઈ તુરિયાનંદ પોતાના બે હાથ વચ્ચે માથું દબાવીને ઊલટી થતી રોકવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

બીજા વર્ગમાં, પશ્ચિમમાં અભ્યાસ કરવા જતા બે બંગાળી યુવકો છે; તેમની સ્થિતિ તો ઘણી જ ખરાબ છે. તેમાંનો એક જણ તો એટલો બધો ડરી ગયો લાગે છે કે જો તેને માત્ર કાંઠા ઉપર ઉતારી દેવામાં આવે તો સીધો એક જ દોટમાં ઘેર પહોંચી જાય! આ બે છોકરાઓ અને અમે બે પુરુષો આટલા જ હિંદીઓ, આધુનિક ભારતના પ્રતિનિધિઓ, જહાજ ઉપર છીએ. જે બે દિવસો સુધી જહાજ ગંગામાં હતું તે દરમિયાન "ઉદ્‌બોધન"ના તંત્રીની ખાનગી સૂચના પ્રમાણે ભાઈ તુરિયાનંદ મને વારંવાર "વર્તમાન ભારત" ઉપરનો મારો લેખ વેળાસર પૂરો કરવા દબાણ કરતા હતા. આજે મને ખરી તક મળી ગઈ! મેં તેને પૂછ્યું: "ભાઈ! વર્તમાન ભારતની પરિસ્થિતિ કેવી છે?" અને એક નજર સેકન્ડ ક્લાસની તરફ

અને બીજી નજર પોતા તરફ રાખી નિસાસાપૂર્વક તેમણે જવાબ આપ્યા: "ઘણી દયાજનક! ઘણી જ ગોટાળાભરી થતી જાય છે!"

આવી વિશાળ પદ્માને છોડીને ગંગાની હુગલી નદીની શાખાને આટલી અગત્ય આપવામાં આવે છે તેનું કારણ એ છે કે કેટલાક લોકો એમ માને છે કે નદીનું આદિ અને પ્રધાન મુખ હુગલી હતું, પરંતુ પછીથી નદીએ વહેણ બદલ્યું અને પદ્મારૂપે બીજો પ્રવાહ થયો. તેમ જ અત્યારનું "ટોલીનું નાળું" ગંગાના પ્રાચીન માર્ગનું સૂચક છે અને એ જ આદિ ગંગા તરીકે ઓળખાય છે. કવિ કંકણ પોતાના ગ્રંથના નાયક સફરી વૈશ્યને આ જ માર્ગે સિંહલદ્વીપની મુસાફરી કરાવે છે. પૂર્વે ત્રિવેણી સુધી ગંગામાં મોટાં મોટાં જહાજો ફરી શકતાં; સપ્તગ્રામ નામનું પુરાણું બંદર સરસ્વતી નદી ઉપર ત્રિવેણીઘાટથી થોડે દૂર હતું. પ્રાચીન કાળથી સપ્તગ્રામ બંગાળના પરદેશ સાથેના વ્યાપારનું મુખ્ય બંદર હતું. ધીરે ધીરે સરસ્વતીનું મુખ કાદવથી પુરાતું ગયું. ઈ. સ. ૧૫૩૭માં તે એટલું બધું પુરાઈ ગયું કે પોર્ટુગીઝ વસાહતીઓને પોતાનાં વહાણો લાવવા માટે ગંગામાં દૂર બીજું સ્થળ શોધવું પડયું. આ સ્થળ પાછળથી હુગલી નામે પ્રસિદ્ધ શહેર બન્યું. સોળમી સદીની શરૂઆતથી ભારતીય તેમ જ પરદેશી વ્યાપારીઓ ગંગા કાદવથી પુરાઈ જવાને કારણે બહુ ચિંતાતુર રહેતા. પણ તેથી શું? નદીનું તળ કાદવથી પુરાઈ જવાની બાબતમાં માનવીની યાંત્રિક બુદ્ધિ આજ દિવસ સુધી કશી પણ અસરકારક નીવડી નથી. ઈ. સ. ૧૬૬૬માં એક ફ્રેંચ પાદરી લખે છે કે સૂતી નજીક ગંગા તે વખતે તદ્દન પુરાઈ ગઈ હતી. "બ્લૅક હૉલ"ની પ્રસિદ્ધિ પામેલા હોલવેલ સાહેબને શાંતિપુર પાસે નદીના છીછરાપણાને લીધે મુર્શિદાબાદ જતાં નાનકડી હોડીનો આશરો લેવો પડયો હતો. ઈ. સ. ૧૭૯૭માં કૅપ્ટન કોલબ્રૂક લખે છે કે ભાગીરથી અને જલાંગીમાં* ઉનાળામાં હોડીઓ ચાલી શકતી નથી. ૧૮૨૨થી ૧૮૮૪નાં વરસોના ઉનાળામાં વહાણ-વ્યવહાર માટે ભાગીરથી બંધ રહેતી. આમાંનાં ચોવીસ વર્ષ તો પાણીનું ઊંડાણ બે કે ત્રણ ફટ જ હતું. સત્તરમી સદીમાં હુગલીથી એક માઈલ હેઠળવાસ ડચ લોકોએ ચિન્સુરામાં વ્યાપારી વસાહત

*જલાંગી નદી નવદ્વીપથી થોડે દૂર ભાગીરથીને મળે છે; આ સંગમથી આગળ ભાગીરથીનું નામ હુગલી પડયું છે.



ઊભી કરી. તેમની પાછળથી આવેલ ફ્રેંચોએ નદીથી ઠીકઠીક દૂર ચંદ્રનગરમાં પોતાની વસાહત સ્થાપી. ૧૭૨૩માં નદીની બીજી બાજુ, ચંદ્રનગરથી પાંચ માઈલ દૂર જર્મન ઑસ્ટૅન્ડ કંપનીએ બાંકીપુરમાં ગોડાઉન શરૂ કર્યું. ૧૬૧૬માં ચંદ્રનગરથી આઠ માઈલ આગળ ડેન લોકોએ સીરામપુરમાં ગોડાઉન નાખ્યું; અને અંગ્રેજોએ નદીના પ્રવાહમાં વિશેષ નીચેના ભાગમાં કલકત્તા શહેર વસાવ્યું. ઉપરનાં કોઈ સ્થળોએ અત્યારે વહાણો જઈ શકતાં નથી, માત્ર કલકત્તાનું બારું ખુલ્લું છે; પરંતુ તેના ભવિષ્ય માટે પણ સૌને ચિંતા રહે છે.

છતાં ઉનાળામાં પણ શાંતિપુર સુધી ગંગામાં આટલું પાણી કેમ રહે છે તેનું એક વિચિત્ર કારણ છે. જ્યારે સપાટી ઉપરનો પાણીનો પ્રવાહ બંધ થાય છે ત્યારે ભૂગર્ભમાં રહેલાં પાણીનો મોટો જથ્થો માર્ગ કરી નદીમાં બહાર આવે છે. ગંગાનું તળ હજુ પણ બન્ને બાજુની જમીનથી નીચું છે. જો નવી માટી આવતાં ધીમે ધીમે નદીનું તળ ઊંચે આવે તો તકલીફ ઊભી થાય ખરી. વળી એક બીજો ભય હોવાનું પણ બોલાય છે. કલકત્તા પાસે પણ ધરતીકંપ કે બીજાં કારણોથી કેટલીક વાર નદી એટલી સુકાઈ જતી કે માણસ સહેલાઈથી આરપાર ચાલતો જાય. એમ કહેવાય છે કે ૧૭૭૦માં આવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. બીજી પણ એક હકીકત જાણવા મળી છે કે ગુરુવાર તારીખ ૯મી ઑક્ટોબર, ૧૭૩૪ના રોજ બપોરના ઓટના સમયે નદી તદ્દન સુકાઈ ગયેલી. જો થોડું મોડું થયું હોત, ને દિવસના આ અશુભ અંત ભાગમાં એ બન્યું હોત તો શું પરિણામ આવત તે તમારી કલ્પના પર છોડું છું! પછી કદાચ નદી પોતાના અસલ વહેણમાં પાછી ન પણ આવી હોત.

આટલું હુગલીના ઉપરના ભાગ વિષે. હવે કલકત્તાથી નીચેના ભાગનો વિચાર લઈએ. આ ભાગમાં જેમ્સ અને મેરીના ભાઠા પાસે મોટાં ભયસ્થાનો છે. અગાઉ દામોદર નદી અને ગંગાનો સંગમ કલકત્તાથી ત્રીસ માઈલ ઉપરના ભાગમાં થતો હતો, પણ હવે કાળનાં વિચિત્ર પરિવર્તનોને કારણે સંગમ નીચાણ તરફ દક્ષિણે લગભગ એકત્રીસ માઈલ દૂર થાય છે. આ સ્થળેથી છએક માઈલ નીચે રૂપનારાયણનાં પાણી ગંગામાં પડે છે. ભલે એ બંને નદીઓનાં પાણી ગંગામાં ધસમસતાં આવે! પરંતુ કાદવનો આટલો મોટો જથ્થો કેવી રીતે નીકળશે? આને લીધે નદીના તળમાં રેતીના મોટા ઢગ

જામે છે. આ ઢગલો ક્યારેક એક સ્થળે, ક્યારેક બીજે સ્થળે જામે છે; કોઈ વાર તે જરા કઠણ તો કોઈ વાર પોચા હોય છે; અને આ ભય તો પાર વિનાનો છે. દિવસ અને રાત નદીના ઊંડાણનું માપ કઢાય છે; અને થોડા દિવસ પણ બેદરકારીથી તેમ કરવામાં ભૂલ થાય તો વહાણોનું આવી જ બને! જહાજ તેની સાથે અથડાતાં જ કાં તો તે ઊંધું વળી જાય અગર તેમાં સીધું ઊતરી જાય! મોટાં ત્રણ ત્રણ સઢવાળાં જહાજો પણ તેની સાથે અથડાયા પછી અડધા કલાકમાં આખેઆખાં અદૃશ્ય થઈ ગયાના કિસ્સાઓ નોંધાયા છે; માત્ર તેના કૂવાસ્થંભની ટોચ જ દેખાય! આ રેતીના ઢગો દામોદર* અને રૂપનારાયણનાં ખરેખર મુખ જ કહી શકાય. દામોદર હવે સંતાલોનાં ગામડાં ગળીને સંતોષાતો નથી; ચટણી જેવી જુદી વાનગી તરીકે એ વહાણો અને સ્ટીમરો વગેરેને પણ ગળી જાય છે. ૧૮૭૭માં કલકત્તાથી ૧૪૪૪ ટન ઘઉં ભરેલું કાઉન્ટી ઑફ સ્ટર્લિંગ નામનું જહાજ આવા એક ભયંકર રેતીના ઢગ સાથે અથડાયું, અને માત્ર આઠ જ મિનિટમાં તેનું નામ-નિશાન પણ ન રહ્યું! ૧૮૭૪માં ૨,૪૦૦ ટનનો માલ ભરીને જતી સ્ટીમરની પણ માત્ર બે જ મિનિટમાં આવી જ દશા થઈ. હે ગંગામૈયા! તારા મુખને પ્રણામ હો! અમે સહીસલામત નીકળી જવા માટે તને પ્રણામ કરીએ છીએ. ભાઈ તુરિયાનંદ કહે છે કે, "માની કૃપા માટે તેને નૈવેદ્ય ધરાવવું જોઈએ." મેં જવાબ આપ્યો: "બરાબર છે, ભાઈ! પણ રોજ નહિ અને માત્ર એક દિવસ જ શા માટે?" બીજે દિવસે વળી ભાઈ તુરિયાનંદ એ વિષય ઉપર આવ્યા, પણ હું ચૂપ રહ્યો. ત્રીજે દિવસે, ભોજન વખતે, ભાઈને મેં પૂછ્યું: "નૈવેદ્ય ધરાવવાનું ક્યાં સુધી પહોંચ્યું છે?" ભાઈ જરા મૂંઝાયા પણ તુરત કહે: "આ તે કેવી વાત કરો છો? નૈવેદ્ય તો તમે જ ખાઓ છો!" પછી મહામહેનતે મારે તેમને આ આખી વાત સમજાવવી પડી. "ગંગાથી ઘણે દૂરના એક ગામડામાં કલકત્તાનો એક યુવાન તેને સાસરે ગયો. તે વખતે જમવાના સમયે તેણે ત્યાં ઢોલ વગેરે લઈને રાહ જોતાં ઘણાં માણસો જોયાં; વળી જમવા બેસતાં પહેલાં તેની સાસુએ થોડું દૂધ

*દામોદર-રૂપનારાયણ શબ્દમાં સુંદર શ્લેષ છે. તેનો અર્થ બે નદીઓનાં નામ થાય છે એટલું જ નહીં, પણ એવો પણ થઈ શકે કે દામોદરરૂપી નારાયણ એટલે કે સર્વ વસ્તુઓનો ગ્રાસ કરી જનાર.



પીવાનો આગ્રહ કર્યો. જમાઈએ વિચાર્યું કે આ કોઈ સ્થાનિક રિવાજ હશે, માટે તેનું પાલન કરવામાં સાર છે. પણ જેવું તેણે દૂધ પીધું કે ચારે કોર ઢોલ વાગવા લાગ્યા અને સાસુ હર્ષાશ્રુ સાથે તેના માથે હાથ મૂકી આશીર્વાદ આપી કહેવા લાગી: 'મારા પુત્ર! આજે પુત્ર તરીકે ત ખરેખર તારું કર્તવ્ય બજાવ્યું છે. જો, તારા પેટમાં ગંગાનું પાણી છે અને દૂધમાં તારા સ્વર્ગસ્થ સસરાના અસ્થિનો ભૂકો છે. તેથી તારા આ કાર્યથી તેમનાં અસ્થિ ગંગામાં પહોંચી ગયાં ને તેમના આત્માને તેનું પુણ્ય મળ્યું!' હું પણ કલકત્તાનો રહીશ છું; અને જહાજ ઉપર નૈવેદ્ય પુષ્કળ ખવાય છે, તેથી જેટલો વખત તે ખવાય છે તેટલો વખત ગંગામૈયાને ભોગ ધરવામાં આવે છે! માટે તમારે તે વિષે જરાય ચિંતાતુર ન થવું. "ભાઈ તુરિયાનંદ એવા ગંભીર પ્રકૃતિના છે કે આ ભાષણે તેના ઉપર શી અસર કરી તે સમજવું મુશ્કેલ હતું.

જહાજ કેવી અદ્‌ભુત વસ્તુ છે! જે સમુદ્ર તરફ કિનારેથી જોતાં ભય ઊપજે છે, જેના ઉદરમાં આકાશ મળી જતું દેખાય છે, જેની અંદરથી સૂર્ય ધીમે ધીમે ઉપર આવે છે અને જેમાં ફરીથી ડૂબી જાય છે, જેની કોપદૃષ્ટિથી હૈયું થરથર કંપે છે, તેવો આ સમુદ્ર જહાજનો રાજમાર્ગ બને છે! એ માર્ગ સૌથી વધારે સસ્તો પણ છે. જહાજની શોધ કોણે કરી હશે? કોઈ એક વ્યક્તિનું નામ આપી નહિ શકાય. જે જે બધાં યંત્રો માનવીને આજે અતિ અગત્યનાં થઈ પડયાં છે અને જેના વિના એક પળ પણ તેને ચાલતું નથી તથા જેમાં સુધારાવધારા કરવાથી બીજાં બધાં યંત્રોની ઉત્પત્તિ થઈ છે, તે બધાં યંત્રોની પેઠે જહાજ પણ બધાએ મળીને જ બનાવ્યું છે. દાખલા તરીકે પૈડાનો વિચાર કરો; એ કેટલાં બધાં અગત્યનાં છે! કિચૂડ કિચૂડ કરતાં બળદગાડાંથી માંડીને જગન્નાથના રથ સુધી અને રેંટિયાથી માંડીને મિલોનાં મોટાં મોટાં યંત્રો સુધી દરેક જગ્યાએ પૈડા સિવાય ચાલી શકતું નથી. આ પૈડું, આ ચક્ર કોણે શોધ્યું? કોઈ અમુક જ માણસે નહીં; પણ બધાએ મળીને તે શોધ્યું છે. પ્રાથમિક દશાના માનવીએ કુહાડીથી લાકડાં કાપીને મોટાં મોટાં થડને ઢાળમાં રેડવ્યાં; ધીરે ધીરે આ ગોળ ઢીમચાં આરા વિનાના પૈડાના રૂપમાં ઘડવામાં આવ્યાં, અને પછીથી ધીરે ધીરે આધુનિક પૈડાની ધરી અને આરાની શરૂઆત

થઈ. પણ આટલે સુધી પહોંચતાં કેટલાં લાખ વરસો વીત્યાં તે કોણ જાણે છે? પણ ભારતમાં વિકાસની પરંપરાના તમામ તબક્કાઓ સાચવી રાખવામાં આવ્યા છે. એ તબક્કાઓને ગમે તે રીતે સુધારવામાં કે બદલવામાં આવે તોપણ ઉત્ક્રાંતિક્રમમાં ઠેઠ નીચેના પગથિયાથી ઊંચે ચઢનારા માણસો ક્યાંક ને ક્યાંક તો જોવા મળે જ છે, અને આમ બધાં પગથિયાં સચવાઈ રહ્યાં છે. સૌ પહેલાં એક વાંસના ટુકડાને તાર બાંધીને વાજિંત્ર બનાવવામાં આવ્યું; ધીમે ધીમે ઘોડાના વાળવાળી કામઠીથી તેને વગાડવામાં આવ્યું, અને આમ પહેલું વાયોલિન બન્યું. પછી તેમાં ઘણા સુધારાવધારા થયા; જુદી જુદી જાતની દોરીઓ કે તાંત આવી, અને કામઠીએ પણ જુદાં જુદાં નામ અને રૂપ ધારણ કર્યાં. છેવટે એ સતાર અને સારંગી બન્યાં. પણ આમ છતાં હજુ રાવણહથ્થાવાળો વાઘરી ઘોડાના વાળની કામઠી રાખી લોકગીતો લલકારતો અને ભીખ માગતો ફરતો અદૃશ્ય થયો નથી. મધ્યપ્રદેશમાં જાઓ તો આજે પણ તમે ત્યાં રસ્તા ઉપર આરા વિનાનાં પૈડાંઓ ફરતાં જોશો. બેશક, એમાં ત્યાંના લોકોની જાડી બુદ્ધિનું જ પ્રદર્શન થાય છે—આ રબ્બર ટાયરવાળાં પૈડાંના યુગમાં તો ખાસ!

ઘણા પ્રાચીન કાળમાં એટલે કે સત્યયુગમાં સામાન્ય માણસો એટલા બધા સત્યનિષ્ઠ હતા કે બહાર જુદું અને અંદર જુદું દેખાય એ બીકથી તેઓ કપડાં સુધ્ધાં પહેરતા ન હતા; સ્વાર્થીપણું વળગે નહિ તેથી પરણતા નહિ; અને મારાતારાના બધા ભેદભાવો દૂર રાખી, જાણે કે તેની કોઈ કિંમત ન હોય તેવી રીતે, બીજાની મિલકતને ડંડા અને પથ્થર વડે પોતાની બનાવતા. તે સત્યયુગમાં જળયાત્રા કરવા માટે તેઓ ઝાડનાં થડના ગર્ભભાગને બાળીને હોડકું અથવા બેચાર થડ એકીસાથે બાંધીને તરાપો તૈયાર કરતા. ઓરિસ્સાથી કોલંબો સુધીના સાગરકિનારે શું ત્રણ લાકડાંનો બાંધેલો તરાપો જોયો નથી? વળી સાગરમાં કેટલે દૂર સુધી એ તરાપા જઈ શકે છે એ પણ તમે જોયું જ હશે. અહીં તમે જહાજ બાંધવાનું પ્રથમ પગથિયું જોઈ શકશો.

પેલી બંગાળની હોડી, કે જેમાં મુસાફરી કરતી વખતે દરિયાના પાંચ પીરને યાદ કરવા પડે છે; ચિત્તાગોંગના બગલા (મોટી હોડી) કે જેના ખલાસીઓ જરાક પવન ફૂંકાય તો ઈશ્વરનું નામ લેવાની સલાહ આપે છે; ઉત્તર ભારતના "ભડ" (મોટું વહાણ) કે જેના ઉપર જાતજાતનાં



ચિત્રો દોરેલાં હોય છે અને પિત્તળની આંખો હોય છે તથા જેના ઉપર ઊભા ઊભા ખારવાઓ હલેસાં મારતા હોય છે; પેલા શ્રીમંત વેપારીની નૌકા એટલે કે ગંગાસાગરમાં વપરાતી હોડી—ઉપર સુંદર છત્રી, નીચે વાંસનું તળિયું, અંદર રાખેલાં ગંગાજળનાં માટલાંઓ; જેના દ્વારા શ્રીમંત વેપારીએ બંગાળનો ઉપસાગર પાર કર્યો અને લગભગ ડૂબી જવાની તૈયારીમાં હતો, તે પેલી 'પાનસી' નૌકા કે જેમાં બેસીને કર્મચારીઓ ઑફિસમાં જાય છે, અને તે નાના કદની હોડી કે જેના સુકાની બાલીના ખારવાઓ, બાલીના મજબૂત માણસો હોય છે અને એવા હોશિયાર કે દૂરથી વાદળાં જોતાં જ બી મરે,—જોકે હવે જોનપુરી યુવાનો તેનો કબજો લે છે; માલની હેરફેર માટે મોટાં વહાણાં કે જેને સીધાં ચાલતાં આવડે જ નહિ; અને પછીની "હુડી" એટલે ત્રણ કૂવાથંભ (mast) વાળી હોડી કે જેમાં લંકા, માલદ્વીપ કે અરબસ્તાનથી નાળિયેર, ખજૂર અને સૂકી માછલીઓ લાવવામાં આવે છે, વગેરે વગેરે. આ બધાં જહાજની નીચલી કોટિની શાખા-પ્રશાખાઓ છે.

સઢથી વહાણની ગતિ આપવી તે એક અદ્ભુત શોધ છે. પવન ભલે ગમે તે દિશામાંથી ફૂંકાતો હોય છતાં પણ સઢની ચાલાકીભરી ફેરવણીથી વહાણ પોતાને નિયત સ્થળે પહોંચી જાય છે. જ્યારે પવન સામો હોય ત્યારે તેને વધારે સમય લાગે છે. સઢવાળું જહાજ દેખાય છે કેવું સુંદર! દૂરથી તો જાણે અનેક પાંખોવાળું એક પક્ષી આકાશમાંથી ઊતરતું હોય તેવું લાગે છે. સઢો વહાણને એકદમ સીધું ચાલવા દેતા નથી; પવન જરા પણ પ્રતિકૂળ હોય તો તેને વાંકોચૂકો માર્ગ લેવો પડે છે, પણ જ્યારે પવન સાવ પડી જાય છે ત્યારે મુશ્કેલી ઊભી થાય છે; વહાણને સઢ ઉતારીને ઊભું રહેવું પડે છે. વિષુવવૃત્ત રેખાની નજીકના દેશોમાં આજે પણ વારંવાર આવું બને છે. હવે સઢથી ચાલતાં વહાણોમાં પણ લાકડું થોડું હોય છે; મોટે ભાગે તે પણ લોઢાનાં બનાવેલાં હોય છે. આગબોટ કરતાં સઢવાળા વહાણોના કપ્તાન કે ખલાસી થવું બહુ મુશ્કેલ છે. અનુભવ વિના સઢવાળાં વહાણોનો કોઈ સારો કપ્તાન બની ન શકે. દરેક પગલે પવનની ગતિ જાણવી અને દૂરથી આવતાં ભયસ્થાનો પ્રત્યે જાગ્રત રહેવું, આ બે ગુણો આગબોટ કરતાં સઢવાળાં વહાણ માટે અત્યંત આવશ્યક છે. આગબોટ તો થોડે ઘણે અંશે માનવીના

કાબૂ હેઠળ છે; ઍંજિનો ક્ષણમાત્રમાં બંધ કરી શકાય છે; થોડા સમયમાં તેને આગળપાછળ કે આજુબાજુ મરજી મુજબ ફેરવી શકાય છે. પણ સઢવાળું વહાણ પવનની દયા ઉપર નભે છે. સઢો ઉતારી લેવાય કે હલેસાં ફેરવી શકાય તેટલા સમયમાં તો વહાણ કિનારે અથડાય કે પાણી નીચેના ખડક ઉપર ચઢી જાય કે બીજાં જહાજ સાથે ટક્કર ખાય! હવે તો સઢવાળાં વહાણો મજૂરો સિવાયના અન્ય મુસાફરો લેતા નથી. મોટે ભાગે તેઓ માલ, અને તે પણ મીઠા જેવો સસ્તો માલ લઈ જાય છે. નાનાં સઢવાળાં વહાણો કિનારાનો વેપાર કરે છે. સઢવાળાં વહાણો સુએઝની નહેરમાંથી સહીસલામત ખેંચી જનાર સુકાની અને આગબોટના ભાડાના કે જકાતના હજાર હજાર રૂપિયા ખર્ચી શકે નહિ; તેથી આ વહાણો આફ્રિકાને ફરતો આંટો મારીને છ માસે ઇંગ્લંડ પહોંચે છે. .

સઢવાળાં જહાજોના આ બધા ગેરફાયદાને કારણે ભૂતકાળમાં નૌકાયુદ્ધ ઘણું જ જોખમભરેલું હતું. પવનની દિશાનો કે સાગરના પ્રવાહનો સહજ ફેરફાર યુદ્ધનું ભાવિ નક્કી કરી દેતાં. વળી આ વહાણો લાકડાનાં હોવાથી લડાઈ વખતે અવારનવાર સળગી ઊઠતાં અને આગ બુઝાવવાનું કામ ઊભું થતું. આ જહાજોની બાંધણી પણ જુદા પ્રકારની હતી; એક છેડો સપાટ અને ખૂબ ઊંચો, પાંચછ માળવાળો રહેતો. આ છેડાના ઉપલે માળે એક લાકડાની બહાર કાઢેલી ઓસરી રહેતી જેમાં વચ્ચે કપ્તાનનો ઓરડો અને ઑફિસ રહેતાં, અને બંને બાજુએ અધિકારીઓની કેબિનો રહેતી. તે પછી એક વિશાળ ખુલ્લી અગાસી, એને સામે છેડે થોડીએક કેબિનો હોય; નીચેના માળ પણ એક પછી એક એવી જ જાતના રહેતા. સહુથી નીચેના માળે ખારવાનાં સૂવાનાં તથા જમવાનાં ભંડકિયાં રહેતાં. દરેક માળની બંને બાજુએ તોપો ગોઠવાતી. આ તોપોનાં મોં વહાણની દીવાલોનાં કાણાંમાંથી બહાર નીકળતાં દેખાતાં, અને બંને બાજુએ ગોળાના ઢગલાઓ પડયા રહેતા. (અને યુદ્ધસમયે દારૂની થેલીઓ રહેતી.) તે સમયની આ બધી મનવારોના દરેક માળનાં છાપરાં બહુ નીચાં હતાં, અને ચાલતી વખતે માણસે સંભાળથી માથું નીચું નમાવીને ચાલવું પડતું. તે જમાનામાં નૌકાયુદ્ધ માટે ખલાસીઓ મેળવવા ઘણું મુશ્કેલ કામ રહેતું. સરકારનો એવો કાયમી હુકમ હતો કે જ્યાંથી મળે ત્યાંથી, બળજબરીથી કે ચાલાકીથી, માણસોને રોકી લેવા; માતા પાસેથી



પુત્રો અને પત્નીઓ પાસેથી પતિઓને છીનવી લેવાતા. એક વખત તેમને વહાણમાં ચઢાવ્યા પછી (કદાચ બિચારાઓએ પોતાની જિંદગીમાં કદીય વહાણ પર પગ પણ દીધો નહિ હોય!) તેમને સીધો કૂવાથંભ ઉપર ચઢવા હુકમ થતો! અને જો ઉપર ચઢવાની બીકથી તેઓ હુકમનો અનાદર કરે તો તેમને ફટકા મારવામાં આવતા. આવી કસોટીમાં કેટલાક મરી પણ જતા. જુદા જુદા દેશો સાથે વેપાર કરવાથી, ત્યાં લૂંટફાટ ચલાવવાથી કે તેને જીતી લેવાથી જેમને ફાયદો થતો હોય તેવા પૈસાદાર અને લાગવગવાળા લોકો આવા કાયદાઓ બનાવતા, જ્યારે બિચારા ગરીબ માણસોને તો પોતાનું લોહી રેડવાનું તથા જીવનનું બલિદાન આપવાનું રહેતું! દુનિયાના ઇતિહાસમાં સઘળે આવો જ નિયમ હંમેશાં પ્રવર્તતો જોવામાં આવે છે. હવે તે કાયદાઓ અમલમાં નથી, અને ખેડૂતો કે ગરીબ માણસોના મનમાં આવી ભરતી કરનાર ટોળીનું નામ થથરાટ ઉપજાવતું નથી. હવે તે નોકરી સ્વેચ્છાથી કરી શકાય છે. જોકે ગુનેગારોને કેદમાં નાખવાને બદલે કેટલાક યુવાન ગુનેગારોને મનવારમાં ખલાસીઓ તરીકે કેળવવામાં આવે છે.

વરાળશક્તિએ આ બધામાં ક્રાન્તિ આણી છે, અને સઢો તો હવે માત્ર 'ણોમાં વધારાની શોભાની વસ્તુઓ રહી છે. આ બધાં હવે પવનની ગતિ 'હુ થોડો આધાર રાખે છે; વળી તોફાનો વગેરેનો ભય પણ ઘણો ઓછો હોય છે. આગબોટોએ હવે એટલી જ સંભાળ રાખવી પડે છે કે તે પાણી નીચે છુપાયેલા ખડકો સાથે અથડાય નહિ. વળી આજની મનવારો તો ભૂતકાળની મનવારો કરતાં ઘણી જ જુદી જાતની છે. પ્રથમ તો તેઓ વહાણો જેવી જરા પણ લાગતી નથી, પણ નાના મોટા કદના લોઢાના તરતા કિલ્લા જેવી લાગે છે. તોપોની સંખ્યા પણ ઘણી ઓછી કરવામાં આવી છે; પણ આધુનિક યાંત્રિક તોપોના મુકાબલે ભૂતકાળની તોપો બાળકનાં રમકડાં જેવી હતી! આ મનવારો વળી ઝડપી પણ કેટલી હોય છે! આ જાતમાં સૌથી નાની ટૉર્પિડો બોટ છે; તેનાથી થોડી મોટી તે શત્રુઓના વ્યાપારી જહાજોને પકડવા માટે હોય છે, અને સૌથી મોટી રીતસરના નૌકાયુદ્ધ માટેનાં ભારે મોટાં સાધનો હોય છે.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના આંતરવિગ્રહને સમયે યુનિયનિસ્ટ પક્ષવાદીઓએ લાકડાનાં જહાજોને બચાવવા માટે તેની બહારની દીવાલે

કેટલાક લોઢાના કઠોડા ગોઠવ્યા હતા; દુશ્મનોની તોપના ગોળાઓ તેની સાથે અથડાતા અને જહાજને કંઈ પણ નુકસાન કર્યા વગર નિષ્ફળ જતા. આ પછી એક નિયમ તરીકે જહાજની બહારની બાજુઓ લોઢાથી જડી લેવાનું શરૂ થયું, જેથી શત્રુઓના તોપના ગોળાઓ તેનાં લાકડાંને ભેદી શકે નહિ. જહાજની તોપો પણ સુધરવા માંડી. તોપો વધુ ને વધુ મોટી બનાવવામાં આવી, તથા તેમને ફેરવવાનું, ભરવાનું અને ફોડવાનું કામ મનુષ્યને બદલે યંત્રથી કરવાનું યોજવામાં આવ્યું. પાંચસો માણસો જે તોપને એક તસુયે ફેરવી ન શકે તે એક નાનું બાળક પણ ચાંપ દાબતાંની સાથે જ એક ક્ષણમાં, ઊભી કે આડી ફેરવી શકે, ભરી શકે અને ફોડી શકે છે. જેમ જેમ જહાજની લોઢાની દીવાલો જાડાઈમાં વધવા માંડી, તેમ તેમ તોપો પણ વજની તાકાતવાળી બનાવવામાં આવી. આજે યુદ્ધજહાજ લોઢાની દીવાલોવાળો એક કિલ્લો છે, અને તોપો જાણે સ્વયં કાળ હોય તેવી બની છે. એક જ ધડાકો મોટામાં મોટા જહાજના ચૂરેચૂરા કરી નાખે છે. પણ આ ‘લોઢાનું ઘર’ જે સ્વપ્નમાં પણ કલ્પી શકાય નહિ અને જે પર્વત સમાન ઊંચાં દરિયાનાં મોજાં ઉપર નાચતું ફરે છે, તે પણ ટૉર્પિડોની બીકથી વ્યાકુળ બને છે. ટૉર્પિડો સિગારેટ જેવા આકારની નળી છે. અને જે કોઈ વસ્તુ તરફ તેને ફોડવામાં આવે છે તે તરફ માછલીની પેઠે પાણીની નીચે તે ઊપડે છે અને તે નિશાન સાથે અથડાતાં જ ભયંકર અવાજ સાથે તે ફૂટે છે અને જે જહાજની નીચે આ ધડાકો થાય છે તે ટૉર્પિડોમાં રહેલા સ્ફોટક પદાર્થોને કારણે તેની મૂળ સ્થિતિમાં આવી જાય છે – એટલે કે લોઢાના અને લાકડાના કકડા થઈ જાય છે તથા બાકીનો ભાગ ધુમાડો અને અગ્નિમાં પરિણમે છે! અને ટૉર્પિડોના આ ભડાકામાં સપડાયેલ માણસોનું તો કોઈ નામ-નિશાન મળતું નથી! જે થોડુંઘણું બચે છે તે માત્ર માંસના ઝીણા ઝીણા ટુકડાઓ જ હોય છે. આ ટૉર્પિડોની શોધ પછી નૌકાયુદ્ધ લાંબો કાળ ટકતું નથી. એક કે બે લડાઈઓ પછી કાં તો મોટી જીત કે સદંતર પરાજયમાં પરિણામ આવી જાય છે. અગાઉ લોકો ધારતા કે આવા જહાજોની લડાઈના પરિણામે બંને પક્ષના કોઈ પણ જીવતા રહેશે નહિ, બધું મળીને ખાખ થઈ જશે; પરંતુ એવું કંઈ બન્યું નથી.



જમીન પરની લડાઈમાં બંને પક્ષની સેના તરફથી જે ગોળા-- વર્ષાવવામાં આવે છે, તેના થોડા ટકા પણ જો લક્ષ બરાબર તકાય તો બંને પક્ષનાં લશ્કરો બે મિનિટમાં જ ખતમ થઈ જાય; તેમ જ જો યુદ્ધ-નૌકામાંથી યુદ્ધ વખતે જે પાંચસો ગોળા સામસામે છોડવામાં આવે છે તેમાંનો એક પણ નિશાનને લાગે, તો બંને જહાજોનાં નામનિશાન રહે નહિ! પણ આશ્ચર્યની વાત એ છે કે જેમ બંદૂકોની અને રાયફલોની જાતમાં સુધારો થતો જાય છે અને રાયફલો વજનમાં હલકી અને તેમની નળીનો ઘેરાવો સૂક્ષ્મ થતો જાય છે, તેમ તેની દૂર દૂર નિશાન તાકવાની શક્તિ વધતી જાય છે. જેમ જેમ તેને ભરવાનાં યંત્રો વધારે થતાં જાય છે અને ફોડવાની ગતિ વિશેષ ઝડપી બને છે તેમ તેમ જાણે કે તેઓ વધારે અને વધારે નિશાન ચૂકે છે! અતિશય લાંબી નળીવાળી બંદૂકો જેને ફોડતી વખતે લાકડાની બે પગવાળી ઘોડી ઉપર રાખવી પડે છે અને રીતસર જામગરી ચાંપી સળગાવવી પડે છે, તેવી બંદૂકોથી સજ્જ થયેલા બારખજાઈ અને આફ્રિદીઓ અચૂક નેમથી નિશાન વીંધે છે, જ્યારે અત્યારની પદ્ધતિએ તાલીમ પામેલો સૈનિક આજની ઘણી ગૂંચવણભરેલી યાંત્રિક બંદૂકોથી એક મિનિટની દોઢસો ગોળીઓ છોડે છે, પણ પરિણામમાં તો માત્ર વાતાવરણમાં ગરમી જ ઉત્પન્ન કરે છે! યંત્રો થોડા પ્રમાણમાં હોય તો સારું; પણ વધારે પ્રમાણમાં હોય તો માણસની સ્વયંવિચારણાનો નાશ કરે છે અને તેને માત્ર જડ યંત્ર બનાવી દે છે. દિવસ પછી દિવસ, રાત પછી રાત, વર્ષ પછી વર્ષ, મિલોમાં માણસો એક જ જાતનું એકધારું કામ કર્યે જાય છે, માણસની એકેક ટુકડી એકેકું ખાસ કામ કરે છે – જેવી કે ટાંકણીનાં માથાં ઘડવાનું અથવા દોરાના છેડા મેળવવાનું અથવા સાળની સાથે આગળ અને પાછળ ફરવાનું – અને આમ આખી જિંદગી સુધી એક જ ક્રિયા કરવાની હોય છે. પરિણામ એ આવે છે કે આવા ખાસ કામની નોકરી જો તે ગુમાવે તો તેને તે મોત સમાન બને છે, નિર્વાહનું તેને બીજું સાધન મળતું નથી અને ભૂખે મરે છે. યંત્રની માફક રોજ એનું એ કામ કરવાથી માણસ જડ બની જાય છે. તે જ કારણે આખું જીવન જો કોઈ શિક્ષક કે કારકુનનું કામ કરે છે તો તેનું જીવન પણ જડ બની જાય છે.

વ્યાપારી અને મુસાફરો માટેનાં જહાજોની બાંધણી જુદા પ્રકારની હોય છે. જોકે કેટલાંક વ્યાપારી જહાજો એવી રીતે બાંધવામાં આવે છે કે લડાઈના સમયમાં એમાં થોડો ફેરફાર કરીને બેચાર તોપો ગોઠવી શકાય; આવાં જહાજો શસ્ત્રહીન વ્યાપારી જહાજોનો પીછો પકડી શકે, જેને માટે તેમને લાગતીવળગતી સરકારો પાસેથી મહેનતાણું પણ મળે. તોપણ સામાન્ય રીતે તેઓ યુદ્ધનાં જહાજો કરતાં ઘણાં જુદાં જ હોય છે. હવે તો આ જહાજો મોટે ભાગે આગબોટો હોય છે; તે એટલાં મોટાં ને એટલાં ખર્ચાળ બને છે કે કંપનીઓ સિવાય કોઈ એક વ્યક્તિની માલિકીનાં તે બની શકતાં નથી. ભારતીય અને યુરોપીય વ્યાપારની હેરફેર કરનાર કંપનીઓમાં પી. ઍન્ડ. ઓ. કંપની જ સૌથી જૂની અને ધનિક છે; પછીના ક્રમમાં આવે છે બી. આઈ. એસ. એન. કંપની; અને તેવી બીજી ઘણી કંપનીઓ છે. અનેક દેશોની કંપનીઓમાં ધી મેસાજારી મેરીટાઈમ્સ (ફ્રેંચ), ધી ઑસ્ટ્રિયન લૉઈડ, ધી જર્મન લૉઈડ અને ધી રુબાટીનો કંપની (ઇટાલિયન) ઘણી પ્રસિદ્ધ છે. આ બધામાં પી. ઍન્ડ ઓ. કંપનીનાં મુસાફરી જહાજોને સામાન્ય રીતે સૌથી વધુ સહીસલામત અને ઝડપી માનવામાં આવે છે, જ્યારે મેસાજારી મેરીટાઈમ્સમાં ખાવાપીવાની વ્યવસ્થા ઉત્તમ હોય છે.

અમે આ વખતે જ્યારે યુરોપના પ્રવાસે ઊપડયા ત્યારે ઉપરની છેલ્લી બે કંપનીઓએ દેશી મુસાફરોને પ્લેગના ચેપની બીકે ટિકિટ આપવી બંધ કરી હતી; ભારત સરકારનો એવો કાયદો છે કે ભારતનો કોઈ “વતની” પરદેશ-ગમનની પરવાનગી આપનારી ઑફિસના પ્રમાણપત્ર સિવાય પરદેશ જઈ શકે નહિ. આનો હેતુ એવી ખાતરી કરવાનો છે કે કોઈ વ્યક્તિને કોઈ પરદેશમાં ગુલામ તરીકે વેચવા કે મજૂર તરીકે દાખલ કરવા લલચાવીને લઈ જતું નથી, પણ તે વ્યક્તિ પોતાની સ્વેચ્છાથી જાય છે. ઉતારુઓને જહાજમાં ચડવા દેવામાં આવે તે પહેલાં આ લેખિત દસ્તાવેજ રજૂ કરવો પડે છે. ભારતીય સજ્જનોને માટે પરદેશમાં જવા માટે આ કાયદો ઘણા વખત સુધી અમલમાં નહોતો; પણ હવે પ્લેગના રોગને કારણે તેને અમલમાં મૂકવામાં આવ્યો છે જેથી દરેક “દેશી”, જે પરદેશ જાય, તેના વિષે સરકારને માહિતી રહે છે. આપણા દેશમાં આપણે કેટલાક લોકો ઉચ્ચ વર્ણના અને કેટલાક હલકા વર્ણના એવું સાંભળીએ છીએ; પણ સરકારની દૃષ્ટિએ તો બધા લોકો



“દેશી” છે. મહારાજાઓ, રાજાઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો: બધા એક અને સમાન વર્ગના “દેશી” જ છે; જે કાનૂન અને કસોટી મજૂરોને લાગુ પડે છે, તે જ કોઈ પણ ભેદભાવ વિના બધા “દેશીઓ”ને લાગુ પડે છે. ધન્ય અંગ્રેજ સરકાર! ભલે એકાદ ક્ષણ માટે પણ તમારી કૃપાથી હું બધા દેશીઓની સાથે એકતા અનુભવું છું. મને તે વિશેષ આવકારદાયક છે, કારણ કે આ શરીર કાયસ્થ કુટુંબમાંથી આવેલું હોવાથી ઘણા પક્ષો તરફથી આક્રમણનું હું કેન્દ્ર બન્યો છું. હમણાં હમણાં આપણે ભારતમાં બધી જાતિ-ઓના મોંએથી એમ સાંભળીએ છીએ કે પોતે પૂરેપૂરા આર્યો છે. માત્ર તેમની નસમાં કેટલા ટકા આર્યનું લોહી વહે છે તે બાબત તેમની વચ્ચે કેટલોક મતભેદ છે. કેટલાક તે પૂરેપૂરું છે એમ માને છે, જ્યારે બીજામાં તે એકાદ ઔંસ ઓછાવત્તા પ્રમાણમાં હોય એમ માને છે; આટલો જ તફાવત છે. પણ આ એક બાબતમાં તેઓ બધા એકમત છે કે તેમની જ્ઞાતિ કાયસ્થ કરતાં ચડિયાતી છે. અને એમ કહેવાય છે કે તેઓ અને અંગ્રેજ પ્રજા એક જ વંશના છે, તેઓ પિત્રાઈઓ છે, એકબીજાના નિકટના છે અને તે કારણથી તેઓ “દેશી” નથી. માત્ર અંગ્રેજોની માફક કૃપા દાખવીને તેઓ અહીં પધાર્યા છે. તેમના ધર્મમાં બાળલગ્ન, બહુપત્નીત્વ, મૂર્તિપૂજા, સતીપ્રથા, પડદાપ્રથા વગેરે અનિષ્ટ રિવાજોને બિલકુલ સ્થાન નથી; આ બધાં અનિષ્ટો તો કાયસ્થો વગેરેના પૂર્વજોએ દાખલ કર્યાં છે. તેમનો ધર્મ પણ અંગ્રેજોના ધર્મ જેવો છે! તેમના બાપદાદાઓ અંગ્રેજો જેવા જ લાગતા, માત્ર ભારતના સૂર્યના તાપમાં રહેવાથી તેઓ કાળા પડી ગયા છે! પણ હવે જો હિંમત હોય તો આગળ આવીને તેમ કહો. સરકાર કહે છે: “તમે બધા ‘દેશીઓ’ છો.” આ કાળાશના રાશિમાં થોડી ઘેરી કે ઓછી છાયાનો તફાવત ન કરી શકાય. સરકાર કહે છે: “તેઓ બધાય ‘દેશી’ છે.” વળી અંગ્રેજી ઢબનો પહેરવેશ પહેરવાથી શું વળશે? તમારા યુરોપિયન ટોપાઓ વગેરે તમને હવે કંઈ આપી શકશે નહિ. જો તમો બધો દોષ હિંદુઓ માથે ઢોળો છો, અને અંગ્રેજો સાથે ભાઈચારાથી ભળવા પ્રયત્ન કરો છો, તેથી તમે કોઈ ઓછા ધિક્કારને પાત્ર બનશો નહિ. “હે અંગ્રેજ સરકાર! તને ધન્ય છે! તું વિધાતાનું લાડીલું બાળક તો અત્યારે જ બની ગઈ છે! તારી સમૃદ્ધિ હજી વધ્યા કરે! અમે તો ફરી એક વાર અમારો દેશી પોશાક લંગોટી અને ધોતી

પહેરવાનું આવકારશું. તારી કૃપાથી અમો દેશના એક છેડાથી બીજા છેડા સુધી, ઉઘાડે માથે અને ઉઘાડે પગે, અને મારો રોજિંદો ખોરાક દાળભાત, હાથ વતી, તદ્દન દેશી ઢબે ખાતાં ખાતાં મુસાફરી કરી શકીશું. પ્રભુ ધન્ય હો! આપણે લગભગ આંગ્લ-ભારતીય ઢબથી લલચાઈ ગયા હતા, અને તેના ઝાકઝમાળથી છેતરાયા હતા. અમે એમ કહેવાતું સાંભળ્યું છે કે જેવા આપણે આપણો દેશી પોશાક, દેશી ધર્મ અને દેશી રીતરિવાજોનો ત્યાગ કરીશું કે તરત જ અંગ્રેજ લોકો આપણને ખભે બેસાડી ખૂબ પ્રતિષ્ઠા આપશે. આપણે આમ કરવાની અણી ઉપર હતા, ત્યાં તો અંગ્રેજનો ચાબકો લાગ્યો અને બ્રિટિશ બૂટના પડઘા સંભળાયા. તરત જ આપણે સૌ ગભરાઈ ગયા અને ભાગ્યા—અંગ્રેજ રીતરિવાજને છેલ્લી સલામ કરી ભાગ્યા, આપણા "દેશી" જન્મનો પોકાર કરવા ઉત્સુક બન્યા.

"દુ:ખ વેઠી અપનાવતા અંગ્રેજોની રીત,
બ્રિટિશના જોડા પડ્યે, નાસી ગઈ ત્વરિત."

અંગ્રેજ સરકારને ધન્ય હો! તેનું સિંહાસન દૃઢ બનો અને તેનું રાજ્ય અમર તપો! અંગ્રેજી રહેણીકરણી માટે જે કાંઈ થોડી લાલચ મારામાં રહી ગઈ હતી તે અદૃશ્ય થઈ; તે માટે અમેરિકનોનો આભાર માનું છું. દાઢી બહુ વધી ગઈ હોવાથી હું બહુ તકલીફ અનુભવતો હતો; પણ જેવો હું એક વાળ કાપવાની દુકાનમાં દાખલ થવા ગયો કે તરત જ કોઈકે બૂમ મારી: "તારા જેવા ગંદા દેખાતા માણસો માટે આ સ્થળ નથી." મેં માન્યું કે પાઘડી અને ભગવો ઝબ્બો પહેરવાને લીધે તે માણસને મારા પ્રત્યે કંઈ પૂર્વગ્રહ હશે, માટે મારે એક અંગ્રેજી ઢબનો કોટ અને ટોપો લેવા જોઈએ. હું આમ કરવા જતો હતો તેટલામાં ભાગ્યવશાત્ મને એક અમેરિકન સદ્‌ગૃહસ્થ મળ્યા. તેમણે મને સમજાવ્યું કે હું ભગવા ઝબ્બામાં હતો તે જ સારો હતો, કારણ સારા માણસો મારા વિષે ગેરસમજ નહિ કરે; પણ જો હું અંગ્રેજી ઢબે કપડાં પહેરીશ તો દરેક માણસ મારી પાછળ પડશે. બીજી એકબે દુકાનોમાં પણ મારા પ્રત્યે તેવું જ વર્તન બતાવાયું. ત્યાર પછી મેં મારે હાથે દાઢી કરવાની શરૂ કરી. એક દહાડો મને બહુ જ ભૂખ લાગી હતી તેથી એક ઉપાહારગૃહમાં ગયો અને અમુક વસ્તુ માગી. ત્યાંના માણસે કહ્યું: "અમારી પાસે તે ચીજ નથી." "કેમ? પેલી ત્યાં તો એ પડી છે."



મને જવાબ મળ્યો: "ભલા માણસ! ચોખ્ખા શબ્દોમાં કહું તો આ સ્થળ તમારે બેસીને જમવા માટે નથી." "પણ શા માટે?" "કારણ કે તમારી સાથે એક ટેબલે બેસી કોઈ જમશે નહિ; તેમ કરે તો તે પોતાની જ્ઞાતિમાંથી બહિષ્કાર પામશે." ન્યાતજાતના ભેદવાળા મારા પોતાના દેશ જેવો જ હોવાથી અમેરિકા મને ગમવા લાગ્યો. કાળા અને ગોરાના રંગભેદ અને "દેશીઓ"માં આર્ય લોહીના પ્રમાણની ચીકાશ કરવી છોડો! ગુલામોએ પોતાના વંશ માટે વિશેષ પડતી વિશિષ્ટતાનો દાવો કરવો તે કેવું કઢંગુ છે! એક ડોમ હતો તે કહેતો: "અમારી નાત કરતાં વધારે શ્રેષ્ઠ નાત દુનિયા ઉપર છે જ ક્યાં? તમારે જાણવું જોઈએ કે આપણે બધા ભંગીઓ છીએ." પણ તમે તેની એક મજા જાણો છો? જાતિ બાબતના ભેદભાવનો અતિરેક જે લોકો માનવજાતમાં ઓછામાં ઓછું માન પામતા હોય છે તેમાં સૌથી વધારે પ્રમાણમાં હોય છે.

આગબોટો સઢવાળાં જહાજો કરતાં સામાન્યત: ઘણી મોટી હોય છે. આટલાંટિક મહાસાગર વચ્ચે ચાલતી આગબોટો અમારી આ "ગોવળકોંડા"* સ્ટીમર કરતાં દોઢગણી મોટી હોય છે. જે સ્ટીમરમાં હું જાપાનથી પેસિફિક સમુદ્ર પાર કરી ગયો હતો તે પણ ઘણી મોટી હતી. ખૂબ મોટી સ્ટીમરોમાં પ્રથમ વર્ગ મધ્યમાં હોય છે; એની બંને બાજુએ થોડી ખાલી જગ્યા હોય છે અને ત્યાર પછી આવે છે બીજો વર્ગ. અને છૂટક છૂટક "સ્ટીઅરેજ" (સસ્તા ભાડાંવાળા મુસાફરોની જગ્યા) આવે છે. બીજે છેડે જહાજના ખલાસીઓ અને નોકરોની જગ્યા હોય છે. 'સ્ટીઅરેજ' એ ત્રીજા વર્ગ જેવું છે. તેમાં અમેરિકા કે ઑસ્ટ્રેલિયા વસાહત કરવા જતા હોય તેવા ગરીબ લોકો મુસાફરી કરે છે. તેમને માટેની જગ્યા ઘણી ઓછી હોય છે, અને ખાવાનું મેજ ઉપર નહિ પણ હાથોહાથ અપાય છે. ઇંગ્લેંડ અને ભારત વચ્ચે ચાલતાં જહાજોમાં 'સ્ટીઅરેજ' નથી હોતું, પણ તેઓ તૂતક ઉપર મુસાફરો લે છે. પ્રથમ અને બીજા વર્ગો વચ્ચેની ખુલ્લી જગ્યાનો ઉપયોગ આ તૂતક ઉપરના મુસાફરો સૂવાબેસવા માટે કરે છે. પણ લાંબી મુસાફરીએ જતાં એક પણ મુસાફર તૂતક ઉપર પ્રવાસ કરતો મેં જોયો

*બી.આઈ.એસ.એન. કંપનીની આ નામની સ્ટીમરમાં સ્વામી વિવેકાનંદ ફરી વાર અમેરિકા ગયા ત્યારે પ્રવાસ કરતા હતા.

નથી. માત્ર ૧૮૯૩માં ચીન જતી વખતે મુંબઈથી હૉંગકૉંગ સુધી તૂતકના મુસાફરો તરીકે જતા કેટલાક ચીનાઓને મેં જોયા હતા.

તોફાની ઋતુમાં અને થોડે અંશે બંદરે જ્યારે માલ ચડેઊતરે ત્યારે તૂતકના મુસાફરોને ઘણી હાડમારી ભોગવવી પડે છે. સહુથી ઉપલા માળના "તોફાન" તૂતક સિવાય બીજાં બધાં તૂતકમાં એક મોટું ચોરસ ફાંકું હોય છે તેમાંથી માલ ચડાવાય છે કે ઉતારાય છે. આમ કરતી વખતે તૂતકના મુસાફરોને થોડી તકલીફ પડે છે; નહિ તો તૂતક ઉપરની રાત્રે મુસાફરી, કલકત્તાથી સુએઝ સુધી અને ઉનાળામાં યુરોપમાં થઈને પણ બહુ આનંદદાયી હોય છે. જ્યારે પહેલા અને બીજા વર્ગના ઉતારુઓ અતિશય ગરમીથી તેમના સુખસગવડ-ભર્યા કમરાઓમાં પરસેવાથી નીતરી પડતા હોય છે, ત્યારે તેમને મુકાબલે તૂતક સ્વર્ગસમું છે. આવી જાતનાં જહાજોમાં બીજો વર્ગ બહુ અગવડભર્યો હોય છે. ફક્ત નવી શરૂ થયેલી જર્મન લૉઈડ કંપનીમાં જે જહાજ જર્મનીના બર્ગેન અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ચાલે છે, તેમાં બીજા વર્ગ માટેની વ્યવસ્થા બહુ સુંદર છે. ઉપરના 'તોફાન' – તૂતકમાં પણ નાના કમરાઓ હોય છે, અને "ગોવળકોંડા"ના પ્રથમ વર્ગની જેમ તેમાં ખાવાપીવાની સગવડ બીજા વર્ગ માટે પણ છે. આ જહાજો કોલંબો થઈને જાય છે.

"ગોવળકોંડા" જહાજમાં 'તોફાન' – તૂતક ઉપર માત્ર બે જ કમરાઓ છે; એક ડૉક્ટર માટે છે, અને બીજો અમને આપવામાં આવ્યો છે. પણ અત્યંત ગરમીને કારણે અમારે નીચેના તૂતક પર ભાગી જવું પડયું, કારણ અમારો કમરો જહાજના ઍન્જિન રૂમ ઉપર જ હતો. આમ તો જહાજ લોખંડનું બનાવેલું હોય છે પણ મુસાફરો માટેના કમરાઓ લાકડાના બનાવેલા હોય છે, અને હવાની આવજા માટે દીવાલોમાં ઉપર અને નીચે ઘણાં કાણાં રાખેલાં હોય છે. કમરાની દીવાલો સફેદ ચળકતા રંગે રંગેલી હોય છે; એક ઓરડાને રંગવાનું ખર્ચ લગભગ પચીસ પાઉન્ડ થાય છે. જમીન ઉપર એ નાનો ગાલીચો પાથરેલો હોય છે અને એક દીવાલ સાથે છાજલીઓની પેઠે લોખંડના પલંગ જેવા એક ઉપર બીજો એમ બે ચોકઠાં જડેલાં હોય છે; સામી દીવાલે પણ તે જ પ્રમાણે હોય છે. દરવાજાની બરાબર સામે એક હાથમોં ધોવાનું વૉશ-બેઝિન હોય છે; તેના ઉપર એક અરીસો, બે બાટલીઓ અને પાણી પીવા માટે બે પ્યાલા રાખેલા હોય છે. દરેક બિછાનાની બાજુએ પિત્તળના



ચોકઠામાં એક જાળી લગાડવામાં આવેલી હોય છે. એ જાળી દીવાલ અડોઅડ ચડાવી દઈ શકાય છે અને આગળ પણ ખેંચી શકાય છે. સૂતા પહેલાં મુસાફરો તેમાં પોતાની ઘડિયાળ અને બીજી અંગત જરૂરિયાતની વસ્તુઓ રાખીને સૂએ છે. નીચેના ખાટલા તળે ટ્રંક અને બૅગો રાખવાની જગ્યા છે. બીજા વર્ગની વ્યવસ્થા પણ આ જ પ્રમાણે છે; માત્ર જગ્યા થોડી સાંકડી અને ફર્નિચર જરા ઊતરતી કોટિનું હોય છે. જહાજ ચલાવવાનો ધંધો લગભગ અંગ્રેજોના ઇજારા જેવો છે. એટલે બીજી પ્રજાઓએ બાંધેલાં જહાજોમાં પણ અંગ્રેજ મુસાફરો વધારે હોવાથી ખાવાપીવાની વ્યવસ્થા ઘણે અંશે અંગ્રેજી ઢબે રાખવી પડે છે. ઇંગ્લંડ, ફ્રાંસ, જર્મની અને રશિયામાં ખાવાપીવાની વાનીઓ અને સમયની બાબતમાં ઘણો તફાવત હોય છે; આપણા દેશમાં પણ બંગાળ, ઉત્તર ભારત, મહારાષ્ટ્ર, ગુજરાત અને મદ્રાસમાં તફાવત હોય જ છે ને? પણ આ બધા તફાવતો જહાજોમાં બહુ ઓછા જોવામાં આવે છે. કારણ અહીં અંગ્રેજી બોલનારા મુસાફરો વિશેષ પ્રમાણમાં હોવાથી બધું અંગ્રેજી ઢબે ચાલતું હોય છે.

જહાજમાં સર્વોપરી સત્તાધીશ કપ્તાન ગણાય છે. પહેલાંના જમાનામાં મધદરિયે જહાજમાં કપ્તાન રાજ્ય કરતો એમ કહેવાય; ગુનેગારોને તે સજા કરતો, ચાંચિયાઓને ફાંસી દેતો વગેરે બધી સત્તા ભોગવતો. હવે તેટલી હદ સુધી નથી જવાતું; છતાં જહાજમાં તેનો હુકમ એ જ કાયદો હોય છે. તેની નીચે ચાર અધિકારીઓ (ભારતીય ભાષામાં માલમ) હોય છે; ત્યાર પછી ચારપાંચ ઇજનેરો આવે છે. મુખ્ય ઇજનેર અધિકારીના દરજ્જાનો હોય છે, અને તેને પ્રથમ દરજ્જાનો ખોરાક મળે છે. તે ઉપરાંત ચારપાંચ સુકાનીઓ હોય છે, તેઓ વારાફરતી સુકાન સંભાળે છે. તેઓ પણ યુરોપિયનો જ હોય છે. બાકીના નોકરો, ખલાસીઓ, કોલસા નાખનારા વગેરે હિંદીઓ હોય છે, અને બધા જ મુસલમાનો હોય છે. હિંદુ ખલાસીઓ તો માત્ર મુંબઈ તરફ પી. ઍન્ડ ઓ. કંપનીના જહાજમાં જ મેં જોયા છે. નોકરો અને ખલાસીઓ કલકત્તાના હોય છે, જ્યારે કોલસા નાખનારા પૂર્વ બંગાળના હોય છે; રસોયા પણ પૂર્વ બંગાળના કૅથલિક ખ્રિસ્તીઓ છે. ઉપરાંત ચાર ઝાડુવાળાઓ હોય છે, જેમનું કામ કમરામાંથી ગંદું પાણી બહાર કાઢવાનું, નાહવાની વ્યવસ્થા કરવાનું અને સંડાસ વગેરે સાફ રાખવાનું છે. ખ્રિસ્તીઓએ રાંધેલ ખોરાક મુસલમાન ખલાસીઓ અને નોકરો ખાતા નથી; તેમાં વળી દરરોજ જહાજ ઉપર ડુક્કરના

સુકાયેલા માંસની વાનગીઓ બનાવવામાં આવે છે. પણ આ લોકો પોતાને માટે થોડી છાની રીતે બીજી વ્યવસ્થા કરી રાખે છે. જહાજના રસોડામાં બનાવેલ બ્રેડ ખાવામાં તેમને બાધ હોતો નથી; વળી કલકત્તાના જે નોકરોને સુધારાનો "નવો પ્રકાશ" મળ્યો છે તેઓ તો ખાવાની બાબતમાં કોઈ જાતનો પ્રતિબંધ રાખતા નથી. જહાજમાં ત્રણ પ્રકારનાં ભોજનાલયો હોય છે : એક નોકરો માટે, એક ખલાસીઓ માટે અને એક કોલસા નાખનારાઓ માટે. દરેક ભોજનાલયમાં કંપની તરફથી એક રસોયો અને એક નોકર હોય છે. દરેક ભોજનાલયને રસોઈ માટે અલાયદી જગ્યા મળે છે. થોડા હિંદુ મુસાફરો કલકત્તાથી કોલંબો જતા હતા; નોકરો પોતાની રસોઈ પૂરી કરે, ત્યાર પછી તેઓ પોતાને માટે ત્યાં રસોઈ બનાવતા. નોકરો પોતાનું પીવાનું પાણી પણ પોતે જ ભરે છે. દરેક તૂતક ઉપર પ્રત્યેક બાજુ બે નળ રાખવામાં આવ્યા છે; તેમાંનો એક મીઠા પાણીનો અને બીજો ખારા પાણીનો હોય છે. મુસલમાનો પોતાના ઉપયોગ માટે આમાંથી મીઠું પાણી ભરે છે. જે હિંદુઓને નળનું પાણી પીવાનો વાંધો ન હોય, તેઓ ખાવાપીવાના પોતાના બધા સનાતની નિયમોનું પાલન કરીને વિલાયત કે બીજે સ્થળે આવાં જહાજો ઉપર ખૂબ સરળતાથી મુસાફરી કરી શકે છે. તેમને રસોડું મળે છે, કોઈ અડકયું ન હોય તેવું પીવાનું પાણી મળે છે; અરે, નાહવાનું પાણી પણ કોઈ અડકયું ન હોય તેવું મળે છે! દરેક જહાજમાં, અને ખાસ કરીને જે જહાજમાં હિંદુ નોકરો રાખવામાં આવ્યા હોય છે તેમાં, તેમને દરરોજ દાળ, ભાત, મૂળા, કોબીજ અને બટાટા વગેરે આપવામાં આવે છે. જહાજમાં બધી જાતનો ખોરાક, જેવો કે દાળ, ભાત, શાક, મચ્છી, દૂધ અને ઘી મળે છે. જરૂરિયાત કોઈ હોય તો ફક્ત એક પૈસાની છે. પૈસા હોય તો તમારા આચાર પૂરેપૂરા જાળવીને તમે ગમે ત્યાં એકલા જઈ શકો છો.

કલકત્તાથી યુરોપ જતાં લગભગ બધાં જહાજોમાં હવે આ બંગાળી નોકરોને રાખવામાં આવે છે. ધીમે ધીમે તેઓ આપમેળે પોતાનો એક વર્ગ ઊભો કરી રહ્યા છે. કેટલાક દરિયાઈ પારિભાષિક શબ્દો પણ તેમણે બનાવ્યા છે. જેમ કે કપ્તાનને માટે 'વાડીવાલા,' અધિકારીને 'માલમ,' કૂવાથંભને માટે 'ડોલ,' અંગ્રેજી 'સેઈલ'ને માટે સઢ, નીચે ઉતારોને માટે 'આરિયા' અને ઊંચે ચઢાવોને માટે 'હબીશ' વગેરે વગેરે.



ખલાસીઓ અને કોલસા નાખનારાઓની ટુકડીનો દરેકનો એક મુખી હોય છે, તે સારંગ કહેવાય છે; તેની નીચે બે કે ત્રણ ટંડેલ હોય છે, અને તેની નીચે ખલાસીઓ અને કોલસા નાખવાવાળા આવે છે.

પીરસનારા ખાનસામાનો મુખી બટલર કહેવાય છે; તેમના ઉપર એક યુરોપિયન નિરીક્ષક હોય છે, જેને સ્ટુઅર્ટ કહે છે. ખલાસીઓ જહાજને ધોઈને સાફ કરે છે, દોરડાંઓ નાખે છે કે વીંટી દે છે, હોડીઓ ઉતારે છે કે ચડાવે છે અને સઢોને ચડાવે કે ઉતારે છે (જોકે આગબોટોમાં સઢો ચડાવવા-ઉતારવાનું ભાગ્યે જ બને છે.) અને આવું બીજું કામ કરે છે. સારંગ અને ટંડેલ તેમના કામની ચોકી કરતા અને કામમાં મદદ કરતા ફરતા રહે છે. કોલસા નાખવાવાળા ઍંજિન રૂમમાં આગ જલતી રાખે છે; તેમની ફરજ રાત ને દિવસ આગ સાથે લડતા રહેવાની અને ઍંજિનોને ધોઈકારવીને ચોખ્ખાં અને સ્વચ્છ રાખવાની હોય છે. એ વિરાટ ઍંજિન અને તેના બધા ભાગોને ચોખ્ખા અને સ્વચ્છ રાખવા તે કંઈ સહેલું કામ નથી. સારંગ અને તેનો મદદનીશ (ખલાસીની ભાષામાં "ભાઈ") કલકત્તાના છે અને બંગાળી બોલે છે; તેઓ ઘણે અંશે ભદ્ર લોક જેવા દેખાય છે, અને નિશાળમાં ભણ્યા હોઈને લખીવાંચી શકે છે; તેઓ કામચલાઉ અંગ્રેજી પણ બોલી શકે છે. સારંગને એક તેર વર્ષનો દીકરો છે, જે કપ્તાનનો નોકર છે અને કપ્તાનને દરવાજે ચપરાશી તરીકે બેસે છે. આ બંગાળી ખલાસીઓ, કોલસા નાખવાવાળા અને છોકરાઓને કામ કરતા જોઈને મારા દેશબંધુઓ વિષે મને જે કાંઈ નિરાશા હતી તે ઘણી ઓછી થઈ ગઈ છે. તેઓ અશક્ત શરીરમાંથી ધીરે ધીરે કેવા મર્દ બનતા જાય છે! કેવા નિર્ભય છતાં નમ્ર છે! "દેશીઓ"માં સામાન્ય લેખાતું પામર અને ખુશામતખોર વર્તન, અરે, આ ઝાડુવાળાઓમાં પણ નથી. કેવું પરિવર્તન!

હિંદી ખલાસીઓ કોઈ જરા પણ ફરિયાદ કર્યા સિવાય સારું કામ કરે છે, જ્યારે પગાર યુરોપીય ખલાસીઓના પગાર કરતાં ચોથા ભાગનો તેમને મળે છે. આ કારણે વિલાયતમાં ઘણાને અસંતોષ થયો છે, કેમ કે ખાસ કરીને ઘણા યુરોપીય લોકો તેથી પોતાનું નિર્વાહનું સાધન ગુમાવે છે; કોઈ કોઈ વખત તેઓ ચળવળ પણ ઉપાડે છે. ગોરાઓ કરતાં કામમાં બંગાળીઓ વધારે ચાલાક હોવાથી તેમની સામે ફરિયાદ કરવા જેવું ગોરાઓ

પાસે કાંઈ નથી; છેવટે તેઓ એટલું જ કહે છે કે તોફાની હવામાનમાં જ્યારે જહાજ ભયમાં હોય છે ત્યારે દેશી ખલાસીઓ સાવ નાહિંમત બની જાય છે. અરે રામ! કેવું જૂઠાણું! ખરી હકીકત જોતાં તો આ ફરિયાદ પાયા વિનાની છે. ભયના સમયમાં ગોરા ખલાસીઓ ડરના માર્યા છૂટથી દારૂ પીએ છે અને પોતાની જાતને બેસમજ અને નિરુપયોગી બનાવી દે છે. ભારતીય ખલાસીઓ જિંદગી આખીમાં દારૂનું એક ટીપું પણ પીતા નથી; અને મહાન ભયની વેળાએ આજ સુધી તેમના પૈકી એક પણ જણાએ કાયરતા બતાવી નથી. રણક્ષેત્ર પર દેશી સિપાઈ કદી કાયરતા બતાવે છે? ના; પણ તેમને નેતાની જરૂર હોય છે. મારા એક અંગ્રેજ મિત્ર, જનરલ સ્ટ્રૉંગ "સિપાઈઓના બળવા" વખતે ભારતમાં હતા; તેઓ બળવા અંગે ઘણી વાતો કહેતા. એક દિવસ વાતવાતમાં મેં તેમને પૂછ્યું : "દેશી સિપાઈઓ પાસે બંદૂકો, દારૂગોળો અને ખાધાખોરાકીનો સામાન પૂરતા પ્રમાણમાં હતો તેમ જ તેઓ કેળવાયેલા અનુભવી જવાનો હતા, છતાં તેમને આવી હાર કેમ ખાવી પડી?" તેણે ઉત્તર આપ્યો: "તેમના આગેવાનો મોખરે આવવાને બદલે પાછળ સહીસલામત સ્થળે રહી, 'લડો બહાદુર જવાનો!' વગેરે કહીને માત્ર ઉશ્કેરવાનું કામ કરતા હતા; પણ જ્યાં સુધી નાયક આગળ વધી મોતનો સામનો ન કરે ત્યાં સુધી સૈનિકોમાંનો કોઈ પણ હિંમતથી લડતો નથી." બધાં કામોમાં આવું જ છે. 'સિરદાર એ જ સરદાર!' કોઈ પણ કાર્ય માટે તમેં તમારું પોતાનું બલિદાન આપવા તત્પર થઈ શકો તો જ તમે નેતા બની શકો. પણ આપણે બધાને તો કોઈ જાતના જરૂરી ત્યાગ વિના જ આગેવાન બની જવું છે. પરિણામ શૂન્ય આવે છે.—આપણને કોઈ સાંભળતું જ નથી!

આર્ય પૂર્વજોના વંશજો તરીકેનું તમે ગમે તેટલું અભિમાન રાખો, રાતદિવસ ભારતની પ્રાચીન યશગાથા ગાયા કરો, અને તમારા જન્મના અભિમાનથી તમે ગમે તેટલી મગરૂબીથી ફર્યા કરો તોપણ, ભારતના ઉચ્ચ વર્ગો! તમે શું એમ માનો છો કે તમે જીવતા છો? તમે માત્ર દશ હજાર વર્ષના પુરાણાં મમી (સચવાયેલ શબ) માત્ર છો. ભારતમાં જે કંઈ ખમીર હજી દેખાય છે તે તો માત્ર જેમને તમારા પૂર્વજો "ચાલતાં કંકાલ" કહીને ધિક્કારતા હતા, તે લોકોમાં જ છે. ખરી રીતે હાલતાં ચાલતાં કંકાલ તો તમે



પોતે જ છો; તમારાં ઘરો, તમારાં રાચરચીલાં, સંગ્રહસ્થાનમાં રાખેલા નમૂના જેવા નિષ્પ્રાણ લાગે છે. તમારા રીતરિવાજો, તમારું વર્તન અને તમારી રહેણી-કરણી જોઈને જોનારને એમ જ લાગે કે, તે જાણે ડોસીમા પાસેથી વાતો સાંભળી રહ્યો છે! તમારી સાથે પ્રત્યક્ષ વાતચીત કર્યા પછી પણ જ્યારે કોઈ માણસ ઘેર પાછો ફરે છે, ત્યારે તેને એમ જ લાગે છે કે જાણે પોતે કોઈ ચિત્રશાળાનાં ચિત્રો જોઈ આવ્યો ન હોય! હે ભારતના ઉચ્ચ વર્ગના આદમીઓ! આ માયારૂપી સંસારમાં તમે જ ખરી ભ્રમણારૂપ, ખરા મૃગજળ સમાન છો! તમે કેવળ જાતજાતના નમૂનાના ખીચડારૂપ ભૂતકાળના પ્રતિનિધિઓ છો. આજને કાળે પણ જે દેખાઓ છો એમ તમને લાગે છે તે બીજું કંઈ નહિ પણ અપચાથી ઉત્પન્ન થતી રાતની ભૂતાવળ જ છો. તમે ભાવિનાં મિથ્યા, સારહીન શૂન્યો છો. સ્વપ્નજગતનાં પાત્રો તમે હજી કેમ અદૃશ્ય થતાં નથી? તમે પ્રાચીન ભારતના મૃતદેહનાં રક્તમાંસ વિનાનાં હાડપિંજર છો; શા માટે તમે તમારી જાતને જલદી જલદી રાખમાં મેળવી દેતા નથી કે હવામાં અદૃશ્ય કરતા નથી? હા, માત્ર તમારી હાડકાંની આંગળીઓમાં તમારા પૂર્વજોએ સંગ્રહેલી કેટલીક અમૂલ્ય રત્નમય મુદ્રિકાઓ તથા દુર્ગંધ મારતા તમારા શબની બાથમાં જકડાયેલી ઘણી પુરાણી રત્નપેટીઓ છે. આજ સુધી તે સોંપી દેવાની તમને તક નહોતી મળી; હવે બ્રિટિશ રાજ્ય હેઠળ, બહોળો ફેલાવો પામેલ કેળવણીના આ યુગમાં, તમારા વારસોને તમે જેમ બને તેમ જલદીથી તે આપી દો, અને પછી તમે પોતે શૂન્યમાં મળી જાઓ. તમારી જગ્યાએ નૂતન ભારતને ઊભું થવા દો. હળ પકડતા ખેડૂતની ઝૂંપડીમાંથી—માછીમારોની, ચમારોની અને ઝાડુવાળાઓની ઝૂંપડીઓમાંથી તેને જાગવા દો; મોદીની દુકાનમાંથી, ધાણી-દાળિયા વેચનારાની ભઠ્ઠીમાંથી તેને કૂદવા દો; કારખાનામાંથી અને બજારોમાંથી તેને બહાર નીકળવા દો; ઝાડી અને જંગલો, ટેકરીઓ અને પર્વતોમાંથી તેને બહાર આવવા દો. આ સામાન્ય જનતાએ હજારો વર્ષ સુધી એક પણ શબ્દ બોલ્યા વિના જુલમો સહ્યા કર્યા છે. પરિણામે તેમનામાં અદ્ભુત સહિષ્ણુતા આવી છે. તેઓએ પાર વિનાનું દુ:ખ વેઠ્યું છે, કે જેમાંથી તેમને અખૂટ ખમીર મળ્યું છે. એક મુઠ્ઠીભર અનાજ ઉપર નભી રહીને તેઓ દુનિયાને ઊથલપાથલ કરી શકે છે; જો ફક્ત અરધો રોટલો જ તેમને

આપો તો તેમનું તેજ ત્રણે લોકમાં સમાશે નહિ. તેમનામાં રક્તબીજની* અખૂટ પ્રાણશક્તિ છે. ઉપરાંત તેમનામાં દુનિયામાં ક્યાંય પણ ન સાંપડે તેવી નીતિમય જીવનની અદ્ભુત તાકાત છે. સ્વભાવની આવી શાંતિ, આવો સંતોષ, આવો પ્રેમ, દિનરાત મૂંગાં મૂંગાં કાર્ય કરવાની આટલી શક્તિ અને કાર્યને સમયે સિંહસમી તાકાતનું પ્રદર્શન તમને બીજે ક્યાં જોવા મળવાનાં છે? ઓ ભૂતકાળનાં અસ્થિપિંજરો! તમારી સામે જ તમારા ભાવિ ભારતના વારસદારો ઊભેલા છે. તમારી તે રત્નપેટિકા, તમારી એ મણિમય મુદ્રિકા એ લોકોને જેમ બને તેમ આપી દો; પછી તમે હવામાં અદૃશ્ય થઈ જાઓ; ફરી કદી નજરે પણ ન ચડશો! માત્ર તમારા કાન ખુલ્લા રાખજો. તમો અદૃશ્ય થશો કે તુરત તમો કરોડો મેઘગર્જનાઓ સમા ત્રણે લોકને કંપાવનાર તથા ભાવિ ભારતને જગાડનાર નાદ સાંભળશો: "વાહ ગુરુકી ફતેહ!" "ગુરુનો વિજય હો!"

અમારું જહાજ હવે બંગાળાના ઉપસાગરમાં આવ્યું છે; કહેવાય છે કે એ ઘણો ઊંડો છે. જે થોડો ઘણો છીછરો ભાગ હતો તે હિમાલયને તોડી પાડતી અને ઉત્તર પ્રદેશની (યુ. પી.) માટીને ખેંચી આણતી ગંગાના કીચડથી પુરાઈ ગયો છે. એ રસાળ જમીન તે આપણો બંગાળ પ્રાંત છે. હવે બંગાળની ભૂમિ વધારે આગળ વિસ્તરશે નહિ; સુન્દરવન (બંગાળનું) એ એની સીમા છે. કેટલાક કહે છે કે અગાઉ સુંદરવનમાં ઘણાં ગામો અને શહેરો હતાં અને એ ભૂમિ ઊંચી હતી; પણ હવે મોટા ભાગના લોકો એ મતને સ્વીકારતા નથી. તોપણ સુન્દરવન અને બંગાળાના ઉપસાગરના ઉત્તરનો ભાગ ઘણી ઐતિહાસિક ઘટનાઓનું સ્થળ છે. પોર્ટુગીઝ ચાંચિયાઓનો તે અડ્ડો હતું. આરાકાનના રાજાએ તેને કબજે કરવા ઘણા પ્રયાસો કરેલા; અને ગૌન્ઝાલેઝના મુખીપણા નીચે આવેલા પોર્ટુગીઝ ચાંચિયાઓને મોગલ શહેનશાહના સૂબાએ સજા કરવાના ઘણા પ્રયાસો કર્યા હતા; ખ્રિસ્તીઓ, મોગલો, મગ લોકો અને બંગાળીઓ વચ્ચેના ઘણાં યુદ્ધોનું આ સ્થાન છે.

* દુર્ગાસપ્તશતીમાં આવતા રાક્ષસનું નામ રક્તબીજ છે. એના લોહીનું એકેક ટીપું પૃથ્વી પર પડતાં જ દરેક ટીપામાંથી એકેક નવો રક્તબીજ પેદા થતો.



બંગાળાનો ઉપસાગર અમસ્તો પણ તોફાની કહેવાય છે; વધારામાં અત્યારે ચોમાસું છે, તેથી અમારું જહાજ ખૂબ ડોલે છે. પણ હજુ તો શરૂઆત છે; પછી શું થશે તે ઈશ્વર જાણે! અમે મદ્રાસ તરફ જઈએ છીએ, ત્યાં દક્ષિણ ભારતનો મોટો ભાગ હવે મદ્રાસ ઈલાકાનો છે. જમીનની પોતાની શી કિંમત છે? જો સદ્ભાગી માણસના હાથમાં આવે તો રણ પણ સ્વર્ગ બની જાય. અજાણ શૂદ્ર મદ્રાસ શહેર, જેવું જૂનું નામ ચિન્નાપટ્ટણમ્ કે મદ્રાસપટ્ટનમ્ હતું, તે ચંદ્રગિરિના રાજાએ એક વેપારી મંડળીને વેચી દીધું. તે વખતે અંગ્રેજોનો મુખ્ય વેપાર જાવામાં ચાલતો હતો, અને એશિયાના વેપારનું મથક અંગ્રેજો માટે બાન્તામ શહેર હતું. મદ્રાસ અને અંગ્રેજોનાં ભારતમાંનાં અન્ય વ્યાપારી મથકો એ કેન્દ્રની હકૂમત તળે હતાં. આજે એ બાન્તામની શી દશા છે? અને જુઓ, મદ્રાસનો કેવો વિકાસ થયો છે? સાહસિક માણસ ઉપર તકદીર પ્રસન્ન થાય છે એમ કહેવું તે સંપૂર્ણ સત્ય નથી; તેની પાછળ જગદંબાની શક્તિ પણ હોવી જોઈએ. પરંતુ હું એ પણ કબૂલ કરું છું કે સાહસિક પુરુષને જ "માતાજી" બળ આપે છે.

મદ્રાસ આપણને સાચા દક્ષિણ ભારતીય પ્રાન્તનું સ્મરણ કરાવે છે, જોકે કલકત્તાના જગન્નાથ ઘાટમાં ઓરિસ્સાના બ્રાહ્મણને જોઈને દક્ષિણની ઝાંખી થાય છે ખરી. તેવું જ માથે ધારીવાળું મૂંડાવેલું માથું, વચ્ચે લાંબી ગાંઠ વાળેલી શિખા, વિવિધ ચિતરામણોવાળું કપાળ અને જેમાં માત્ર પગનાં આંગળાં જ આવી શકે તેવા આગળથી વળેલા જોડા, તેવું જ છીંકણીથી ભરેલું નાક અને બાળકોનાં બધાં અંગો પર ચંદનનાં ટીલાં! તેવો જ ગુજરાતી બ્રાહ્મણ, કાળો ડિબ્બાણ મહારાષ્ટ્રી બ્રાહ્મણ અને અસાધારણ રીતે સુંદર માંજરી આંખોવાળો હોશિયાર કોંકણી બ્રાહ્મણ: સહુ એક જ રીતનો પોશાક પહેરે છે અને દક્ષિણી તરીકે ઓળખાય છે. છતાં પણ નમૂનેદાર દક્ષિણી બ્રાહ્મણ તો મદ્રાસમાં જ મળે છે. રામાનુજ સંપ્રદાયના તિલકથી ભરાયેલું કપાળ દૂરથી જાણે કે ખેતરમાંથી પક્ષીઓ ઉડાડવા માટે કાળી હાંડલી ઉપર ધોળો ચૂનો લગાવીને કાળી મેશ લાકડી ઉપર તેને ગોઠવીને તેનો ચાડિયો બનાવ્યો હોય એવું દેખાય છે. જે રામાનુજ તિલકના અનુકરણમાં કરેલ રામાનંદી તિલકના મહિમા વિષે લોકો કહે છે કે, "તિલક તિલક સબ કોઉ કહે પર રામાનંદી તિલક, દિખત ગંગા પારસે યમદ્વારકે ખિડક" —

તિલક તિલક સૌ કહે છે પણ રામાનંદી તિલક એવું છે કે જે ગંગાના સામે કાંઠેથી યમરાજાની ગૌશાળાની ખડકી જેવું છે. બંગાળના ચૈતન્ય સંપ્રદાયના ગોસાંઈને બધાં અંગો પર છાપાં પાડેલાં જોઈને એક દારૂડિયાએ તેને ચિત્તો માન્યો, પરંતુ આ મદ્રાસી તિલક જોઈને તો એ ચિત્તો પણ ઝાડ ઉપર ચડી જાય છે. એ તેલુગુ, તામિલ અને મલયાલમ્ ભાષા ‘લ’ અને ‘ડ’ અક્ષરોના એટલા વિવિધ અવાજો છે કે તમે છ વર્ષ સુધી સાંભળ્યા કરો તોપણ એક અક્ષર પણ સમજો નહિ; એ કાળાં મરી અને દાળના પાણીના બનાવેલ ‘રસમ્’ (ઓસામણ) સાથે ભાત ખાવાની પ્રથા, જેનો એકેક કોળિયો પણ મારા હૃદયમાં ધ્રુજારી ઉપજાવે છે (એટલું તીખું અને ખાટું એ હોય છે); એ મીઠા લીમડાનાં પાંદડાં, ચણાની દાળ મગની દાળ, વગેરેનો વઘાર; દહીંભાત વગેરેનું ભોજન; શરીરે તલનું તેલ ચોળીને નાહવાની પ્રથા અને તલના જ તેલમાં માછલી તળવાની રીત; આ બધાં જો ન હોય તો દક્ષિણ દેશની કોને કલ્પના આવે?

વળી મુસલમાનોના સમયમાં અને તે પહેલાં પણ અમુક કાળથી આ દક્ષિણે જ હિંદુ ધર્મને જીવતો રાખ્યો છે. જ્યાં માથા પર શિખા રાખવામાં આવે છે અને રસોઈમાં કોપરેલ તેલનો ઉપયોગ કરવામાં આવે છે તે દક્ષિણમાં જ શંકરાચાર્યનો જન્મ થયો હતો; રામાનુજ પણ આ જ પ્રદેશમાં થયા હતા; મધ્વાચાર્યનું જન્મસ્થાન પણ તે જ ભૂમિ; એમનાં જ ચરણો તળે આજે હિંદુ ધર્મ ટકી રહ્યો છે. તમારો ચૈતન્ય સંપ્રદાય આ માધ્વ સંપ્રદાયની શાખામાત્ર છે. કબીર, દાદુ, નાનક, રામસનેહી વગેરે બધા શંકરાચાર્યના પડઘા જેવા જ છે. આ રામાનુજના શિષ્યો અયોધ્યા વગેરે ઉપર કબજો જમાવીને બેઠા છે. આ દક્ષિણના બ્રાહ્મણો ઉત્તરના બ્રાહ્મણોને બ્રાહ્મણ તરીકે જ સ્વીકારતા નથી; તેમને શિષ્ય બનાવતા નથી અને હજ થોડા દિવસ અગાઉ સુધી સંન્યાસદીક્ષા પણ આપતા ન હતા. આજે પણ મોટાં મોટાં તીર્થસ્થાનો ઉપર આ દક્ષિણના બ્રાહ્મણોનો જ કબજો છે. જ્યારે મુસ્લિમ આક્રમણકારોના “અલ્લા હો અકબર”ના રણનાદથી ભયભીત થઈને ઉત્તરના લોકો ધનભંડાર, દેવમંદિરો, સ્ત્રીપુત્રો વગેરેને મૂકીને જંગલોમાં સંતાઈ જતા ત્યારે દક્ષિણમાં વિદ્યાનગરાધીશનું ચક્રવર્તી રાજસિંહાસન અચલપણે જળવાઈ રહ્યું હતું. વળી આ દક્ષિણમાં જ પેલા અદ્‌ભુત



સાયણાચાર્યનો જન્મ થયો હતો. તેની શક્તિથી મુસલમાનો હાર્યા અને ‘બુક્ક’ રાજા રાજગાદી પર રહ્યો. તેની કુનેહભરી સલાહથી વિદ્યાનગરનું રાજ્ય સ્થિર બન્યું અને તેની જ રાજ્યનીતિને પરિણામે દક્ષિણમાં શાંતિ અને સમૃદ્ધિ આવી. જેની અસામાન્ય પ્રતિભા અને અસાધારણ શ્રમનું પરિણામ સમગ્ર વેદનું ભાષ્ય છે; તેમ જ જેમના અલૌકિક ત્યાગ, વૈરાગ્ય અને સંશોધનના ફળરૂપ પંચદશી ગ્રંથ છે, તે સંન્યાસી વિદ્યારણ્ય મુનિ એટલે સાયણાચાર્યની* જન્મભૂમિ પણ આ જ હતી. મદ્રાસ ઈલાકો એ તામિલ લોકોનું નિવાસસ્થાન છે. તેમની સંસ્કૃતિ પ્રાચીનમાં પ્રાચીન છે. અને ઘણા પ્રાચીનક ાળમાં તેમની શાખા – સુમેરિયનોએ યુફ્રેટીસ નદીના કિનારા ઉપર મહાન સંસ્કૃતિ ફેલાવી હતી; તેમનું જ્યોતિષશાસ્ત્ર, પુરાણો, નીતિશાસ્ત્ર, વિધિઓ વગેરે સીરિયન અને બેબીલોનિયન સંસ્કૃતિના પાયારૂપ હતાં; તેમનું પુરાણ ખ્રિસ્તી બાઇબલને આધારરૂપ છે. તામિલોની બીજી શાખાએ મલબાર કિનારેથી આગળ વધીને ઈજિપ્તની અદ્‌ભુત સંસ્કૃતિનું સર્જન કર્યું હતું. આર્યો પણ ઘણી બાબતમાં આ પ્રજાના ઋણી છે. દક્ષિણમાં તેમનાં જ મંદિરો વીર શૈવ અને વીર વૈષ્ણવ પંથોની વિજયઘોષણા કરે છે. ભારતનો મહાન વૈષ્ણવ ધર્મ પણ એક તામિલ અંત્યજે જ શરૂ કર્યો છે. તેનું નામ હતું શટકોપ, “જે સૂપડાં વેચતાં વેચતાં જ એક મહાન યોગી બન્યો હતો.” આ તામિલ અલ્વારો એટલે કે ભક્તા હજુ પણ સારાય વૈષ્ણવ સંપ્રદાયનું માન પામે છે. હજુ પણ વેદાન્તના દ્વૈત, વિશિષ્ટાદ્વૈત કે અદ્વૈત, બધા વાદોની ચર્ચાઓ આ દેશમાં જેટલી થાય છે તેટલી બીજે ક્યાંય થતી નથી; હજુ પણ ધર્માનુરાગ અહીં જેટલો પ્રબળ છે તેટલો બીજે ક્યાંય નથી.

જૂનની તારીખ ૨૪મીની રાત્રે અમારું જહાજ મદ્રાસ પહોંચ્યું. સવારમાં પથારીમાંથી ઊઠતાં જ જોયું કે મદ્રાસના બારાની દીવાલો ચોતરફથી અમને ઘેરી વળીને ઊભી હતી. બારાંની અંદરનું પાણી શાંત હતું, પણ બહાર પહાડ જેવડાં મોજાં ગર્જના કરતાં હતાં અને કવચિત્

* કેટલાકોના કહેવા પ્રમાણે વેદોના ભાષ્યકાર સાયણાચાર્ય તે વિદ્યારણ્ય મુનિના ભાઈ હતા.

બારાની દીવાલ પર અથડાઈને હવામાં પંદરથી વીસ ફૂટ ઊંચે ઊડતાં હતાં અને ફીણના પુંજ ચારે બાજુ પથરાઈ જતા હતા. સામે મદ્રાસનો પ્રસિદ્ધ સ્ટ્રૅન્ડ રોડ હતો. બે યુરોપિયન પોલીસ ઇન્સ્પેક્ટરો, એક મદ્રાસી જમાદાર અને એકાદ ડઝન સિપાઈઓ અમારા જહાજ ઉપર ચડયા અને અતિ નમ્રતાથી મને કહ્યું કે 'દેશી' મુસાફરોને અહીં ઊતરવાની રજા નથી, પણ ગોરા મુસાફરો ઊતરી શકે છે; કારણ કે દેશી મુસાફરો, પછી તે ગમે તે હોય, એટલા બધા ગંદા હોય છે કે તેમનામાં પ્લેગના જંતુઓ હોવાની ખૂબ જ શકયતા હોય છે. મદ્રાસીઓએ મારે માટે ખાસ ઊતરવાનો પરવાનો માગેલો જે કદાચ તેમને મળત ખરો. ધીમે ધીમે નાનાં નાનાં જૂથમાં હોડીમાં મદ્રાસી મિત્રો અમારા જહાજ નજીક આવવા લાગ્યા, પણ કોઈ જહાજને અડી શકતું નહોતું; દૂરથી વાતચીત ચાલે. આલાસિંગા, બિલ્લીગિરિ, નરસિંહાચાર્ય, ડૉ. નંજુંદરાવ, કીડી વગેરે બધા બંધુઓને મેં હોડીમાં જોયા. કેરી, કેળાં, નાળિયેર, રાંધેલ દહીંભાત, મીઠાઈઓ તથા ખારી પૂરી વગેરે ઢગલાબંધ આવવા લાગ્યાં. ધીમે ધીમે ટોળું જામતું ગયું–પુરુષો, સ્રીઓ, બાળકો: ચારે બાજુ હોડીઓ જ હોડીઓ! ત્યાં મેં મારા અંગ્રેજ મિત્ર મિસ્ટર શૅમિયરને જોયા. તેઓ મદ્રાસમાં બૅરિસ્ટર થઈને આવ્યા હતા. રામકૃષ્ણાનન્દે અને નિર્ભયાનન્દે પણ જહાજ નજીક કેટલીક વાર આવજા કરી. તેઓ સૂરજના સખત તાપમાં આખો દિવસ હોડીમાં રહેવા માગતા હતા; જ્યારે મેં તેમને ઠપકો આપ્યો ત્યારે જ તેઓ ગયા. જેમ જેમ મને ઊતરવા દેવાનો નથી તેવા ખબર શહેરમાં ફેલાતા ગયા તેમ તેમ હોડીઓનાં જૂથ વધવા લાગ્યાં. લાંબા વખત સુધી કઠોડે અઢેલીને ઊભા રહેવાથી હું પણ થાકયો હતો. પછી મેં મારા મદ્રાસી મિત્રોની વિદાય લીધી અને મારા કમરામાં આવ્યો. 'બ્રહ્મવાદિન્'–અને મદ્રાસના કાર્ય વિષે મારી સાથે વાત કરવાની આલાસિંગાને તક ન મળી, તેથી તેઓ મારી સાથે કોલંબો સુધી આવતા હતા. સાંજના સમયે જહાજે બંદર છોડયું, ત્યારે મેં ખૂબ જ ઘોંઘાટ સાંભળ્યો. કમરાની બારીમાંથી જોયું તો હજારેક જેટલાં મદ્રાસી પુરુષો, સ્રીઓ અને બાળકો, જેઓ બંદરની દીવાલ ઉપર બેઠેલાં હતાં તેમણે જહાજ ઊપડયું ત્યારે આ વિદાયસૂચક અવાજો કર્યા હતા. આનન્દના સમયે મદ્રાસીઓ બંગાળીઓની માફક જીભથી મંગલધ્વનિ કરે છે.



મદ્રાસથી કોલંબો પહોંચતાં અમને ચાર દહાડા લાગ્યા. જે મોજાંઓ ગંગાસાગરથી શરૂ થયાં હતાં તે ક્રમશઃ વધવા લાગ્યાં; જહાજ ખૂબ જ ડોલવા લાગ્યું અને મુસાફરો માથું પકડી રાખી ઊલટી કરતાં કરતાં હેરાન પરેશાન થઈ ગયાં! તે જ દશા પેલા બે બંગાળી જુવાનોની પણ થઈ; તેમના પૈકી એક તો એમ ચોક્કસ માનવા લાગ્યો કે પોતે મરી જશે. અમારે તેને મહામુશ્કેલીએ આશ્વાસન આપી ખાતરી કરાવવી પડી કે બીવાનું કશું જ કારણ નથી; બધાની દશા આવી જ થાય છે, અને કોઈ મરી જતું નથી. બીજો વર્ગ જહાજના સ્ક્રૂની (વેગ આપવાનું મશીન) ઉપર છે. પેલા બે બંગાળી યુવકોને તેઓ દેશી હોવાને કારણે લગભગ બ્લૅકહૉલ જેવી ઓરડીમાં, જ્યાં હવા કે અજવાળું આવી ન શકે તેમાં, રાખવામાં આવ્યા હતા; તેઓ તેમાં રહી શકતા ન હતા. તૂતક ઉપર તો જહાજ બહુ ડોલતું હતું, અને વળી જ્યારે જહાજનો આગળનો ભાગ મોજાં પછીના પોલાણમાં પડતો અને પાછલો ભાગ ઊંચો થઈ જતો, ત્યારે સ્ક્રૂ પાણીની બહાર નીકળી જઈને ખાલી હવામાં ફરતો અને આખા જહાજમાં ખૂબ ધ્રુજારી ઊઠતી. તે વખતે બીજો વર્ગ એટલો બધો ધ્રૂજતો કે જાણે બિલાડી ઉંદરને પકડીને તેને ઝટકો મારતા હોય.

આ ઋતુ ચોમાસાની હતી તેથી જહાજ જેમ જેમ હિન્દી મહાસાગરમાં પશ્ચિમ તરફ આગળ વધે, તેમ તેમ તોફાન પણ વધવાનું હતું. મદ્રાસીઓએ મને જે ઘણાં ફળો વગેરે આપ્યાં હતાં એનો મોટો ભાગ અને મીઠાઈ તથા દહીંભાત વગેરે બધું મેં એ યુવકોને આપ્યું. આલાસિંગા ઉતાવળે ઉતાવળે ટિકિટ ખરીદી લઈ ઉઘાડે પગે જ જહાજ ઉપર ચડી ગયા હતા; કહે છે કે પોતે કોઈ કોઈ વાર જોડા પહેરે છે ખરા. જુદા જુદા દેશોના રીતરિવાજોમાં ફેર હોય છે. યુરોપમાં સ્રીઓએ પોતાના પગ ખુલ્લા રાખવા તે બહુ શરમજનક ગણાય છે, પણ છાતી ઉપરના અર્ધો ભાગ ખુલ્લો રાખવામાં તેમને સંકોચ થતો નથી. આપણા દેશમાં સ્રીઓએ ગમે તે ભોગે માથે ઓઢવું જોઈએ, ભલે શરીરનો બીજો ભાગ બરાબર ઢંકાયા હોય કે નહિ. 'બ્રહ્મવાદિન્'ના તંત્રી આલાસિંગા પેરુમલ, રામાનુજ સંપ્રદાયના મૈસૂરી બ્રાહ્મણ છે, તેમને રસમ્ બહુ ભાવે છે. માથું મૂંડેલું છે અને તેંગાલૈ પંથના તિલકથી કપાળ ભરાઈ ગયેલું છે. તેઓ પોતાની સાથે

સંભાળપૂર્વક બે પોટલાં લાવ્યા છે. તે પૈકી એકમાં ભાથા તરીકે તળેલા પૌંઆ અને બાજામાં મમરા ને વટાણા છે! તેમનો વિચાર સિલોનની મુસાફરી દરમિયાન આ વસ્તુઓ ઉપર રહેવાનો છે, જેથી તેમના જ્ઞાતિ જળવાઈ રહે. આલાસિંગા અગાઉ પણ એક વખત સિલોન ગયેલા ત્યારે તેમના જ્ઞાતિ-બંધુઓએ તેમને તકલીફમાં નાખવાનો પ્રયાસ કરેલો, પણ ફાવેલા નહિ. ભારતની જ્ઞાતિવ્યવસ્થામાં એક એવો રસ્તો છે કે જો તેના જ જ્ઞાતિજનો કોઈ બાબત વાંધો ન લે, તો તેની વિરુદ્ધ બીજા કોઈને કંઈ કહેવાનો અધિકાર નથી. અને મદ્રાસની જ્ઞાતિઓ સંખ્યામાં એટલી બધી નાની હોય છે કે કેટલીકમાં કુલ પાંચસો, કેટલીકમાં સાતસો કે વધુમાં વધુ હજાર માણસો હોય છે. તેમની મર્યાદા એટલી સંકુચિત હોય છે કે બીજે ક્યાંયથી કન્યા ન મેળવી શકવાને કારણે તેઓ પોતાની ભાણેજને પણ પરણે છે! જ્યારે મૈસૂરમાં રેલવે પ્રથમ ચાલુ કરવામાં આવી ત્યારે જે બ્રાહ્મણો તેને દૂરથી પણ જોવા ગયેલા તેમને ન્યાત બહાર મૂકવામાં આવેલા! તોપણ આપણા આલાસિંગા જેવા ખૂબ નિઃસ્વાર્થી, મહેનતુ અને ગુરુના પરમ ભક્ત માણસો દુનિયામાં બહુ જૂજ જોવા મળે છે; તેમના જેવા આજ્ઞાંકિત શિષ્ય પૃથ્વી પર ભાગ્યે જ મળે! આ મદ્રાસી ભાઈ – માથે મૂંડો, ઘારીવાળો ચોટલો, પગ ઉઘાડા અને ધોતીના પહેરવેશમાં – ફર્સ્ટ ક્લાસમાં આવ્યા. તેઓ તૂતક ઉપર હરેફરે અને ભૂખ લાગે ત્યારે મમરાવટાણા ખાય! જહાજના નોકરો સામાન્યતઃ બધા મદ્રાસીઓને ચેટ્ટી (વેપારી) ગણે, અને માને કે એ લોકો પાસે પુષ્કળ પૈસા હોવા છતાં તેઓ ન તો સારાં કપડાં પહેરે કે ન તો સારો ખોરાક ખાય! પણ અત્યારે આ નોકરો એવું માને છે કે અમારી સોબતથી બ્રાહ્મણ તરીકેની આલાસિંગાની નાત વટલાશે અને તે વાત સાચી પણ છે; કારણ કે અમારી સોબતથી મદ્રાસીઓ પોતાનાં જ્ઞાતિબંધનો ગુમાવે છે.

આલાસિંગાને દરિયાની બીમારી લાગી નહિ. ભાઈ તુરિયાનંદને શરૂઆતમાં થોડી તકલીફ થયેલી પણ હવે તેઓ સ્વસ્થ છે. આથી પ્રવાસના ચાર દહાડા આનંદપૂર્વક વાતચીતમાં પસાર થયા. સામે જ કોલંબો દેખાય છે – આ જ છે સિંહલદ્વીપ, લંકા. શ્રી રામચંદ્રજીએ સેતુ બાંધીને સમુદ્ર ઓળંગ્યો હતો અને લંકાના રાજા રાવણને જીતી લીધો હતો. મેં તે સેતુ



જોયો છે અને રામનંદના મહારાજા સેતુપતિના મહેલમાં જે શિલા ઉપર ભગવાન શ્રીરામચંદ્રે મહારાજાના પૂર્વજને પ્રથમ સેતુપતિ રાજા તરીકે સ્થાપ્યા હતા તે શિલા પણ મેં જોઈ છે. પણ અત્યારના બૌદ્ધ સિલોનીઓ આ વાત સ્વીકારતા નથી. તેઓ કહે છે કે તેમના દેશમાં આ અંગેની કોઈ દંતકથા પણ નથી. પણ તેઓ ના પાડે તેથી શું? આપણા "ગોસાંઈ-જી" (તુલસીદાસજી) તેમના ગ્રન્થમાં તે બાબત લખી ગયા છે, તે શું પૂરતો આધાર નથી? વળી તેઓ પોતાના દેશને સિંહલ કહે છે; તેઓ તેને "લંકા" નહિ કહે. તેઓ તેમ કહી પણ કેમ શકે? તેમની ભાષામાં, કાર્યમાં કે પ્રકૃતિમાં ક્યાંય તીખાશ (બંગાળીમાં લંકાનો અર્થ મરચાં થાય છે) જ નથી. તેઓ ચણિયા પહેરે છે, માથે ચોટલા રાખે છે અને તેમાં વળી એક મોટો કાંસકો ભરાવે છે, બિલકુલ સ્ત્રૈણ દેખાવ! વળી તેમનાં શરીરો દુબળાં, ઠીંગણાં અને સ્ત્રીઓનાં જેવાં નરમ હોય છે. આવા લોકો શું રાવણ અને કુંભકર્ણના વંશજો હોઈ શકે? ન જ હોય. લોકકથા કહે છે કે તેઓ બંગાળમાંથી અહીં આવ્યા છે; ભલે તેમ થયું હોય. બંગાળમાં હાલ પણ કેટલાક એવા લોકો નજરે પડે છે, કે જેમનો પહેરવેશ સ્ત્રીઓના જેવો, ભાષા નરમ નરમ, ચાલ ડગમગતી, કોઈના સામે આંખ માંડીને વાત પણ કરી શકે નહિ! જન્મથી જ પ્રેમકાવ્યો લખે અને વિરહથી રુદન કરે. એવા લોકો ભલે સિલોન જતા; તેમને ત્યાં સોબતીઓ મળી રહેશે! સરકાર શું ઊંઘે છે? હજુ થોડા દિવસ પહેલાં જગન્નાથપુરીમાં કેટલાક એવા લોકોને પકડવા જતાં ધાંધલ ઊભું થયું. વળી પકડીને બહાર મોકલી દેવા જેવા પાટનગર (કલકત્તા)માં પણ ઘણા હોય છે.

વિજયસિંહ નામનો એક તોફાની બંગાળી રાજકુમાર હતો. તે પોતાના પિતા જોડે લડી પડયો અને પોતાના જેવા થોડાએક માણસોને એકઠા કરી વહાણમાં નીકળી પડયો. છેવટે તે સિલોનના ટાપુ ઉપર જઈ પહોંચ્યો. તે વખતે આ દેશમાં એક જંગલી પ્રજા વસતી હતી, જેના વંશજો આજે બદ્દૂ તરીકે ઓળખાય છે. એ જંગલી રાજાએ વિજયસિંહને માનભર્યો આવકાર આપ્યો અને પોતાની પુત્રી પરણાવી. અહીં થોડો કાળ તે શાંતિથી રહ્યો; પણ પછી એક રાત્રિએ પોતાની પત્ની અને સાથે થોડા માણસોને રાખી કાવતરું રચી અચાનક રાજા અને તેના ઉમરાવોની તેણે કતલ કરી

અને પોતે જ રાજા બની બેઠો. પણ તેની દુષ્ટતા અહીંથી જ અટકી નહિ. થોડા દિવસોમાં તે પોતાની આ જંગલી રાણીથી થાકી ગયો; તેણે ભારતમાંથી વધારે માણસો અને વધારે છોકરીઓ આણી અને પોતાની જંગલી પત્નીને તરછોડી દઈ અનુરાધા નામની બંગાળી કન્યાને પરણ્યો. પછી આ સારીયે જંગલી પ્રજાનું નિકંદન કાઢવાનું તેણે શરૂ કર્યું; લગભગ બધા જ મૂળ રહેવાસીઓ મરાયા. જે થોડા બાકી રહ્યા તેઓ હજી વન-જંગલમાં વસે છે. આ પ્રમાણે લંકાનું સિંહલ થયું અને તે જુલ્મગાર બંગાળીઓની વસાહત બન્યું.

સમય જતાં સમ્રાટ અશોકના અમલ દરમિયાન તેનો પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા સંન્યાસવ્રત લઈને ધર્મપ્રચાર કરતાં કરતાં સિંહલદ્વીપ પહોંચ્યાં. તેમણે જોયું કે લોકો સાવ જંગલી બની ગયા હતા. આજીવન પરિશ્રમ કરીને તે માણસોને તેમણે બને તેટલા સંસ્કારી બનાવ્યા, તેમને માટે સારા નીતિનિયમો ઘડયા અને સહુને બૌદ્ધ સંપ્રદાયમાં આણ્યા, થોડા સમયમાં જ સિલોનવાસીઓ ઘણા ચુસ્ત બૌદ્ધો બની ગયા અને દ્વીપની મધ્યમાં જ એક વિશાળ શહેર બાંધ્યું, જેનું નામ અનુરાધાપુરમ્ રાખ્યું. આ શહેરના અવશેષોનું દૃશ્ય આજે પણ જોનારને આશ્ચર્યમુગ્ધ બનાવી દે છે. વિરાટ સ્તૂપો અને ભાંગી ગયેલા પથ્થરનાં મકાનો માઈલોના માઈલો સુધી ઊભેલાં આજે પણ જોવામાં આવે છે. તેમાં મોટા ભાગમાં જંગલો ઊગી નીકળ્યાં છે, તે હજુ સુધી સાફ કરાયાં નથી. મુંડન કરાવેલા, ભિક્ષાપાત્ર ધારણ કરેલા અને પીળાં વસ્ત્ર પહેરેલા ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ સારાય સિલોનમાં ફેલાઈ ગયાં. કોઈ કોઈ સ્થળે વિરાટ મંદિરો ઊભાં કરવામાં આવ્યાં. જેમાં ધ્યાનસ્થ, જ્ઞાનમુદ્રા સાથેની પ્રચારમૂર્તિ, નિર્વાણમાં પ્રવેશતી, પોઢેલી સ્થિતિ – એમ બુદ્ધની વિવિધ મૂર્તિઓ પધરાવવામાં આવી. કોઈ માણસ ખરાબ વર્તણૂક કરે તો તેને નરકમાં કેવી સજા થાય તેનાં ચિત્રો મંદિરની દીવાલો ઉપર ચીતરવામાં આવ્યાં. એમાં કેટલાકને યમદૂતો ફટકા મારતા, કેટલાકને કરવતથી ચીરતા, કેટલાકને બાળતા, કેટલાકને ગરમ તેલની કડાઈમાં ઉકાળતા અને કેટલાકને ચામડી ઊતરડી લેવાતા બતાવવામાં આવ્યા છે. ઘણું ભીષણ દૃશ્ય! જે લોકોનો અહિંસા પરમો ધર્મ છે, તેમનામાં આવું શા માટે હશે તે કોણ જાણે? આ જ



પરિસ્થિતિ ચીન અને જાપાનમાં પણ છે. એક બાજુ અહિંસાની નીતિ અને બીજી બાજુ શિક્ષાની પરિપાટી જોઈને માણસનું લોહી થીજી જાય. આવા એક અહિંસાવાદી માણસના ઘરમાં એક દિવસ ચોર આવ્યો. ઘરના છોકરાઓએ તેને પકડયો અને તેને બરાબર માર મારવા લાગ્યા. આ મોટો કોલાહલ સાંભળી ઘરધણી ઉપરના ઝરૂખામાં ડોકાયો અને તપાસ કરીને પોકારી ઊઠયો: "અરે છોકરાઓ! મારો મા, મારો મા! અહિંસા પરમો ધર્મઃ "છોકરાઓએ ચોરને મારતા અટકી જઈને ઘરધણીને પૂછયું, "ત્યારે આ ચોરને શી સજા કરવી?" તેણે કહ્યું, "તેને કોથળામાં બાંધીને પાણીમાં ફેંકી દો!" ચોર આવા માનવતાભર્યા ન્યાયથી આભારી બની હાથ જોડી કહેવા લાગ્યો: "ઓહો! માલિકની કેવી મહાન દયાદૃષ્ટિ છે!" મેં સાંભળ્યું હતું કે બૌદ્ધો ઘણા શાન્ત લોકો છે, અને સર્વ ધર્મ પ્રત્યે સમદૃષ્ટિવાળા છે. બૌદ્ધ પ્રચારકો કલકત્તામાં આવીને આપણને બહુ વિચિત્ર પ્રકારની ગાળો દે છે છતાં આપણે તેમને ખૂબ માન આપીએ છીએ. એક દિવસ હું અનુરાધાપુરમાં હિન્દુઓ સામે ભાષણ કરતો હતો, બૌદ્ધો સામે નહિ; મારું વ્યાખ્યાન પણ કોઈની માલિકીની જગ્યામાં ન હતું પરંતુ ખુલ્લા મેદાનમાં રાખ્યું હતું. તે વખતે સંખ્યાબંધ બૌદ્ધ સાધુઓ તથા ઘણા પુરુષો અને સ્ત્રીઓનું એક મોટું ટોળું ઢોલ અને કરતાલ બજાવતું આવી પહોંચ્યું અને ભારે મોટું ધાંધલ મચાવ્યું. અલબત્ત વ્યાખ્યાન બંધ જ કરવું પડયું, કેમ કે મારામારીનો ભય ઊભો થયો હતો. મહામુશ્કેલીથી મારે હિંદુઓને સમજાવવું પડયું કે, "આપણે જ થોડી અહિંસા રાખીએ; તેઓ ભલે ન રાખે." અને ત્યારે જ શાંતિ જળવાઈ.

ધીમે ધીમે ઉત્તરમાંથી તામિલ હિંદુઓ સિલોનમાં આવ્યા. સંજોગો પ્રતિકૂળ જોઈને બૌદ્ધો રાજધાની છોડી ગયા અને પહાડી પ્રદેશમાં કાંડી નામનું શહેર વસાવ્યું. પણ તામિલોએ થોડા વખતમાં તે પણ તેમની પાસેથી છીનવી લીધું, અને એક હિંદુ રાજાને સિંહાસને બેસાડયો. ત્યાર પછી યુરોપિયનોનાં ટોળાં આવ્યાં: સ્પેનિશ લોકો, પોર્ટુગીઝો અને વલંદાઓ. છેલ્લે અંગ્રેજોનું રાજ્ય થયું. કાંડીના રાજકુટુંબને તાંજોર મોકલી દેવામાં આવ્યું, જ્યાં તેઓ નિવૃત્તિવેતન ભોગવે છે, અને ઉપરથી રસમ્‌ભાત નિરાંતે આરોગ્યા કરે છે.

સિલોનના ઉત્તર ભાગમાં હિંદુઓ ઘણા છે, જ્યારે દક્ષિણ ભાગમાં બૌદ્ધો અને જુદા જુદા પ્રકારના મિશ્ર જાતિના યુરોપિયનોનો મોટો ભાગ છે. બૌદ્ધોનું મુખ્ય મથક હાલનું પાટનગર કોલંબો છે અને હિન્દુઓનું જાફના છે. ભારત કરતાં અહીં જ્ઞાતિનાં બંધનો ઓછાં છે; બૌદ્ધોમાં લગ્ન વગેરે પ્રસંગે થોડાં દેખાય છે, પણ ખાવાપીવાની બાબતમાં કંઈ પ્રતિબંધ નથી, જ્યારે હિન્દુઓ આ બાબતમાં થોડાંક બંધનો પાળે છે. સિલોનના બધા કસાઈઓ પહેલાં બૌદ્ધો હતા; હવે બૌદ્ધ ધર્મના પ્રચારને કારણે બૌદ્ધ કસાઈઓની સંખ્યા ઘટતી જાય છે. ઘણાંખરાં બૌદ્ધોનાં નામો યુરોપીય ઢબનાં હતાં, પણ હવે તે મોટા પ્રમાણમાં બદલાઈને અસલ પ્રમાણેનાં યોજાતાં જાય છે. બધી હિંદુજ્ઞાતિઓ સેળભેળ થઈ જઈને એક હિંદુ પ્રજા બની છે, જેમાં પંજાબી લોકોની માફક કોઈ પણ માણસ કોઈ પણ જ્ઞાતિની છોકરીને, યુરોપિયન છોકરીને પણ, પરણી શકે છે. પુત્ર મંદિરે જાય, કપાળ ઉપર પવિત્ર ત્રિપુંડ ધારણ કરે અને "શિવ શિવ" બોલીને હિન્દુ બને; પતિ હિન્દુ હોય અને પત્ની ખ્રિસ્તી હોય. ખ્રિસ્તી "નમઃ પાર્વતીપતયે" બોલીને થોડી ભસ્મ કપાળ ઉપર લગાવે કે તુરત જ તે હિન્દુ બની જાય છે. આથી જ ખ્રિસ્તી ધર્મોપદેશકો ખૂબ ખાટા થઈ ગયા છે. સિલોનમાં આવ્યા પછી ઘણા ખ્રિસ્તીઓ માથા ઉપર પવિત્ર ભસ્મ લગાડી 'નમઃ પાર્વતીપતયે' બોલી હિન્દુઓ બન્યા છે અને પોતાની જ્ઞાતિમાં પાછા આવ્યા છે. અહીં અદ્વૈતવાદ અને શૈવવાદ પ્રચલિત છે. "હિન્દુ" શબ્દને બદલે "શૈવ" બોલાય છે. શ્રી ચૈતન્યે જે ધાર્મિક નૃત્ય અને સંકીર્તન બંગાળામાં દાખલ કર્યાં તે તામિલ જાતિમાંથી – દક્ષિણમાંથી આવ્યાં છે. સિલોનની તામિલ શુદ્ધ તામિલ છે અને સિલોનનો ધર્મ તેવી જ રીતે શુદ્ધ તામિલ ધર્મ છે. લાખો માણસોનું ઉત્સાહભર્યું કીર્તન, શિવની સ્તુતિ, હજારો મૃદંગો અને મોટા મોટા કરતાળના અવાજો કરતા, ભસ્મ ચોળેલા, મોટી મોટી રુદ્રાક્ષની માળા પહેરેલા, પહેલવાન જેવાં શરીરોવાળા, લાલચોળ આંખોવાળા તામિલોનું હનુમાન-કૂદકા જેવું ઉન્મત્ત નૃત્ય તમે જ્યાં સુધી ન જુઓ ત્યાં સુધી તમને તેનો ખ્યાલ આવી શકે નહિ.

અમારા કોલંબોના મિત્રોએ અમારે માટે ઊતરવાનો પરવાનો મેળવી રાખ્યો હતો તેથી અમે બંદરે ઊતર્યા અને ત્યાં મિત્રોને મળ્યા. હિન્દુઓમાં



સર કુમારસ્વામી અગ્રગણ્ય છે. તેમનાં પત્ની અંગ્રેજ છે, અને પુત્ર ઉઘાડે પગે કપાળમાં ભસ્મ લગાવેલ છે. શ્રી અરુણાચલમ્ વગેરે મિત્રો અમને મળવા આવ્યા. લાંબે સમયે મેં રસમ્-ભાત ખાધાં અને કિંગ-કોકોનટ (મોટા નાળિયેર)નું પાણી પીધું. મારા કમરામાં પણ તેમણે થોડાંએક લીલાં નાળિયેર રાખ્યાં. હું મિસિસ હિગિન્સને મળ્યો અને બૌદ્ધ છોકરીઓ માટેનું તેમનું છાત્રાલયવાળું વિદ્યાલય જોયું. જૂનાં ઓળખીતાં કાઉન્ટેસ ઑફ કેનોવારાના મઠ અને શાળાની પણ મેં મુલાકાત લીધી. મિસિસ હિગિન્સના શાળાના મકાન કરતાં કાઉન્ટેસની શાળાનું મકાન વધારે મોટું અને સાધન-સમૃદ્ધ હતું. મિસિસ હિગિન્સે જ્યારે ભીખ માગીને આ બધું ઊભું કર્યું છે ત્યારે કાઉન્ટેસે પોતાના ઘરના જ પૈસા વાપર્યા છે. કાઉન્ટેસ બંગાળી ઢબે ભગવી સાડી પહેરે છે. મેં જોયું કે સિલોનના બૌદ્ધોને આ ઢબ બહુ ગમી ગઈ છે. મ પુષ્કળ બહેનોને બંગાળી સાડી પહેરેલી જોઈ.

બૌદ્ધોનું મુખ્ય યાત્રાસ્થાન કાંડીના દાલાદા માલિગાવા એટલે કે દંત-મંદિર છે; ત્યાં ભગવાન બુદ્ધનો એક દાંત રાખવામાં આવ્યો છે. સિલોનીઓ કહે છે કે પહેલાં તે જગન્નાથપુરીના મંદિરમાં હતો, અને પરિસ્થિતિના અનેક વારાફેરા બાદ તે સિલોન પહોંચ્યો; ત્યાં પણ કંઈ થોડી મુશ્કેલી નડી ન હતી. હવે તે સહીસલામત છે. સિલોનીઓએ પોતાનો ઇતિહાસ બહુ સારી રીતે નોંધી રાખ્યો છે; આપણી માફક કેવળ દંતકથાઓ જ નથી. બૌદ્ધશાસ્ત્રના ગ્રંથો પણ પુરાણી માગધી ભાષામાં આ દેશમાં જ સારી રીતે સચવાયા છે. અહીંથી જ બૌદ્ધ ધર્મ બ્રહ્મદેશ, સિયામ વગેરે દેશોમાં ફેલાયો છે. સિલોનના બૌદ્ધો તેમનાં ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખાયેલા માત્ર એક શાક્યમુનિને જ માને છે, અને તેનો ઉપદેશ અનુસરવા પ્રયત્ન કરે છે. નેપાલ, સિક્કિમ, ભૂતાન, લડાખ, ચીન અને જાપાનની માફક તેઓ શિવપૂજા કરતા નથી, તેમ જ રહસ્યમંત્રો દ્વારા તારાદેવીની પૂજા કરવાનું પણ જાણતા નથી. પરંતુ તેઓ ભૂતનો આવેશ થવો વગેરે વાતોમાં માને છે. બૌદ્ધો હવે બે શાખામાં વહેંચાઈ ગયા છે: ઉત્તર અને દક્ષિણ. ઉત્તરની શાખા પોતાને મહાયાન કહેવડાવે છે અને દક્ષિણની શાખા જેમાં સિલોન, બ્રહ્મદેશ અને સિયામના આદિવાસીઓ આવે છે, તેઓ હીનયાન કહેવાય છે. મહાયાન શાખા બુદ્ધને માત્ર નામના જ ભજે છે; તેમની ખરી પૂજા

તારાદેવી અને અવલોકિતેશ્વરની છે, કે જેને જાપાનીઓ, ચીનાઓ અને કોરિયનો વાન્યીન કહે છે. ત્યાં મંત્રતંત્રનો ખૂબ ઉપયોગ કરવામાં આવે છે. તિબેટવાસીઓ શિવના ખરા ગણો છે. તેઓ બધા હિંદુ દેવોની પૂજા કરે છે, ડમરુ વગાડે છે, ખોપરીઓ રાખે છે, મૃત સાધુઓનાં અસ્થિનાં બનાવેલાં શિંગ બજાવે છે, દારૂ અને માંસ ખૂબ ખાયપીએ છે તથા હમેશાં મંત્રો વડે ભૂત કાઢે છે અને રોગ મટાડે છે. ચીન અને જાપાનમાં બધાં મંદિરોની દીવાલ ઉપર મોટા સોનેરી અક્ષરોમાં બીજમંત્રો લખેલા મેં જોયા છે; તેમની લિપિ બંગાળીને એટલી બધી મળતી આવે છે કે તે સહેલાઈથી ઓળખાઈ જાય.

આલાસિંગા કોલંબોથી મદ્રાસ પાછા ગયા. અને અમે પણ કુમારસ્વામી (કાર્તિકેય ભગવાનનાં જુદાં જુદાં નામો છે: જેવાં કે સુબ્રહ્મણ્ય, કુમારસ્વામી વગેરે. દક્ષિણમાં આ દેવની પૂજા બહુ ચાલે છે. તેઓ કાર્તિકેયને પવિત્ર મંત્ર 'ૐ'કારના અવતાર તરીકે માને છે.)ના બાગમાંથી થોડાં લીંબુ, નાળિયેર, શરબતની બે બાટલીઓ વગેરે લઈને અમારા જહાજ ઉપર પાછા આવ્યા.

તારીખ ૨૫મી જૂનની સવારે જહાજે કોલંબો છોડયું. હવે અમારે ભરચોમાસું અનુભવવાનું આવ્યું છે. જેમ જેમ અમારું જહાજ આગળ વધતું જાય છે તેમ તેમ તોફાન વધતું જાય છે. પવન પણ વિશેષ જોરથી ફૂંકાય છે. સતત વરસાદ અને સર્વત્ર ફરી વળતો અંધકાર છે. ભયંકર અવાજ સાથે મોજાંઓ જહાજ સાથે અફળાય છે તેથી તૂતક ઉપર રહેવું અશક્ય બન્યું છે. લાકડાના ચોરસ પડદા નાખી જમવાના મેજના વિભાગ કરવામાં આવ્યા છે, તેમને 'ફિડલ' કહે છે; આથી પીરસેલ ખાણું ટેબલ ઉપરથી સરી જતું નથી, પણ ખાવાની ચીજો કૂદકા તો મારે જ છે. જહાજ પણ કચડાટી કરતો અવાજ કરે છે: જાણે કે હમણાં તેના ટુકડેટુકડા થઈ જશે. કપ્તાન કહે છે, "આ સાલનું ચોમાસું અસાધારણ તોફાની લાગે છે." આ કપ્તાન ઘણો સારો માણસ છે. તેણે ચીન અને ભારત બાજુના સાગરમાં ઘણાં વર્ષો કાઢયાં છે. તે બહુ આનંદી માણસ છે અને અસંભવિત ગપ્પાં મારવામાં પ્રવીણ છે. ચીની મજૂરો જહાજના અધિકારીઓને કેવી



રીતે મારી નાખતા અને આખા જહાજને કેવી રીતે લૂંટી જતા વગેરે ચાંચિયાની ઘણી ઘણી વાતો તે કરે છે. અને બીજું કરી પણ શું શકાય? જોરથી ડોલતા જહાજમાં વાંચવા-લખવાનું અશક્ય હોય છે; કમરામાં રહેવું મુશ્કેલ છે કારણ કે મોજાંઓ અંદર પેસી જવાની બાકીથી બારીઓ બંધ કરી દીધી છે. એક દિવસ ભાઈ તુરિયાનંદે તે થોડી ખુલ્લી રાખી; પણ ત્યાં તો મોજાંની એક નાનકડી છાલક કમરામાં જે પેઠી કે તેને પાણીથ આખો ભરી દીધો. તૂતક ઉપરના તોફાનનું તો વર્ણન જ શું કરવું! તમારે યાદ રાખવું જોઈએ કે આવી સ્થિતિમાં પણ તમારા 'ઉદ્‌બોધન'નું કાર્ય થોડુંઘણું તો ચાલ્યા જ કરે છે.

અમારા જહાજ ઉપર બે ખ્રિસ્તી પાદરીઓ છે, એક અમેરિકન છે, તે પત્ની સહિત છે. માણસ ઘણો સારો છે. તેનું નામ બોગેશ છે. તેને પરણ્યાં સાત વર્ષ થયાં છે અને છ છોકરાંઓ છે. નોકરો તેને ઈશ્વરની ખાસ કૃપા ગણે છે, જોકે બાળકોને તો તેથી જુદો જ અનુભવ હશે. તૂતક ઉપર એક ગંદી પથારી પાથરી બોગેશનાં પત્ની બધાં બાળકોને ત્યાં સુવાડી ચાલ્યાં જાય છે. તેઓ પોતાને ગંદાં બનાવે છે અને જોરથી બૂમરાણ કરતાં તૂતક ઉપર રડે છે. તૂતકના મુસાફરો હમેશાં ગભરાય છે, અને રખેને બોગેશનું કોઈ છોકરું પગ નીચે આવી જાય તે ભયથી તૂતક ઉપર ફરતા જ નથી. નાનામાં નાની બેબીને ઊંચી દીવાલવાળી ચોરસ ટોપલીમાં બેસાડીને મિસ્ટર અને મિસિસ બોગેશ ચાર કલાક સુધી એક ખૂણે ભરાઈને એકબીજાને પકડીને બેસે છે. બાપુ, તમારી આ યુરોપીય સંસ્કૃતિ સમજવી માણસને મુશ્કેલ પડે એવી છે. અમે જો જાહેરમાં કોગળા કરીએ કે દાતણ કરીએ તો કહો છો કે તે જંગલીપણું છે; આવું બધું ખાનગીમાં કરવું જોઈએ. પણ હું તમને પૂછું છું કે ઉપર કહ્યા પ્રમાણે બોગેશના જેવાં કાર્યો જાહેરમાં કરવાનું બંધ કરવું તે શું શિષ્ટ નથી? અને તમે આ સંસ્કૃતિની પાછળ ઘેલા થાઓ છો! પણ ઉત્તર યુરોપમાં પ્રૉટેસ્ટન્ટ ધર્મે કેટલું ભલું કર્યું છે તે જ્યાં સુધી પ્રૉટેસ્ટન્ટ પાદરીને નહિ જુઓ ત્યાં સુધી તમે સમજી શકશો નહિ. જો દશ કરોડ અંગ્રેજ લોકો મરી જાય અને માત્ર પાદરીઓ જ જીવતા રહે, તોપણ બીજાં વીસ વર્ષમાં બીજા દશ કરોડ પેદા થવાના!

જહાજ ડોલે છે તેથી ઘણાખરા મુસાફરોનાં માથાં દુ:ખે છે. ટૂટલ નામની એક છોકરી પોતાના પિતા સાથે મુસાફરી કરી રહી છે; તેની માતા ગુજરી ગઈ છે. આપણી નિવેદિતા ટૂટલ અને બોગેશનાં બાળકોની માતા બની ગઈ છે. ટૂટલ મૈસૂરમાં તેના પિતા પાસે ઊછરી છે; એ એક બગીચાનો માલેક છે. મેં ટૂટલને પૂછ્યું: "કેમ છે?" તેણે ઉત્તર આપ્યો: "આ બંગલો સારો નથી; તે બહુ ડોલે છે તેથી હું માંદી પડી છું." તેને મન દરેક ઘર બંગલો છે. બોગેશના એક માંદા બાળક પ્રત્યે બહુ બેકાળજી રખાય છે. આખો દિવસ તે બિચારું તૂતકના લાકડા ઉપર દડયા કરતું હોય છે. વૃદ્ધ કપ્તાન વારંવાર પોતાના ઓરડામાંથી આવીને ચમચા વડે તેને થોડોક સૂપ પાય છે, અને તેના દૂબળા પગ બતાવીને કહે છે: "કેવું માંદલું બાળક! કેવી ખરાબ બેદરકારી!"

ઘણાં શાશ્વત સુખની ઇચ્છા રાખે છે; પણ જો સુખ શાશ્વત હોય તો દુ:ખ પણ તેમ જ હોય તેનું શું? એમ હોત તો અમે શું કદીયે એડન પહોંચ્યા હોત? પણ સદ્‌ભાગ્યે સુખ કે દુ:ખ એકે નિત્ય નથી. તેથી અમારી છ દિવસની યાત્રા ચૌદ દિવસ લંબાઈ અને રાતદિવસ ભયંકર તોફાન અને વરસાદ વચ્ચે હેરાન થતા થતા છેવટે અમે એડન પહોંચ્યા. અમે કોલંબોથી જેમ જેમ આગળ વધ્યા તેમ તોફાન અને વરસાદ પણ વધ્યાં. આકાશ જાણે કે તળાવ બની ગયું; વરસાદ અને પવન વધતાં જ ગયાં. આવા સખત પવન અને મોજાંઓ સામે થઈને જવાનું જહાજને માટે અશક્ય હતું; તેની ગતિ અર્ધી થઈ ગઈ. સોકોત્રાના દ્વીપ પાસે તો ચોમાસું ખરાબમાં ખરાબ કક્ષાએ હતું. કપ્તાને કહ્યું કે મોન્સૂનના પવનનું આ કેન્દ્ર છે, અને આને આપણે પસાર કરી જઈશું એટલે પછી ધીરે ધીરે શાંત દરિયામાં પહોંચશું. અને બન્યું પણ એમ જ. આ ભૂતાવળનો પણ અંત આવ્યો.

તારીખ ૮મીની સાંજે અમે એડન પહોંચ્યા. અહીં કાળા કે ગોરા કોઈ પણ માણસને ઊતરવા દેવામાં આવતા નથી, તેમ જહાજમાં કોઈ માલ પણ લેવામાં આવતો નથી. અહીં જોવાનું પણ ઝાઝું કંઈ નથી. રજપૂતાનાની સાથે સરખાવાય તેવો કેવળ રણપ્રદેશ છે; ઝાડ કે લીલોતરી વિનાની ટેકરીઓ છે. ટેકરીઓની વચ્ચે કિલ્લાઓ છે, તેની ઉપર સૈનિકોની



બરાકો છે. આગળના ભાગમાં અર્ધચંદ્રાકાર ગોઠવાયેલી હોટલો અને દુકાનો જહાજમાંથી જોઈ શકાય છે. ઘણાં જહાજો નાંગરેલાં પડયાં છે. એક અંગ્રેજ અને એક જર્મન મનવાર પણ આવ્યાં છે; બાકીનાં જહાજો માલવાહક કે મુસાફરીનાં છે. ગયે વખતે મેં એડન જોયું હતું. ટેકરીઓની પાછળ દેશી સિપાઈઓની છાવણીઓ અને બજાર છે. ત્યાંથી થોડા માઈલ દૂર ટેકરીઓમાં મોટા મોટા ખાડાઓ ખોદેલા છે, તેમાં વરસાદનું પાણી એકઠું કરાય છે. આગાઉ તો એ પાણી ઉપર જ આધાર હતો, પણ હવે યંત્ર દ્વારા દરિયાનાં પાણીની વરાળ કરીને અને પછી ઠારીને શુદ્ધ જળ બનાવાય છે. જોકે તે ઘણું મોંઘું છે. એડન જાણે કે ભારતનું જ એક શહેર હોય તેવું છે; ત્યાં મુલકી તેમ જ લશ્કરી હિંદીઓની વસ્તીનું પ્રમાણ મોટું છે; પારસી દુકાનદારો અને સિંધી વેપારીઓ પણ ઘણા છે. એડન બહુ પ્રાચીન સ્થળ છે; રોમના શહેનશાહ કૉન્સ્ટન્ટિયસે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા પાદરીઓની એક ટુકડી મોકલાવેલી. આગળ જતાં આરબોએ સામે થઈને આ પાદરીઓને મારી નાખ્યા આથી રોમના સમ્રાટે એબિસિનિયાના ખ્રિસ્તી ધર્મી રાજાને તે લોકોને સજા કરવા જણાવ્યું. એબિસિનિયાના રાજાએ લશ્કર મોકલીને એડનના આરબોને ભારે શિક્ષા આપી. ત્યાર પછી એડન ઈરાનના સામાનિદી રાજાઓને હાથ ગયું. કહેવાય છે કે પાણીના સંગ્રહ માટે ટેકરીઓમાં ખાડા ખોદનારા પ્રથમ તેઓ જ હતા. તે પછી ઇસ્લામ ધર્મના ચડતા જુવાળમાં એડન આરબોના હાથમાં ગયું. થોડા કાળ પછી એક પોર્ટુગીઝ સેનાપતિએ તેને કબજે કરવા નિષ્ફળ પ્રયત્નો કર્યા; ત્યાર પછી તુર્કસ્તાનના સુલતાને હિન્દી મહાસાગરમાંથી પોર્ટુગીઝોને હાંકી કાઢવા એડનને દરિયાઈ લડાયક જહાજો માટેનું મથક બનાવ્યુ.

વળી પાછું તે પડોશના અરબસ્તાની રાજાના કબજામાં આવ્યું. પછી અંગ્રેજોએ તેને ખરીદી લઈને હાલનું શહેર બાંધ્યું. આજે દરેક શક્તિશાળી દેશની મનવારો આખી દુનિયામાં ફરે છે, અને તેના કોઈ પણ ભાગમાં કંઈ તકલીફ ઊભી થાય તો દરેક તેમાં પોતાનો અભિપ્રાય આપવા માગે છે. દરેક પ્રજા પોતાની મહત્તા, રાજકીય હિત અને વ્યાપાર સહીસલામત રાખવા માગે છે. આ માટે વારંવાર તેમને કોલસાની જરૂર પડે છે, અને લડાઈના લાંબા સમયમાં દુશ્મન દેશમાંથી કોલસો મેળવવો મુશ્કેલ પડે

તેથી દરેક રાષ્ટ્ર પોતાનું આગવું કોલસાનું મથક ખોલવા માગે છે. સારાં સારાં મથકો અંગ્રેજોએ પોતાને કબજે લઈ લીધાં છે; ત્યાર પછી આવે છે ફ્રાન્સ; અને તેમના પછી અન્ય યુરોપીય સત્તાઓએ પોતપોતાની એક એક જગ્યા બળજબરીથી ખરીદીને કે ખુશામત કરીને મેળવી લીધી છે અને હજુ મેળવી રહી છે. યુરોપ અને એશિયાને જોડનાર કડી સુએઝની નહેર છે, તે ફ્રેન્ચ સત્તાની હકૂમત તળે છે. આથી અંગ્રેજોએ એડનમાં પોતાની સ્થિતિ સંગીન બનાવી છે, અને બીજી સત્તાઓએ પણ રાતા સમુદ્રને કિનારે પોતાને માટે એકએક જગ્યા રાખી લીધી છે. ભૂમિપ્રદેશનો આ લોક કેટલીક વાર ખતરનાક પરિણામ પણ લાવે છે. સાત સૈકા સુધી પરદેશી સત્તા નીચે ચગદાયેલું ઇટાલી મહામુસીબતે પગભર થયું; પણ ત્યાર પછી તરત જ તે વિચારવા લાગ્યું કે અમે શક્તિશાળી બન્યા છીએ! હવે દિગ્વિજય કરીશું. પરંતુ યુરોપમાં તો જમીનનો એક ટુકડો પણ મેળવી શકાય નહિ, કારણ કે જો કોઈ તેમ કરવા જાય તો બધા ભેગા થઈને તેનો વિરોધ કરે. એશિયામાં પણ મોટી સત્તાઓ – અંગ્રેજ, રશિયન, ફ્રેન્ચ અને ડચ સત્તાઓએ હાથ નહિ કરેલી એવી જગ્યાઓ થોડી જ બાકી રહી છે. હવે માત્ર આફ્રિકામાં બેચાર ટુકડા બાકી રહેલા છે, એટલે ઇટાલી તે તરફ ચાલ્યું. પ્રથમ તેણે ઉત્તાર આફ્રિકામાં પ્રયાસ કર્યો; ત્યાં ફ્રેન્ચોએ તેમનો સામનો કરવાથી તે અટકી ગયું. પછી રાતા સમુદ્ર ઉપર અંગ્રેજોએ તેને થોડી જમીન આપી; ઉદ્દેશ એ હતો કે તે સ્થળેથી ઇટાલી એબિસિનિયાનો મુલક કબજે કરે. ઇટાલી પણ લશ્કર લઈને આગળ વધ્યું; પણ એબિસિનિયાના રાજા માનાલિકે તેને એવો સખત માર માર્યો કે તેને આફ્રિકામાંથી નાસી જઈને બચવું મુશ્કેલ થઈ પડ્યું. વળી એવું પણ કહેવાય છે કે રશિયાનો અને એબિસિનિયાનો ખ્રિસ્તી ધર્મ એકસરખો હોવાથી રશિયાનો ઝાર અંદરખાનેથી એબિસિનિયાનો મિત્ર છે.

વારુ, અમારું જહાજ હવે રાતા સમુદ્રમાંથી પસાર થાય છે. પાદરીભાઈએ કહ્યું: "આ છે રાતો સમુદ્ર. યહૂદી નેતા મોઝિઝ તેના અનુયાયીઓ સહિત પગે ચાલીને તેને ઓળંગી ગયા હતા. ઇજિપ્તના રાજા ફેરોએ તેમને સહુને પકડવા જે સૈન્ય મોકલ્યું હતું તેના યુદ્ધરથનાં પૈડાં મહાભારતમાં કર્ણના રથનાં પૈડાંની પેઠે કાદવમાં ખૂંચી ગયાં, અને લશ્કર



સમુદ્રમાં ડૂબી મર્યું." તેણે વિશેષમાં કહ્યું કે હવે આધુનિક વૈજ્ઞાનિક, તર્ક દ્વારા તે હકીકત સાબિત કરી શકે તેમ છે. હમણાં હમણાં દરેક દેશમાં ધાર્મિક ચમત્કારોનું કંઈક વૈજ્ઞાનિક કારણ આપીને તેને તે રીતે સાબિત કરવાની એક ફૅશન ચાલી છે. મારા મિત્ર! જો પ્રકૃતિનાં બળોના પરિણામે આ ઘટનાઓ બનવા પામતી હોય, તો તમારા દેવ 'યાવેહ' શા માટે વચ્ચે પડે? આ એક મહાન ધર્મસંકટ છે! – કે આ ચમત્કારો જો વિજ્ઞાનથી વિરુદ્ધ હોય તો તે પરીકથા સમાન બને અને તમારો ધર્મ મિથ્યા બને. અગર જો તમને વિજ્ઞાનનો આધાર મળી જાય, તો તમારા દેવોનો મહિમા નિરર્થક બની જાય છે, અને તે ઘટનાઓ કુદરતી રીતે પોતાની મેળે બની છે એમ ગણાય. આના જવાબમાં પાદરી બોગેશે કહ્યું: "તેમાં સમાયેલા મુદ્દાઓ હું જાણતો નથી; હું તો માત્ર શ્રદ્ધા રાખું છું." આ બરાબર છે; ચલાવી લેવાય તેવું છે. પણ એવા પણ માણસો હોય છે કે જેઓ બીજાના વિચારોની ટીકા કરવામાં અને તેમની સામે દલીલો લાવવામાં કુશળ હોય છે, પણ જ્યારે તેમના પોતા પર ગદા આવે છે ત્યારે માત્ર આટલું જ કહે છે: "હું આમાં શ્રદ્ધા રાખું છું; મારું મન આમ કહે છે." આવા માણસોની વાત તદ્દન અસહ્ય છે! વાહ તેમની બુદ્ધિ! પણ ત્યાં બુદ્ધિ છે જ ક્યાં? તેમને મન તો બીજાઓની શ્રદ્ધા એટલે વહેમ – ખાસ કરીને યુરોપિયનો એમ કહેતા હોય ત્યારે – જ્યારે પોતાની વાતમાં તો ધર્મની કંઈક કંઈક અદ્ભુત કલ્પના કરીને ભાવથી તરબોળ બની જતા હોય છે.

જહાજ ધીરે ધીરે ઉત્તાર તરફ જતું જાય છે. આ રાતા સમુદ્રના કિનારાઓ પ્રાચીન સંસ્કૃતિનાં મહાન કેન્દ્રો હતાં. તેના આ કિનારે મિસર અને સામે કિનારે અરબસ્તાનનું રણ છે. આ તે જ પ્રાચીન મિસર દેશ જ્યાં હજારો વર્ષો પૂર્વે આ મિસરવાસીઓ પુન્ટથી (સંભવિત રીતે મલબારથી) નીકળી, રાતા સમુદ્રને પાર કરી, ધીમે ધીમે પોતાનું રાજ્ય વધારતા વધારતા ઉત્તારમાં આવી પહોંચ્યા. તેમની સત્તા, રાજ્ય અને સંસ્કૃતિનો વિસ્તાર અદ્ભુત હતો. ગ્રીકો આ લોકોના જ શિષ્યો હતા. તેના રાજાઓની અદ્ભુત કબરો એટલે પિરામિડો, અર્ધનારી અર્ધસિંહની મૂર્તિ જેવું સ્ફિંક્સ અને તેમનાં શબો (મમી) પણ આજ દિન સુધી જળવાઈ રહ્યાં છે. વાંકડિયા વાળ, કાછડી માર્યા વગરની સફેદ ધોતી, કાનમાં કુંડલ, એવા મિસરી લોકો અહીં રહેતા.

હાઈકસોસ વંશ, ફેરોના વંશો, ઈરાની બાદશાહો, મહાન સિકંદર, ટોલેમીઓ અને રોમન તેમ જ આરબ વિજેતાઓની યાદગાર રંગભૂમિ આ જ મિસર છે. ઘણાં સૈકાંઓ પૂર્વે તેઓ પોતાનો ઈતિહાસ પેપીરસ કાગળ ઉપર, પથ્થરની શિલાઓ ઉપર અને માટીનાં વાસણોની બાજુઓ ઉપર ચિત્રમય અક્ષરોથી વિસ્તારપૂર્વક લખી ગયા છે.

આ એ જ ભૂમિ છે કે જ્યાં આઈસિસની પૂજા થતી અને હૉરસ પ્રસિદ્ધ હતા. આ પ્રાચીન ઈજિપ્તવાસીઓના મત પ્રમાણે જ્યારે મનુષ્ય મરે છે ત્યારે તેનું સૂક્ષ્મ શરીર બહાર ભટકે છે; શબને જો કંઈ પણ ઈજા કરવામાં આવે તો સૂક્ષ્મ શરીરને હાનિ પહોંચે છે, અને જો આ મૃત શરીરનો નાશ થાય તો સૂક્ષ્મ શરીરનો પણ તદ્દન નાશ થાય છે. તેથી જ મૃત શરીરને સાચવવા આટલો બધો પ્રયાસ થયો છે; માટે જ રાજાઓ અને બાદશાહોના પિરામિડો રચાયા હતા. કેવી કુશળતા! કેટલી મહેનત! પરંતુ હાય, બધું જ નિરર્થક! ધનથી લલચાઈ ડાકુઓએ પિરામિડો ખોદ્યા અને વિવિધ ઉપાયે ગુફાઓના રસ્તાઓનાં રહસ્યોને ભેદીને રાજવંશી શબોને ઉઠાવી ગયા. આજના કાળમાં નહિ; તે કામ પ્રાચીન ઈજિપ્તવાસીઓનું જ હતું. પાંચસાત સૈકાંઓ પહેલાં આ સુકાઈ ગયેલાં શબોને યહૂદી અને આરબ હકીમો બહુ ઔષધયુક્ત ગુણોવાળા લેખતા, અને સારાયે યુરોપમાં દર્દીઓને તે ખવરાવતા. કદાચ આજ દિવસ સુધી યુનાની અને હકીમી દવાઓમાં મુખ્ય હોય છે અસલી "મુમિયાં" (મમી કરીને સાચવી રાખેલ શબ)!

ટોલેમી વંશના શાસન દરમિયાન સમ્રાટ અશોકે ઈજિપ્તમાં ઉપદેશકો મોકલેલા. તેઓ ધર્મનો ઉપદેશ કરતા, રોગો મટાડતા, શાકાહારી હતા, બ્રહ્મચર્ય પાળતા અને સંન્યાસી શિષ્યો બનાવતા. તેમણે ઘણા સંપ્રદાયો સ્થાપ્યા હતા: થેરાપ્યુટે, એસેનીસ, મનીકીઅન્સ વગેરે હાલના ખ્રિસ્તી ધર્મનો તેમાંથી ઉદ્‌ભવ થયો છે. ટોલેમીઓના શાસનકાળમાં ઈજિપ્ત જ સર્વ વિદ્યાઓનું ધામ બની રહ્યું હતું. જે એલેક્ઝાન્ડ્રિયા શહેરનાં વિદ્યાલય, પુસ્તકાલય અને વિદ્વાનો જગપ્રસિદ્ધ થયા તે અહીં જ હતું. એ એલેક્ઝાંડ્રિયા અભણ, ધર્માંધ, અધમ ખ્રિસ્તીઓના હાથમાં પડીને વિનાશ પામ્યું; તેનું પુસ્તકાલય આગમાં ભસ્મીભૂત થયું અને વિદ્યાનો નાશ થયો. ક્રિશ્ચિયનોએ છેવટની વિદુષી હાઈપેસીઆને મારી નાખીને તેના નગ્ન શબને રસ્તાઓ પર



ઘસડયું, એટલે સુધી કે એના અસ્થિ પરનો એકેએક માંસનો લોચો બહાર નીકળી પડયો!

અને દક્ષિણે, વીરોની જન્મભૂમિ અરેબિયાનાં રણો પડયાં છે. તમે કદી ઝબ્બો પહેરેલા, ઊનની દોરીઓથી માથા પર રૂમાલ બાંધેલા બદ્દુ આરબોને જોયા છે? તેમની ચાલવાની રીત, ઊભા રહેવાની ઢબ અને તેમની દૃષ્ટિ બીજા કોઈ દેશમાં નહિ મળે. નખથી શિખ સુધી જેનામાંથી રણના મુક્ત વાતાવરણની સ્વતંત્રતા નીતરે છે, તે જ આ આરબ છે. જ્યારે ખ્રિસ્તીઓની ધર્માંધતા અને ગોથ લોકોની હેવાનિયતથી પ્રાચીન ગ્રીક અને રોમન સંસ્કૃતિ નાશ પામી, જ્યારે ઈરાન પોતાનો આંતરિક સડો સુવર્ણનાં પડ ઉપર પડ ચડાવીને ઢાંકવાનો પ્રયાસ કરતું હતું, જે સમયે ભારતમાં પાટલીપુત્ર અને ઉજ્જૈનનો મહિમાવંત સૂર્ય આથમી જઈને મૂર્ખ અને જુલમી રાજાઓનાં રાજ્યમાં અંદરથી ભીષણ અશ્લીલતા અને કામવિલાસની પૂજા જામ્યાં હતાં, ત્યારે જગતની એવી દશાને કાળે આ નાનકડી, અર્ધ જંગલી આરબજાતિ પૃથ્વીના પડ ઉપર વીજળીવેગે ફરી વળી.

સામે તમે મક્કાથી આવતી યાત્રાળુઓથી ભરેલી આગબોટ જુઓ; યુરોપીય પોશાકમાં સજ્જ થયેલો ટર્ક, અર્ધ યુરોપીય ઢબના પોશાકમાં ઈજિપ્તવાસી, ઈરાની પોશાકમાં સીરિયાવાસી મુસ્લિમ અને લુંગી પહેરેલો ખરો આરબ તેમાં દેખશો. હઝરત મહંમદ સાહેબના સમય પહેલાં તો કાબાની પ્રદક્ષિણા નગ્ન થઈને કરવાની પ્રથા હતી; એમના સમયથી લુંગી વીંટવાની પ્રથા શરૂ થઈ. આ કારણે આપણા દેશના મુસલમાનો નમાજ વખતે પોતાના પાયજામાની દોરી છોડી નાખે છે અને ધોતી પહેરેલ હોય તો તેનો કચ્છ છોડી નાખે છે. આરબોના તે દિવસો ચાલ્યા ગયા છે. કાફીર, સીદી અને એબિસિનિયનોના લોહીનું સતત મિશ્રણ થવાથી તેમનાં શરીરનો દેખાવ, ઉત્સાહ બધુંય બદલાઈ ગયું છે—રણભૂમિના આરબો તેમની પૂર્વેની મહત્તા અને ગૌરવહીન બની ગયા છે. જેઓ ઉત્તરમાં રહે છે તેઓ તુર્ક સામ્રાજ્યના શાંત શહેરીઓ બન્યા છે. પણ સુલતાની ખ્રિસ્તી પ્રજા તુર્કોને ધિક્કારે છે અને આરબોને ચાહે છે. તેઓ કહે છે કે, આરબો શિક્ષણ લે છે, ભદ્ર બને છે અને તેટલા તોફાની નથી, જ્યારે ખરા તુર્કો ખ્રિસ્તીઓ ઉપર પુષ્કળ જુલમ ગુજારે છે.

રણભૂમિ ઘણી ગરમ હોવા છતાં તે ગરમી શક્તિ હરનારી નથી; જો તમે તમારા શરીર અને માથાને ઢાંકી રાખો તો વિશેષ તકલીફ પડતી નથી. સૂકી ગરમી નિર્બળ બનાવતી નથી એટલું જ નહિ, ઊલટું વધારે શક્તિ આપનારી છે. રજપૂતાના, અરબસ્તાન અને આફ્રિકાના લોકો આની સાબિતી છે. મારવાડના કેટલાક પ્રદેશમાં ત્યાંના લોકો, પશુઓ, ઘોડાઓ વગેરે બધાં શક્તિશાળી અને મોટા કદનાં હોય છે. આરબો અને સીદીઓને જોવામાં આનંદ આવે છે. જ્યાં બંગાળની માફક ગરમીમાં ભેજ છે ત્યાં શરીરો જલદી થાકી જાય છે, અને દરેક પ્રાણી નબળું હોય છે.

રાતા સમુદ્રના નામથી મુસાફરો ડરી જાય છે. ત્યાં ભયંકર ગરમી હોય છે; તેમાં પણ આ ઉનાળો હોવાથી તો વાત ન પૂછો! દરેક માણસ તૂતક ઉપર બેઠા બેઠા કોઈ ને કોઈ ભયંકર દુર્ઘટનાની પોતાની જાણેલી કે સાંભળેલી વાતો કરે છે. કપ્તાને તે બાબતમાં બધાને હરાવ્યા છે. તે કહે છે કે થોડા દિવસો પહેલાં એક ચીની મનવાર આ રાતા સમુદ્રમાંથી પસાર થતી હતી ત્યારે તેનો કપ્તાન અને આઠ કોલસાવાળા ખલાસીઓ આ ગરમીથી જ મરણ પામ્યા હતા.

ખરેખર; કોલસાવાળાઓને એક તો આગના ભઠ્ઠા સામે ઊભું રહેવું પડે છે, અને ઉપરાંત આ રાતા સમુદ્રની ભયંકર ગરમી. કોઈ કોઈ વાર તો તેઓ પાગલ બની જઈ તૂતક ઉપર ધસી આવે છે અને દરિયામાં કૂદી પડીને ડૂબી મરે છે; અથવા કોઈ વખત એંજિન રૂમમાં જ ગરમીથી બફાઈ, ત્યાં જ બેભાન થઈને મરી જાય છે.

આ વાતો અમને લગભગ ગભરાવી દેવા માટે પૂરતી હતી; પણ સદ્‌ભાગ્યે તેવી ગરમીનો અમને જરાયે અનુભવ ન થયો. દક્ષિણમાંથી પવન વાવાને બદલે ઉત્તરમાંથી ભૂમધ્ય સમુદ્રની ઠંડી હવા આવતી હતી.

તારીખ ૧૪મી જુલાઈના રોજ જહાજ રાતો સમુદ્ર પૂરો કરીને સુએજ પહોંચ્યું. સામે સુએજની નહેર છે. જહાજમાં સુએજ માટેનો માલ છે. વળી હમણાં ઇજિપ્તમાં પ્લેગ ચાલે છે, અને કદાચ અમે પણ તેના જંતુઓ લાવતા હોઈએ, એટલે બંને બાજુ ચેપનો ભય છે. અહીં ચેપની બીકને લીધે પરસ્પર અળગા રાખવાની જે રીત દાખલ કરવામાં આવી છે તેને



મુકાબલે આપણા દેશની આભડછેટ તો કાંઈ હિસાબમાં નથી. માલ ઉતારાય, પણ સુએજના મજૂરો જહાજને અડકે નહિ; આથી જહાજના ખલાસીઓને ખૂબ મુસીબત પડી. તેઓ જ મજૂરો તરીકે ક્રેન દ્વારા માલ ઊંચકીને અદ્ધરથી નીચે સુએજી હોડીઓમાં ફેંકતા, અને હોડીઓ માલને કિનારે લઈ જતી. કંપનીનો એજન્ટ નાની લૉંચમાં જહાજની નજીક આવે છે પણ તેને અંદર દાખલ થવા દેવામાં આવતો નથી. લૉંચમાં બેઠાં બેઠાં જહાજના કપ્તાન સાથે તે વાતો કરે છે. આ ભારત નથી કે જ્યાં ગોરો માણસ પ્લેગ વગેરેના નિયમોથી પર હોય! અહીંથી યુરોપનો આરંભ થાય છે; અને આ બધી સાવચેતી એટલા માટે લેવામાં આવે છે કે રખે ને ઉંદરથી ફેલાતો પ્લેગ આ સ્વર્ગમાં પણ દાખલ થઈ જાય! પ્લેગનાં જંતુઓને પાકવાનો સમય દસ દિવસનો છે, એટલે આ દસ દિવસો માટે અમારે ત્યાં જ રોકાવાનું (ક્વૉરૅન્ટીન) હતું. અમો તે સમય પસાર કરી ગયા છીએ, તેથી અમારી મુશ્કેલી દૂર થઈ છે. પણ જો અમે કોઈ પણ ઇજિપ્તવાસીને અડી જઈએ તો ફરી બીજા દસ દિવસનો પ્રતિબંધ મૂકવામાં આવે, અને ત્યારે તો નેપલ્સ કે માર્સેલ્સમાં પણ કોઈ ઊતરી શકે નહિ. આથી બધું કામ દૂરથી સ્પર્શ થવા દીધા વિના જ કરવામાં આવે છે. પરિણામે ધીમે ધીમે માલ ઉતારવામાં તેમને આખો દિવસ લાગવાનો. જો જહાજ સાથે જ વીજળી બત્તીઓ — સર્ચલાઈટ જોડેલી હોય તો તે રાતે પણ સહેલાઈથી નહેરમાંથી પસાર થઈ શકે; પણ તે ગોઠવવા માટે સુએજના લોકોએ જહાજને અડવું પડે, અને તો દસ દિવસનો પ્રતિબંધ લાગુ થાય! આથી રાતે આગળ જવાશે નહિ અને અમારે આમ ને આમ ચોવીસ કલાક સુધી સુએજના બંદરમાં રોકાઈ રહેવું પડશે. આ બંદર ઘણું રમણીય અને કુદરતી બનેલું છે; લગભગ ત્રણે બાજુએ રેતીની ટેકરીઓ અને પહાડ છે. પાણી પણ પુષ્કળ ઊંડું છે. ઘણા જાતની માછલીઓ અને શાર્કો અંદર તરતી ફરે છે. આ બંદર અને ઑસ્ટ્રેલિયાના સિડની બંદરમાં જેટલા મોટા પ્રમાણમાં શાર્ક માછલીઓ છે, તેટલી બીજાં કોઈ બંદરોમાં નથી. તક મળતાં માણસને ભરખી જવા તે તૈયાર જ હોય છે! કોઈની તાકાત નથી કે પાણીમાં ઊતરવાની હિંમત કરે. માણસો પણ સર્પ અને શાર્કના ખરા દુશ્મનો છે, અને તેમને મારી નાખવાની કોઈ તક જતી કરતા નથી.

સવારમાં નાસ્તા પહેલાં જ ખબર મળી કે જહાજની પાછળ મોટી મોટી શાર્ક માછલીઓ ફરતી હતી. જીવતી શાર્ક માછલીને જોવાની મને પહેલાં કદી તક મળી ન હતી. ગયે વખતે હું આવ્યો ત્યારે જહાજ સુએજમાં બહુ થોડા સમય માટે રોકાયેલું અને તે પણ શહેરની નજીક. શાર્કની વાત સાંભળતાંવેંત અમે ત્યાં પહોંચ્યા. જહાજના પાછળના ભાગમાં બીજો વર્ગ હતો, અને તેના તૂતક ઉપર કઠોડો પકડીને, પુરુષો, સ્ત્રીઓ અને બાળકોનાં ટોળેટોળાં નીચાં નમીને શાર્ક માછલીઓ જોતાં હતાં. અમે તે સ્થળે પહોંચ્યા ત્યારે શાર્કો જરા દૂર ચાલી ગઈ હતી તેથી અમે ઘણા નાસીપાસ થયા; પણ ચાંચ જેવાં માથાંવાળી બીજી માછલીઓનાં ટોળાં અમે જોયાં. ત્યાં મોટા પ્રમાણમાં એક બીજી જાતની ઘણી નાની નાની માછલીઓ હતી. વચ્ચે વચ્ચે દેખાવમાં હિલ્સા માછલી જેવી એક એક મોટી માછલી તીરની ઝડપે આમ-તેમ દોડાદોડી કરતી હતી. મને લાગ્યું કે તે શાર્કનાં બચ્ચાં હશે પણ તપાસ કરતાં માલૂમ પડયું કે તેમ નહોતું; તેનું નામ બોનીટો હતું. પહેલાં મેં તેને વિષે વાંચેલું, અને મેં એમ પણ વાંચેલું કે માલદીપ ટાપુઓમાંથી સૂકવેલી માછલી તરીકે મોટી હોડીઓમાં બંગાળમાં તેની આયાત કરવામાં આવે છે. એમ પણ સાંભળેલું કે તેનું માંસ લાલ અને સ્વાદિષ્ટ હોય છે. હવે તેની તાકાત અને ઝડપ જોવાની અમને મજા પડી. આટલી મોટી માછલી તીરવેગે પાણીમાં દોડતી હતી, અને કાચ જેવા સ્વચ્છ પાણીમાં તેનું દરેકેદરેક હલનચલન સ્પષ્ટ દેખાતું હતું. આમ અમે બોનીટોની દોડાદોડી અને નાની માછલીઓનું હલનચલન લગભગ વીસ મિનિટ કે અર્ધા કલાક સુધી જોયા કરતા હતા. અર્ધોપોણો કલાક વીતી ગયો; અમે લગભગ કંટાળી ગયા. એટલામાં કોઈએ બૂમ પાડી: “જુઓ, જુઓ, તે આવે છે!” મેં નજર નાખી જોઈ તો થોડે દૂર એક કાળી મોટી વસ્તુ પાણીની સપાટીથી છસાત ઇંચ નીચે આવતી હતી. ધીમે ધીમે તે નજીક ને નજીક આવતી ગઈ. મોટું ચપટું માથું નજરે પડયું. ગતિ ધીમી છે; તેમાં બોનીટોની ઝડપ નથી. પણ એક વખત જ્યાં માથું ફેરવ્યું ત્યાં તો એક મોટું કૂંડાળું પડયું. ખરેખર ભયંકર મચ્છ! ધીર ગંભીર ગતિથી તે આગળ આવે છે. તેની આગળ એકબે નાની માછલીઓ છે અને સંખ્યાબંધ ઝીણી ઝીણી માછલીઓ તેના પેટ, પીઠ અને સારાયે શરીર ઉપર રમી રહેલ છે; કેટલીક તો તેના



ગળાને ચોંટી રહી છે. પોતાના અનુયાયીઓની સાથે આવતી આ જ શાર્ક માછલી! તેની આગળ ચાલતી માછલીઓ પાયલોટ માછલીઓ કહેવાય છે. તેઓ શાર્કને તેનો શિકાર બતાવે છે, અને કદાચ શાર્કના ભોજન પછી તેમને તેના કટકાબટકા મળે છે. પરંતુ શાર્કનું ઉઘાડું મોઢું જોઈએ ત્યારે લાગે કે તેના સાથીઓને બહુ પ્રસાદ મળશે નહિ. શાર્ક માછલીની આજુબાજુ ફરતી અને તેની પીઠ ઉપર ચઢતી આ માછલીઓ “ચોષક” (Sucker) કહેવાય છે. ઘણા અંગ્રેજી જોડાના રબ્બરનાં તળિયાંની માફક તેમની છાતી આગળ એક ચપટો લગભગ ચાર ઇંચ લાંબો અને બે ઇંચ પહોળો ગોળાકારનો ભાગ હોય છે; જેમાં વળિયાં પડેલાં હોય છે. આ ભાગ દ્વારા તેઓ શાર્ક માછલીના શરીર સાથે ચોંટી જાય છે, તેથી તેઓ જાણે કે શાર્ક માછલીના શરીર અને પીઠ પર સવારી કરતી હોય તેમ લાગે છે. શાર્ક માછલીના શરીર ઉપર જે જીવાત હોય છે તેના ઉપર તે નભે છે એમ કહેવાય છે. આ બે પ્રકારની માછલીઓ સાથે ન હોય તો શાર્ક ચાલતી જ નથી. તે તેમને પોતાના મિત્રો અને અનુચરો લેખીને કદી ઈજા કરતી નથી. માછલી પકડવાની દોરી અને ગલ દ્વારા આવી એક માછલી પકડાઈ; એક જણે પોતાના જોડાનું તળિયું તેના શરીર ઉપર સહેજ અડાડયું, અને જ્યારે તેણે પગ ઊંચો કર્યો ત્યારે તે તેને ચોંટી ગયેલી હતી! આવી રીતે તેઓ શાર્કના શરીર ઉપર પણ ચોંટી રહે છે.

બીજા વર્ગના ઉતારુઓમાં ખૂબ જ ઉત્સાહ દેખાય છે. તેમાંનો એક લશ્કરી માણસ છે; તેના ઉત્સાહની તો સીમા નથી. જહાજમાં ચારે બાજુ ફરીને કયાંકથી એક ભયંકર મોટી પકડ તેણે શોધી કાઢી. કૂવામાંથી ઘડો કાઢવા માટે જે મીંદડીનો ઉપયોગ થાય છે તેય આની સરખામણીમાં તો કાંઈ નહિ. એક મજબૂત દોરીથી તેમાં બે રતલ માંસ તેણે મજબૂત બાંધ્યું અને તેની સાથે એક મોટું દોરડું બાંધવામાં આવ્યું; તેનાથી છ ફૂટ દૂર એક તારા તરીકે લાકડાનો મોટો ટુકડો લગાડવામાં આવ્યો અને પછી તે પકડ અને તારો પાણીમાં નાખવામાં આવ્યાં. અમો આવ્યા ત્યારથી, રખે ને અમારો કિનારાના લોકો સાથે કોઈ સંપર્ક થઈ જાય તે અટકાવવા જહાજની બાજુએ દરિયામાં એક પોલીસની હોડી ચોકી રાખતી હતી. આ હોડીમાં બે પોલીસો સુખેથી નિદ્રા લેતા હતા, અને તેમની આ જાતની ઉદાસીનતા મુસાફરોની દૃષ્ટિએ

તિરસ્કાર યોગ્ય હતી. પણ હવે તેઓ ખરા મિત્ર બની ગયા. ભયંકર ગરબડથી જાગી જતાં તે પોલીસોમાંના એક આરબભાઈ આંખ ચોળતાં ચોળતાં ઊભા થયા; કાંઈક તોફાન છે એમ માની તેઓ કમરબંધ કસવા જતા હતા ત્યાં તો તેમને ખબર પડી કે આ બૂમરાણ તો, શાર્કને પકડવા માટે જે લાકડાના ટુકડાને તારા તરીકે રાખવામાં આવ્યો હતો તેને પકડની સાથે જહાજથી થોડે દૂર ખસેડવા માટે માત્ર વિનંતી હતી. તેણે છુટકારાનો દમ ખેંચ્યો અને ખડખડાટ હસીને એક વાંસ વડે તે તારાને થોડે દૂર ધકેલા દીધો. અમે તો ઉત્સાહથી કઠોડાને અઢેલીને પગ ઊંચા કરી ઊભા હતા અને કવિ જયદેવ કહે છે (सचकितनयनं पश्यति तव पन्थानम् ।) તેમ શાર્કના "આગમનની આતુરતાપૂર્વક રાહ જોતા હતા." અને જ્યારે આતુરતાથી રાહ જોવામાં આવે ત્યારે જેમ બને છે તેમ જ થવા માંડ્યું: "સખિ! શ્યામ આવ્યા જ નહિ." પણ બધાં દુ:ખોનો કયારેક તો અંત આવે જ છે. એકાએક જહાજથી લગભગ સો વાર દૂર પાણીની મોટી મસકના આકારનું કાંઈક પાણીની સપાટી ઉપર તરતું આવ્યું. સાથોસાથ "શાર્ક આવી!" તેવું બુમરાણ મચી રહ્યું. "અરે એ છોકરાંઓ. ચૂપ રહો? શાર્ક માછલી ભાગી જશે. અરે! તમે લોકો થોડો વખત તમારી ધોળી ટોપીઓ કેમ ઉતારી નાખતા નથી? શાર્ક ગભરાઈ જશે." આવી આવી બૂમો કાન ઉપર સંભળાતી હતી તે દરમિયાન પેલી દરિયાવાસી શાર્ક નજીક ધસી આવી. જાણે પકડમાં બાંધેલ માંસના ટુકડાને ગળી જવા માટે સઢથી ચાલતી હોડી હોય તેમ સામે આવી પહોંચી. સાત-આઠ ફૂટ વધારે આગળ આવે તો શાર્કનાં જડબાં પેલા માંસના ટુકડાને પહોંચી જાય; પણ તેની મોટી પૂંછડી જરા હલી ને તેની સીધી ગતિ જરા વાંકી થઈ ગઈ. અફસોસ! શાર્ક ચાલી ગઈ! વળી પૂંછડી ફરીથી જરાક હલી અને તે મોટું શરીર પકડ તરફ ફર્યું. ફરી વાર તે ઝડપથી આગળ વધે છે; મોં ઉઘાડીને તે હમણાં જ માંસને ઝડપશે! પણ વળી પાછી તે દુષ્ટ પૂંછડી હલી અને શાર્ક ચક્કર ખાઈને દૂર ભાગી. વળી તે ફરીથી ચક્કર લગાવીને આવે છે; જુઓ, મોઢું ફાડે છે અને... આ લીધું માંસ મોઢામાં! હવે તે ચત્તી થાય છે. પત્યું! તે પકડને ગળી ગઈ છે—હવે ચાલીસ પચાસ માણસો એકીસાથે: "ખેંચો,' ખેંચો, ખેંચો!" કેટલી તાકાત છે માછલીમાં! કેવાં તરફડિયાં મારે છે! કેવું પહોળું તેનું મોઢું ઊઘડેલ છે!



"ખેંચો, ખેંચો!" તે સપાટી ઉપર આવવામાં છે. પાણીમાં તે ફરે છે અને પોતાનું પડખું ફેરવે છે. "ખેંચો, ખેંચો! અફસોસ! અફસોસ! પકડ ખસી ગઈ. શાર્ક ભાગી ગઈ! ખરેખર! તમે લોકો કેવા ઉતાવળિયા છો? તમે તેને પકડ ગળવા પૂરતો પણ થોડો સમય ન આપ્યો અને જેવી તે ચત્તી થઈ તેવા જ તમે તેને ખેંચવા માટે અધીરા થયા! શું એમ કરાય? ખેર! જે થયું તે થયું!" શાર્ક પકડને છોડી ગઈ, અને એકદમ આગળ ચાલી ગઈ. તેણે તેની માર્ગદર્શક માછલીઓને કોઈ સારો પાઠ ભણાવ્યો કે નહિ તે અમે જાણતા નથી, પણ હકીકત એ છે કે શાર્ક પલાયન થઈ ગઈ! વળી તે વાઘ જેવી હતી. વાઘની માફક તેના શરીર ઉપર કાળા ચટાપટા હતા. પણ "વાઘ" તો તેના સાગરીતોના સમુદાય સાથે પકડની ભયજનક સમીપતાથી દૂર દૂર ખસીને અદૃશ્ય થઈ ગયો.

પણ નિરાશ થવાની જરા પણ જરૂર નથી. નાસી જતા એ "વાઘ"ની બાજુમાં ચપટા માથાવાળી બીજી એક મોટી શાર્ક આવે છે. દુ:ખની વાત તો એ છે કે શાર્કોને ભાષા નથી! નહિતર "વાઘ" બીજી શાર્કને પકડની છાની વાત કહી દઈને જરૂર સાવચેત કરી દેત કે "ખબરદાર! સાવધ રહેજે. ત્યાં આગળ એક નવું પ્રાણી આવ્યું છે; તેનું માંસ સ્વાદિષ્ટ અને સુગંધી છે, પણ તેનાં હાડકાં ભારે કઠણ છે! આટલાં બધાં વર્ષોથી હું શાર્કનું જીવન જીવું છું અને કેટલાંયે જીવતાં, મરેલાં, અર્ધ મરેલાં જાતજાતનાં પ્રાણીઓને ખાધાં છે; મારા પેટમાં ઘણાં હાડકાં, ઈંટ, પથ્થરો અને લાકડાંનો કચરો ભર્યો છે. પણ આની સરખામણીમાં તો તે બધાં માખણ જેવાં ગણાય! જુઓ મારા દાંતની અને જડબાંની દશા?" અને જરૂર પોતાનું વિશાળ મોઢું ફાડીને બીજીને તે બતાવી દેત. અને બીજી પણ પોતાના પ્રૌઢાવસ્થાના ઊંડા અનુભવથી તેની કંઈક અચૂક દવા કે કો'ડ માછલીનું પિત્ત, બીજાની બરોળ, પરવાળાનો ઠંડો રસ વગેરે બતાવી દેત. પણ આવું કંઈ નહિ બનવાથી આપણે એમ જ માનવું પડે છે કે કાં તો શાર્ક માછલીને ભાષા જ નથી અગર તેઓને ભાષા છે પણ પાણી નીચે વાત કરવી અશક્ય છે. જ્યાં સુધી શાર્ક ભાષાની શોધ ન થાય ત્યાં સુધી તે ભાષાનો તેઓ કેવી રીતે ઉપયોગ કરે? અથવા એમ પણ બને કે "વાઘ" માનવસમાગમમાં વિશેષ આવ્યાથી તેણે થોડો માનવસ્વભાવ પણ કેળવ્યો છે, અને સાચી વાત કહ્યા વિના જ

તે 'ચપટા માથાવાળી'ને હસીને 'કેમ છો' તેમ પૂછીને ભાગી ગઈ! એણે વિચાર્યું હશે : "હું એકલી જ શા માટે છેતરાઉં?"

બંગાળી કાવ્ય કહે છે કે, "શંખ ફૂંકતા ફૂંકતા ભગીરથ આગળ ચાલે છે અને ગંગામૈયા તેમની પાછળ પાછળ જાય છે." અલબત્ત, અહીં શંખનાદ તો સંભળાતા નથી, પણ પેલી પાયલોટ માછલીઓ આગળ આગળ ચાલે છે, અને તેની પાછળ પાછળ 'ચપટા માથાવાળી' માછલી તેનું ભારે શરીર હલાવતી હલાવતી આવે છે. તેની આગળ પાછળ ચૂસણિયા માછલીઓ નાચે છે. અરે! આવું આકર્ષક ખાવાનું કોણ છોડી શકે? દરિયાની સપાટી ઉપર પંદર ફૂટ સુધી તરતી ચરબીનો ચળકાટ દેખાય છે; અને તેની સુગંધ તો કેટલે દૂર સુધી ફેલાય છે, તે તો માત્ર 'ચપટા માથાવાળી' જ કહી શકે! ઉપરાંત તે દેખાવ પણ કેવો સરસ છે! સફેદ, લાલ, પીળું બધુંય એક જ જગ્યાએ! આ અસલ અંગ્રેજી ડુક્કરનું પકડની ચારે બાજુ બાંધેલું માંસ વિવિધરંગી ગોપીમંડળમાં શ્રીકૃષ્ણની જેમ પાણીની અંદર હીંચકા ખાતું લલચાવી રહ્યું હતું.

હવે બધા શાંતિ રાખજો; કોઈ જરા પણ હલશો નહિ. અને જુઓ, ઉતાવળ પણ ન કરતા. પણ દોરડાની નજીક રહેવાનું ચૂકતા નહિ. ત્યાં તો તે માછલી પકડની નજીક ફરે છે, મોઢું અડાડી માંસને તપાસે છે. ભલે તેમ કરે; શાંતિ રાખજો. હવે ચત્તી થઈ છે. જુઓ, હવે તે સારોય ટુકડો ગળવા માંડી છે. ચૂપ રહેજો; ભલે ગળી જાય! પછી 'ચપટા માથાવાળી' પડખું ફેરવી નિરાંતે માંસ ગળી ગઈ. પણ જેવી દૂર જવા લાગી કે તુરત જ પાછળથી ખેંચાણ થયું! તે આશ્ચર્ય પામી. 'ચપટા માથાવાળી' પોતાના માથાને આંચકો મારીને માંસને બહાર કાઢવા ગઈ પણ તેથી તો વાત વધુ બગડી! પકડ તેના મોઢામાં ખૂંચી ગઈ, અને ઉપરથી નાનાં મોટાં સહુ જોરથી દોરડું ખેંચવા લાગ્યાં. જુઓ, હવે શાર્કનું માથું પાણીની ઉપર આવ્યું છે! "ખેંચો ભાઈ, ખેંચો!" હવે તેનું લગભગ અર્ધું શરીર ઉપર આવ્યું છે! ઓહ, કેવાં જડબાં! એમ લાગે છે કે બધુંય માત્ર જડબાં અને ગળું જ છે! "ખેંચે રાખો!" આહા! તે આખી જ પાણી બહાર આવી છે. પકડે તેના જડબાં ભેદી નાખ્યાં છે. "હજી ખેંચો, હજી ખેંચો! થોભો, થોભો" ઓ આરબ પોલીસ હોડીવાળા! તેની પૂંછડીએ એક દોરી બાંધી દો ને? નહિતર



આટલા મોટા પ્રાણીને ઉપર ખેંચી લાવવું મુશ્કેલ છે. સંભાળજો ભાઈ! તેની પૂંછડીનો એક જ સપાટો ઘોડાનો પગ ભાંગવાને માટે બસ છે! "ખેંચો!" ઓહ, કેટલી વજનદાર! ભલા ભગવાન! અહીં વળી શું છે? અરે! શાર્કના પેટ નીચે શું લટકે છે? શું એ એનાં આંતરડાં હશે? શું પોતાના જ વજનથી તે બહાર નીકળી આવ્યાં? ભલે ભલે; તેને કાપી નાખો અને દરિયામાં પડવા દો; વજન હલકું થશે. ખેંચો ભાઈઓ! ખેંચો. અરેરે! આ તો લોહીનો ફુવારો! ના, કપડાં બચાવવાં નિરર્થક છે. ખેંચો, ભાઈ! ખેંચો. હવે ઉપર આવી ગઈ છે; હવે તેને તૂતક ઉપર મૂકો. સંભાળ રાખજો, ભાઈ! ખૂબ સંભાળ રાખજો. એક બટકામાં હાથ ખલાસ કરી નાખશે. અને પેલી પૂંછડીથી પણ ચેતજો. હવે દોરડું ઢીલું કરો. બાપ રે! કેવડી મોટી માછલી! અને કેવી ધબ દઈને તૂતક ઉપર પડી! છતાં જેટલું સાવચેત રહીએ તેટલું ઓછું. પેલું લાકડું લઈને તેનું માથું ફોડો. "ઓ લશ્કરીભાઈ! એ તો તમારું જ કામ છે." "જરૂર!" કહીને એ લશ્કરીભાઈ લાકડું ઊંચકીને શાર્કના માથા ઉપર ધડોધડ મારવા લાગ્યા. શાર્કના લોહીથી તેનાં કપડાં અને આખું શરીર લોહીલોહાણ થઈ ગયાં. આ વખતે સ્ત્રીઓ ચીસો પાડવા લાગી : "અરે, અરે! કેવું નિર્દય! તેને મારો નહિ!" છતાં પણ તે દૃશ્ય જોતાં અટકી નહિ. આ ભીષણ હત્યાકાંડ અહીં અટકવા દો. શાર્કનું પેટ કેવી રીતે ખુલ્લું કરી નાખવામાં આવ્યું, લોહીનો ફુવારો કેવો ઊછળ્યો અને તેનાં આંતરડાં અને હૃદય છિન્નભિન્ન થઈ જવા છતાં કેટલા સમય સુધી તે તરફડતી રહી, તેના પેટમાંથી કેટલાં ઢગલાબંધ હાડકાં, ચામડાં, માંસ અને લાકડાં વગેરે નીકળ્યાં —આ બધા વિષયો જવા દો. માત્ર એટલું જ કહેવા દો કે તે દિવસે મારું જમવાનું બગડ્યું. બધામાં શાર્કની ગંધ આવવા લાગી હતી.

સુએજની નહેર બાંધકામનો એક અદ્‌ભુત નમૂનો છે. ફ્રેંચ ઇજનેર ફર્ડિનાન્ડ લેસેપ્સે આ નહેર ખોદાવી. ભૂમધ્ય સમુદ્રને રાતા સમુદ્ર સાથે જોડીને તેણે યુરોપ અને ભારત વચ્ચેનો વેપાર બહુ સરલ બનાવ્યો છે.

માનવપ્રગતિની આજની સ્થિતિ માટે પ્રાચીન કાળથી જે જે બાબતો કારણભૂત બની છે, તેમાં ભારતના વ્યાપારે કદાચ સહુથી અગત્યનો ભાગ ભજવ્યો છે. ફળદ્રુપતા અને વ્યાપારી ઉદ્યોગમાં અનાદિ કાળથી ભારત જેવો ઉન્નત દેશ બીજો કોઈ થયો નથી. એક જ સૈકા પહેલાં આખી દુનિયાની,

કપડાં, રૂ, શણ, ગળી, લાખ, ચામડાં, હીરા અને મોતીની માંગ ભારતમાંથી પૂરી પડાતી હતી. ઉપરાંત કિનખાબ જેવાં ઉત્તમ રેશમનાં અને ઊનનાં કપડાં બીજો કોઈ દેશ ઉત્પન્ન કરી શકતો નહિ. ભારતમાં ઘણા તેજાના જેવા કે લવિંગ, એલચી, મરી, જાયફળ અને જાવંત્રી પેદા થાય છે. તેથી ઘણા પ્રાચીન કાળથી જ્યારે કોઈ પણ દેશ સંસ્કારિતામાં પ્રગતિ કરવા લાગતો ત્યારે આવી વસ્તુઓ માટે તે ભારત ઉપર આધાર રાખતો. આ વ્યાપાર બે મુખ્ય માર્ગે ચાલતો; એક જમીન માર્ગે અફઘાનિસ્તાન અને ઈરાન થઈને તથા બીજો દરિયાઈ માર્ગે રાતા સમુદ્રમાં થઈને. ઈરાનના વિજય પછી મહાન એલેક-ઝાંડરે નિયાર્કસ નામના સેનાપતિને સિંધુ નદીના મુખમાંથી આગળ વધીને દરિયા માર્ગે રાતા સમુદ્રમાં થઈને દરિયાઈ માર્ગ શોધી કાઢવા મોકલ્યો. બેબી-લોન, ઈરાન, ગ્રીસ, રોમ વગેરે પ્રાચીન દેશો પોતાની સમૃદ્ધિ માટે ભારતના વેપાર ઉપર કેટલો બધો આધાર રાખતા હતા તે ઘણા લોકો જાણતા નથી. રોમના પતન પછી મુસલમાન પ્રદેશમાં બગદાદ અને ઇટાલીમાં વેનિસ તથા જીનિવા એ ભારતીય વ્યાપાર માટેનાં પશ્ચિમનાં મુખ્ય મથકો બની ગયાં. જ્યારે તુર્કોએ રોમન સામ્રાજ્યનો કબજો કરીને ઇટાલિયનો માટે ભારત સાથેના વ્યાપારનો માર્ગ બંધ કરી દીધો ત્યારે જીનિવાવાસી ક્રિસ્ટોફર કોલંબસે આટ-લાંટિક મહાસાગર પાર કરીને ભારત આવવાનો નવો દરિયાઈ માર્ગ શોધી કાઢવા પ્રયત્ન કર્યો. એના એ પરિશ્રમને પરિણામે અમેરિકા ખંડની શોધ થઈ. અમેરિકા પહોંચ્યા પછી પણ આ ભારત જ છે તેવી ભ્રમણા કોલંબસ છોડી શક્યો નહિ. તેથી તો અમેરિકાના આદિવાસીઓ આજ સુધી 'ઇન્ડિયન' (હિંદી) કહેવાય છે. વેદમાં સિંધુ નદીનાં "સિંધુ" અને "ઇન્દુ" બંને નામો મળે છે; ઈરાનીઓએ તેનાં 'હિંદુ' અને ગ્રીકોએ 'ઇન્ડસ' કરી નાખ્યાં. તેમાંથી જ 'ઇન્ડિયા' અને 'ઇન્ડિયન' શબ્દો આવ્યા. ઇસ્લામના ઉદય પછી 'હિંદુ'નો અર્થ 'કાળી ચામડીવાળો' એટલે હલકો એવો બન્યો, જેમ આજે તેને "નેટિવ" (દેશી) કહે છે તેમ.

દરમિયાનમાં પોર્ટુગીઝોએ આફ્રિકાની પ્રદક્ષિણા કરીને ભારત માટેનો નવો માર્ગ શોધ્યો. ભારતની ભાગ્યદેવી પોર્ટુગીઝો ઉપર પ્રસન્ન થઈ. ત્યાર પછી ફ્રેંચ, ડચ, ડેઈન્સ અને અંગ્રેજોનો વારો આવ્યો. ભારતનો વેપાર અને નીપજ, બધું આજે અંગ્રેજોના હાથમાં છે તેથી તેઓ સઘળી પ્રજાઓમાં



મોખરે આવ્યા છે. પણ હવે ભારતમાં ઉત્પન્ન થતી વસ્તુઓ કરતાં વધારે સારી વસ્તુઓ અમેરિકા વગેરે દેશોમાં ઘણે સ્થળે ઉત્પન્ન થાય છે, તેથી એ બાબતમાં ભારતની પ્રતિષ્ઠા આગાઉના જેટલી રહી નથી. યુરોપિયનો આ કબૂલ કરવા રાજી નથી. ભારત, નેટિવો (દેશી લોકો)નું ભારત, તેમની સમૃદ્ધિ અને સંસ્કારનું મુખ્ય સાધન ભારત છે, એ હકીકત સ્વીકારવા કે સમજવા તેઓ તૈયાર નથી. આપણે પણ તેમને ગળે તે વાત ઉતારતાં અટકવું ન જોઈએ.

આ બાબતનો પણ વિચાર કરો. ભારતના નીચલા વર્ગના ઉપેક્ષિત લોકો — ખેડૂતો, વણકરો વગેરે — જેમને પરદેશી લોકોએ જીતી લીધા છે અને જેમને પોતાના જ જાતભાઈઓ તુચ્છકાર કરે છે, તે લોકો જ અનાદિ કાળથી મૂંગા મૂંગા કામ કર્યે જાય છે પણ તેમની મહેનતનું ફળ તેમને મળતું નથી! પણ કુદરતના કાનૂનો અનુસાર સમગ્ર દુનિયામાં કેવાં મહાન પરિવર્તનો ધીરે ધીરે થયાં કરે છે! દેશો, સંસ્કૃતિઓ, સાર્વભૌમત્વ, બધામાં ઊથલ-પાથલ થયા કરતી હોય છે. હે ભારતના શ્રમજીવીઓ! તમારી મૂંગી સતત મહેનતને પરિણામે બેબીલોન, ઈરાન, એલેક્ઝાંડ્રિયા, ગ્રીસ, રોમ, વેનિસ, જીનિવા, બગદાદ, સમરકંદ, સ્પેન, પોર્ટુગાલ, ફ્રાંસ, ડેન્માર્ક, હોલૅન્ડ, ઇંગ્લૅન્ડ: બધાંએ વારાફરતી સત્તા અને સમૃદ્ધિ મેળવ્યાં છે. અને તમે? તમારો વિચાર સરખોય કરવાની કોને પડી છે? વહાલા સ્વામીજી! (સ્વામી ત્રિગુણાતીતા-નંદ) તમારા પૂર્વજોએ તત્ત્વજ્ઞાનનાં થોડાં પુસ્તકો લખ્યાં, બારેક જેટલાં મહા-કાવ્યો રચ્યાં અથવા સંખ્યાબંધ મંદિરો બાંધ્યાં — બસ તેટલાથી જ તમે ગર્વથી ગગન ગજાવો છો! પણ માનવજાતિની જે પ્રગતિ અત્યાર સુધી જેમનાં લોહી રેડવાથી સધાઈ છે, તેનો યશ ગાવાની કોને પડી છે? આધ્યાત્મિકતા, સંગ્રામ, સાહિત્ય વગેરે ક્ષેત્રોમાં આગેવાનો બધાની નજરે મોટા દેખાય છે, બધાના પૂજ્ય બન્યા છે, પણ જેમને કોઈ જોતું નથી, જેમને માટે પ્રોત્સાહનનો એક શબ્દ પણ કોઈ કાઢતું નથી, ઊલટું જેમના પ્રત્યે સહુ ઉપેક્ષા દાખવે છે, તે શ્રમજીવીઓ આવા સંજોગોમાં રહેતા છતાં તેમનામાં કેવી અસીમ ધીરજ, અખૂટ પ્રેમ અને નિર્ભય વ્યાવહારિકપણું છે! આપણા ગરીબો મૂંગા મૂંગા પોતાનું કામ કર્યે જાય છે. શું આમાં પણ વીરતા નથી? જ્યારે કોઈ મહાન કાર્ય કરવાનું માથે આવે છે ત્યારે તો ઘણાય લોકો

શૂરવીર બની જાય છે. હજારો માણસો પ્રશંસા કરતા હોય ત્યારે તો કાયર પણ સહેલાઈથી પોતાની જિંદગી આપી દે છે અને ઘોર સ્વાર્થી માણસ પણ નિ:સ્વાર્થી બને છે. પરંતુ બધાથી અજાણ રહીને નાનાં નાનાં કાર્યોમાં પણ તેવી જ નિ:સ્વાર્થ ભાવના અને કર્તવ્યનિષ્ઠા બતાવનાર જ ધન્યવાદને પાત્ર છે. ભારતના સદા કચડાયેલા શ્રમજીવીઓ! તમે તેવા અબોલ છો. તમને અમારાં વંદન હો!

આ સુએજ નહેર પણ અતિ પ્રાચીન છે. ઈજિપ્તના ફેરો બાદશાહોના અમલમાં અનેક ખારાં તળાવોને એકસાથે જોતરી એક નહેર ખોદીને તેને બંને બાજુના સમુદ્રો સુધી લંબાવી હતી. ઈજિપ્તમાં રોમન સામ્રાજ્ય દરમિયાન પણ તે નહેરને ખુલ્લી રાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ત્યાર પછી મુસલમાન સેનાપતિ અમરૂએ ઈજિપ્તને જીત્યા પછી આ નહેરમાંથી રેતી કઢાવી, તેમાં થોડા ફેરફાર કરીને લગભગ નવા જેવી કરી નાખી.

પણ ત્યાર પછી કોઈએ તેના તરફ ધ્યાન આપ્યું નહિ. આજની નહેર ફ્રેંચોની સલાહ પ્રમાણે અને મોટે ભાગે ફ્રેંચોની મૂડીથી ઈજિપ્તના ખેદીવ ઈસ્માઈલ, કે જે તુર્કસ્તાનના સુલતાનનો પ્રતિનિધિ હતો, તેણે ખોદાવી હતી. આ નહેરની મુશ્કેલી એ છે કે તે રણમાંથી પસાર થતી હોવાથી વારંવાર રેતીથી ભરાઈ જાય છે. માત્ર એક જ સારા કદનું વ્યાપારી જહાજ એક વખતે તેમાંથી પસાર થઈ શકે છે; એમ કહેવાય છે કે મોટી મનવારો કે મોટાં વ્યાપારી જહાજો તેમાંથી પસાર થઈ શકે જ નહિ. હવે આવતાં જતાં જહાજોની એકબીજા સાથે અથડામણ થાય નહિ તે હેતુથી આખી નહેરને કેટલાક ભાગોમાં વહેંચી નાંખવામાં આવી છે, અને દરેક ભાગના બંને છેડે બે કે ત્રણ જહાજો લાંગરી શકે તેવી ખુલ્લી જગ્યા રાખવામાં આવી છે. ભૂમધ્ય સમુદ્રના પ્રવેશદ્વાર પાસે તેની મધ્યસ્થ કચેરી છે અને રેલવે સ્ટેશનોની માફક દરેક વિભાગમાં સ્ટેશન છે. જેવું કોઈ જહાજ નહેરમાં દાખલ થાય કે તરત જ સંદેશાઓ મુખ્ય કચેરીને તારથી આપવામાં આવે છે. અહીં કેટલાં જહાજો નહેરમાં પ્રવેશે છે, કેટલાં બહાર નીકળે છે અને અમુક સમયે તે કયા સ્થળે છે, તેનો અહેવાલ તાર દ્વારા પહોંચાડાય છે, અને એક મોટા નકશા ઉપર નિશાનીઓ દ્વારા તેની નોંધ રાખવામાં આવે છે. એક જહાજ બીજાની સામે આવી જાય તેવી પરિસ્થિતિ રોકવા માટે કોઈ પણ જહાજને સામેના સ્ટેશનના પરવાના વગર પોતાનું સ્ટેશન છોડવાની રજા આપવામાં આવતી નથી.



સુએજની નહેર ફ્રેંચ લોકોના હાથમાં છે. જોકે કેનાલ—કંપનીના મોટા ભાગના શેરો અત્યારે અંગ્રેજોની માલિકીના છે છતાં રાજકીય કરારો મુજબ સઘળો વહીવટ ફ્રેંચોના હાથમાં છે.

હવે ભૂમધ્ય સમુદ્ર આવે છે. ભારત બહાર આનાથી વિશેષ રમણીય પ્રદેશ કોઈ નહિ હોય. અહીં એશિયા, આફ્રિકા અને પ્રાચીન સંસ્કૃતિનો છેડો આવે છે. એક પ્રકારની રીતભાત અને ખાણાંપીણાંનો અહીં અંત આવે છે અને બીજા પ્રકારના ચહેરાઓ અને પ્રકૃતિ, આહાર અને પહેરવેશ, રીત રિવાજો અને ટેવો શરૂ થાય છે. આપણે યુરોપમાં પ્રવેશ કરીએ છીએ. એટલું જ નહિ પરંતુ વિવિધ રંગ, જાતિ, સંસ્કૃતિ, વિદ્યા અને રીતભાતોના ઘણાં સૈકાંઓના સંમિશ્રણના ફળરૂપ જે આધુનિક સંસ્કૃતિ છે, તેના મુખ્ય કેન્દ્ર સમી આ ભૂમિ છે. જે ધર્મ, જે વિદ્યા, જે સંસ્કૃતિ, જે શક્તિ આજે પૃથ્વીને ઘેરી વળી છે તેની જન્મભૂમિ આ ભૂમધ્ય સમુદ્રની આજુબાજુમાં જ છે. આ સમુદ્રની દક્ષિણમાં સ્થાપત્યકલાનું જન્મસ્થાન, ધનધાન્યથી છલકાતું અતિ પ્રાચીન ઈજિપ્ત છે; પૂર્વમાં ફિનિશયન, ફિલીસ્ટીન, યહૂદી, બહાદુર બેબીલોનિયન, એસીરિયન અને ઈરાની સંસ્કૃતિનું પ્રાચીન ક્ષેત્ર એશિયામાઈનોર છે અને ઉત્તરમાં દુનિયાની અજાયબી જેવા પ્રાચીન સમૃદ્ધિનું ગૌરવ લેતા ગ્રીક લોકો છે.

વારુ, સ્વામી! દેશો, નદીઓ, પહાડો, સાગરો વગેરેની વાતો તમે ખૂબ સાંભળી. હવે થોડો પ્રાચીન ઈતિહાસ સાંભળો. આ જૂના જમાનાની ગાથ અતિ અદ્‌ભુત છે; એ કલ્પિત દંતકથા નથી પણ સત્ય હકીકત છે, માનવજાતનો સાચો ઈતિહાસ છે. કાળના મહાસાગરમાં આ પ્રાચીન દેશો લગભગ લય પામી ગયા હતા; તેમને વિષે લોકો જે થોડું જાણતા હતા તે માત્ર પ્રાચીન ગ્રીક ઈતિહાસકારોની વિચિત્ર કલ્પિત કથાઓ અથવા બાઈ-બલરૂપી યહૂદી પુરાણની અતિ અદ્‌ભુત કથાઓ હતી. પણ હવે તો પ્રાચીન શિલાઓ, ઈમારતો, નળિયાં વગેરે ઉપરના લેખો અને ભાષાઓનું પૃથક્કરણ આ દેશના ઈતિહાસનું બહુ વિસ્તારથી વર્ણન કરે છે. આ ઈતિહાસની

માહિતી હજુ તો માત્ર શરૂ જ થઈ છે; અને જો અત્યારે પણ એટલી બધી આશ્ચર્યકારક હકીકતો જાણવામાં આવી છે, તો ભવિષ્યમાં બીજું શું શું બહાર નીકળી આવશે તે કોણ જાણી શકે? દેશદેશના મહાન પંડિતો દિવસ અને રાત એક શિલાલેખનો કે ભાંગેલા વાસણનો એકાદ કટકો કે એકાદ મકાન કે નળિયાને સમજવા પોતાના મગજના લોહીનું પાણી કરી રહ્યા છે, અને તેમ કરીને પ્રાચીન કાળની ભુલાઈ ગયેલી વાતો બહાર લાવે છે.

જ્યારે મુસલમાન આગેવાન ઓસમાને કૉન્સ્ટન્ટીનોપલ સર કર્યું અને સારાય પૂર્વ યુરોપ ઉપર ઇસ્લામનો વિજયધ્વજ ગૌરવભેર ફરકવા લાગ્યો, તે સમયે પ્રાચીન ગ્રીકોના નબળા વંશજો પાસે છુપાયેલાં પડેલાં તેમનાં પુસ્તકો, તેમની વિદ્યા, તેમની સંસ્કૃતિ વગેરે, ત્યાંથી પીછેહઠ કરતા ગ્રીકોની સાથે પશ્ચિમ યુરોપમાં ફેલાઈ ગયાં. લાંબા કાળ સુધી રોમનોનું દાસત્વ વેઠતા હોવા છતાં વિદ્યા અને સંસ્કારમાં ગ્રીક લોકો રોમનોના ગુરુસ્થાને હતા. તે એટલે સુધી કે ગ્રીક લોકોએ ક્રિશ્ચિયન ધર્મ સ્વીકાર્યો હોવાથી અને ક્રિશ્ચિયનોના ધર્મગ્રંથો ગ્રીક ભાષામાં લખાયેલા હોવાથી, સારાય રોમન સામ્રાજ્ય ઉપર ખ્રિસ્તી ધર્મની સત્તા પ્રસરી ગઈ. પરંતુ પ્રાચીન ગ્રીક લોકો, જેમને આપણે 'યવનો' કહેતા અને યુરોપીય સંસ્કૃતિના જેઓ આદિ ગુરુ હતા, તેઓ ખ્રિસ્તીઓ કરતાં બહુ પહેલાંથી સંસ્કૃતિને શિખરે પહોંચી ચૂક્યા હતા. જ્યારથી તેમણે ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો ત્યારથી તેમની વિદ્યા અને સંસ્કૃતિનો લોપ થઈ ગયો. પરંતુ જેમ હિંદુઓ પાસે તેમના પૂર્વજોની વિદ્યા થોડેઘણે અંશે હજી સચવાયેલી રહી છે, તે જ પ્રમાણે ગ્રીકોની પ્રાચીન સંસ્કૃતિનું થોડુંઘણું સત્ત્વ ક્રિશ્ચિયન ગ્રીકો પાસે સચવાઈ રહ્યું હતું. તેમના આ ગ્રંથો યુરોપમાં ફેલાયા અને અંગ્રેજ, જર્મન, ફ્રેંચ વગેરે પ્રજાઓમાં સંસ્કૃતિના આરંભની પ્રથમ પ્રેરણા એમણે જ આપી. ગ્રીક ભાષા અને ગ્રીક વિદ્યા શીખવા માટે એક પ્રકારની ઘેલછા — તમન્ના જાગી. પ્રથમ તો જે કંઈ તે પુસ્તકોમાં હતું તે આ લોકો પચાવી ગયા; અને પછી જેમ જેમ તેમની બુદ્ધિ તેજસ્વી બનતી ગઈ તેમ તેમ ભૌતિક વિજ્ઞાનનો વિકાસ થવા લાગ્યો, અને આ ગ્રંથોની પ્રસિદ્ધિનો સમય, તેના લેખકો, તે માંહેના વિષયો અને વસ્તુ વગેરે હકીકતો ઉપર તેમણે સંશોધન આરંભ્યું. ખ્રિસ્તીઓના ધર્મગ્રંથોને બાદ કરતાં બિનખ્રિસ્તી પ્રાચીન ગ્રીકોના બધા ગ્રંથો ઉપર મુક્ત અભિપ્રાય



આપવા સામે કોઈ પ્રતિબંધ ન હતો. પરિણામે એક વસ્તુના બહિરંગ તેમ જ અંતરંગ અંગેના વિવેચનોના નવા વિજ્ઞાનનો ઉદ્ભવ થયો.

ધારો કે કોઈ પુસ્તકમાં એમ લખ્યું છે કે, અમુક ઘટના અમુક સમયે બની હતી; પણ કોઈએ લહેરમાં આવીને પુસ્તકમાં તે વિષે લખી નાખ્યું એટલે જ તે સત્ય છે એમ કાંઈ માની લેવાય? લોકોમાં, ખાસ કરીને તે સમયના લોકોમાં, કલ્પનાભરી ઘણી હકીકતો લખવાનો રિવાજ હતો. વળી તેમને કુદરત તેમ જ આપણી પૃથ્વી વિષે પણ ઘણું ઓછું જ્ઞાન હતું. આ કારણોને લીધે પુસ્તકમાં લખેલ બાબતોની સત્યતા અંગે ઘણી શંકાઓ ઊભી થવા માંડી. દાખલા તરીકે ધારો કે કોઈ ગ્રીક ઇતિહાસકારે એમ લખી નાખ્યું છે કે અમુક સમયે ભારતમાં ચંદ્રગુપ્ત નામનો રાજા હતો. હવે જો ભારતના ગ્રંથોમાં પણ તે સમયે તે રાજાનો ઉલ્લેખ જોવા મળે, તો આ હકીકત ઘણે મોટે ભાગે સાબિત થઈ ગણાય. સાથે સાથે જો ચંદ્રગુપ્તના રાજ્યના થોડાએક સિક્કાઓ અથવા તો તેના સમયનો ઉલ્લેખ કરતું કોઈ મકાન મળી આવે તો તે હકીકત વિષે કંઈ પણ સંદેહ ન રહે.

ધારો કે સમ્રાટ એલેક્ઝાંડરના અમલ દરમિયાનની એક ચોક્કસ ઘટનાનું વર્ણન કોઈ બીજા પુસ્તકમાં હોય, પણ તેમાં એકાદ બે રોમન સમ્રાટોનો પણ ઉલ્લેખ જોવા મળે, અને તે પણ એવી રીતનો કે તેને પ્રક્ષેપ કહી શકાય નહિ, ત્યારે તે ગ્રંથ એલેક્ઝાંડરના સમયનો નથી તેમ સાબિત થાય.

અથવા ભાષાનો વિચાર લઈએ. દરેક ભાષામાં સમય જતાં ફેરફારો થયા કરે છે, અને દરેક લેખકને પોતાની આગવી શૈલી હોય છે. જો કોઈ પુસ્તકમાં એકાએક એવું વર્ણન આપવામાં આવે કે જેને એ પુસ્તકના વિષય સાથે કંઈ જ સંબંધ ન હોય, અને જે લેખકની શૈલીથી તદ્દન જુદી શૈલીમાં લખાયું હોય, તો વર્ણન જરૂર ક્ષેપક હશે એવી શંકા ઉત્પન્ન થાય. આવી રીતે ગ્રંથની સત્યતા અંગે શંકા ઉઠાવી, અનેક રીતે તેની કસોટી કરીને પછી જ બધું સાબિત કરવાનું એક નવું વિજ્ઞાન અસ્તિત્વમાં આવ્યું.

આ ઉપરાંત આધુનિક વિજ્ઞાન ઘણી ઝડપથી બધી બાજુએથી આ બાબતો ઉપર નવો પ્રકાશ પાડવા માંડયું. પરિણામ એ આવ્યું કે કોઈ પણ ગ્રંથમાં અસંભવ ઘટનાનું વર્ણન આવતાં જ તે જરા પણ વિશ્વાસયોગ્ય ગણાવાનું અટકી ગયું.

આ બધાનાં શિખર સમાં હતાં, યુરોપમાં સંસ્કૃત ભાષાના અભ્યાસનું પ્રબળ મોજું, ભારતના, ઇજિપ્તના અને યુફ્રેટીસ નદીના કિનારા ઉપર મળી આવતા પ્રાચીન શિલાલેખોનો અભ્યાસ, તેમ જ પૃથ્વીના ગર્ભમાં કે ટેકરીઓ ઉપર યુગો સુધી છુપાયેલાં મંદિરો વગેરેની શોધ અને તે દ્વારા ખરા ઇતિહાસનો ઉકેલ મેળવવાની જિજ્ઞાસા.

અગાઉ કહી ગયો છું તેમ આ સંશોધનના નવા વિજ્ઞાને બાઇબલ કે ન્યૂ ટેસ્ટામેન્ટના ગ્રંથોને અલગ રાખ્યા હતા. હવે 'ઇન્ક્વિઝિશન' એટલે સ્વતંત્ર ધાર્મિક મત સામે માર મારવા કે જીવતા બાળી નાખવા જેવા અત્યાચારોનો ભય રહ્યો નથી; રહ્યો છે ભય માત્ર સમાજની નિંદાનો. આ બધાની ઉપેક્ષા કરીને કેટલાક પંડિતોએ આ પુસ્તકોનું પણ સખત રીતે પૃથક્કરણ કર્યું. આપણે આશા રાખીએ કે જેવી નિર્દયતાથી તેઓ હિંદુ વગેરેનાં ધર્મપુસ્તકોને બરાબરનાં તપાસી નાખે છે, તેમ સમય જતાં યહૂદી અને ખ્રિસ્તી શાસ્ત્રોનું પણ તેવું જ પૃથક્કરણ કરવાની તેઓ હિંમત દાખવશે. હું આમ શા માટે કહું છું તેનો એક દાખલો આપું. ઇજિપ્તોલૉજીનો અતિ પ્રખ્યાત લેખક પંડિત માસ્પેરોએ "હિસ્તોએર એન્શીઆન ઓરિઆન્તાલ" નામનું ઇજિપ્તવાસીઓ અને બેબીલોનિયનો અંગે ઇતિહાસનું એક મહાન પુસ્તક લખ્યું છે. એક અંગ્રેજ પુરાતત્ત્વવેત્તાએ કરેલો આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ થોડાં વર્ષો પહેલાં મેં વાંચ્યો. આ વખતે બ્રિટિશ મ્યૂઝિયમના પુસ્તકાલયના અધિકારી પાસે મેં ઇજિપ્ત અને બેબીલોન અંગે કેટલાંક પુસ્તકો વિષે પૂછપરછ કરતાં તેણે માસ્પેરોના ગ્રંથની વાત કરી. જ્યારે તેણે જાણ્યું કે આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ મારી પાસે છે, ત્યારે તેણે કહ્યું કે તે નહિ ચાલે, કારણ કે એ અનુવાદક એક ધર્માંધ ખ્રિસ્તી હતો અને તેથી જ્યાં જ્યાં માસ્પેરોનું સંશોધન કોઈ પણ રીતે ખ્રિસ્તી ધર્મ ઉપર પ્રહાર કરતું હતું ત્યાં ત્યાં તેણે (અનુવાદકે) તે તે ફકરાઓને ગૂંચવાડાવાળા બનાવી દીધા હતા. તેણે મૂળ ફ્રેંચ ભાષામાં પુસ્તક વાંચવા ભલામણ કરી. તે પુસ્તક વાંચતાં મને જણાયું કે તેણે કહેલી વાત સાચી હતી. ખરેખર, આ એક ભયંકર સમસ્યા છે! ધર્માંધતા કેવી વિચિત્ર ચીજ છે, તે તમે જાણો છો; સત્ય અને અસત્યનો એ શંભુમેળો કરી નાખે છે! અને ત્યારથી આવા સંશોધન-ગ્રંથોના અનુવાદો ઉપરથી મારી શ્રદ્ધા ખૂબ ડગી ગઈ છે.



બીજું એક નવું વિજ્ઞાન પણ આગળ આવ્યું છે, જેનું નામ 'એથ્નોલૉજી' છે. આ વિજ્ઞાન માનવીઓનો રંગ, તેમના વાળ, શરીર, માથાનો આકાર અને ભાષા વગેરે ઉપરથી તેમનું વર્ગીકરણ કરે છે.

બધા વિજ્ઞાનના નિષ્ણાત હોવા છતાં જર્મન લોકો સંસ્કૃત અને પ્રાચીન એસીરિયન સભ્યતાના ખાસ નિષ્ણાત છે. બેનફે વગેરે જર્મન પંડિતો આનાં દૃષ્ટાંત પૂરાં પાડે છે. ફ્રેંચ લોકો ઇજિપ્તોલૉજીમાં નિષ્ણાત છે; માસ્પેરો જેવા પંડિતો ફ્રેંચ છે. પ્રાચીન યહૂદી અને ખ્રિસ્તી ધર્મના પૃથક્કરણ માટે ડચ લોકો પ્રખ્યાત છે; કૂન જેવા લેખકો તો જગવિખ્યાત છે. અંગ્રેજો ઘણાં વિજ્ઞાનોનો આરંભ કરે છે અને પછી છોડી દે છે.

આ વિદ્વાનોના કેટલાક અભિપ્રાયો હું તમને કહી બતાવું. તમને તેમના વિચારો ન ગમે તો તમે તેમની સાથે [illegible]ણ મારો વાંક ન કાઢશો કે મને દોષ ન દેશો.

હિંદુઓ, યહૂદીઓ, પ્રાચીન બેબીલોનિયનો, ઇજિપ્તવાસીઓ વગેરે પ્રાચીન પ્રજાઓના મત પ્રમાણે સારીય માનવજાત એક જ આદિ પિતાના વંશજો છે. લોકો હવે આમાં બહુ માનતા નથી.

કાજળકાળા, ચપટાં નાક, જાડા હોઠ, વળિયાંવાળા વાળ અને પાછળ પડતાં કપાળવાળા કાફિરો તમે કદી જોયા છે? તેવા જ ચહેરાવાળા છતાં થોડા ટૂંકા અને ઓછા વળિયાંવાળા વાળ સહિતના સંતાલ, આંદામાની અને ભીલ લોકો તમે જોયા છે? પહેલા વર્ગના લોકો સીદીઓ કહેવાય છે; તેઓ આફ્રિકાના છે. બીજા વર્ગના સીદકાઓ (નાના સીદીઓ) કહેવાય છે. પ્રાચીન કાળમાં તેઓ અરબસ્તાનના કેટલાક ભાગોમાં યુફ્રેટીસના કિનારા ઉપર, ઈરાનના દક્ષિણ ભાગમાં, સારાય ભારતમાં, આંદામાન વગેરે ટાપુઓમાં, અને ઠેઠ ઑસ્ટ્રેલિયા સુધ્ધાંમાં વસતા હતા. આધુનિક કાળે તેઓ ભારતનાં કેટલાંક વનોમાં, જંગલોમાં તથા આંદામાન અને ઑસ્ટ્રેલિયામાં મળી આવે છે. ધોળો કે પીળો વર્ણ, સીધા કાળા વાળ, કાળી પણ વાંકી આંખ, ઓછાં દાઢીમૂછ, ચપટો ચહેરો, આંખ નીચેનાં હાડકાં ઊપસી આવેલાં, એવાં લેપ્ચા, ભૂટિયા, ચીના વગેરેને તમે જોયા છે? બર્મા, સિયામ, મલાયા, જાપાનના લોકોને જોયા છે? તેમનો ઘાટ તેવો જ, પણ કદ ટૂંકું છે.

આ બે જાતના લોકો મોંગોલ અને મોન્ગોલોઇડ (નાના મોન્ગોલી) કહેવાય છે. અત્યારે મોંગોલો એશિયાના મોટા ભાગનો કબજો કરી બેઠા છે. તેઓ જ મોંગોલ, કલમુખ, હણ, ચીના, તાર્તાર, ટર્ક, માંચુ, કિરગીઝ વગેરે બહુ શાખામાં વહેંચાઈ ગયા છે. ચીના અને તિબેટવાસીઓ સિવાયના આ બધા કાયમી વસાહત વગરનું જીવન ગાળે છે, તંબૂઓમાં રહે છે તથા ઘેટાં, બકરાં, અન્ય પશુઓ અને ઘોડાઓ ચરાવતા ચરાવતા અહીંતહીં ફર્યા કરે છે; અને તક મળે ત્યારે તીડનાં ટોળાં માફક ઊતરી પડી દુનિયાને અસ્તવ્યસ્ત બનાવી દે છે. તેઓ તુરાનીઓ પણ કહેવાય છે. "ઈરાન અને તુરાન"વાળી લોકોક્તિમાં તે જ તુરાનનો ઉલ્લેખ છે.

કાળો વર્ણ, સીધા વાળ, સીધું નાક અને કાળી આંખવાળા લોકો પ્રાચીન ઇજિપ્ત અને બેબીલોનિયામાં વસતા; હવે તેઓ સારાય ભારતમાં વસે છે — ખાસ કરીને ભારતના દક્ષિણ ભાગમાં. યુરોપમાં પણ કોઈ કોઈ જગ્યાએ તેમની નિશાની મળી આવે છે. આ બધી એક જ પ્રજા છે; તેનું પારિભાષિક નામ દ્રાવિડિયન લોકો છે.

બીજી પ્રજાને ધોળો વર્ણ, સીધી આંખ, પણ છેડે જતાં વાંકાં વળેલાં અને જાડાં નાક તેમ જ કાન, પાછળ પડતું કપાળ અને જાડા હોઠ હોય છે. આ છે ઉત્તર અરબસ્તાનના લોકો, વર્તમાન યહૂદીઓ અને પ્રાચીન બેબીલોનિયનો, એસીરિયનો, ફિનિશ્યનો વગેરે. તેમની ભાષા પણ એક સામૂહિક જાતની છે. આને સેમેટિક પ્રજા કહેવામાં આવે છે.

અને જેઓ સંસ્કૃત જેવી ભાષા બોલે છે, તથા જેમનાં નાક, મોં અને આંખો સીધી, રંગ સફેદ, વાળ કાળા કે ભૂરા, આંખો કાળી કે આસમાની હોય છે, આ લોકોને આર્યનો (આર્ય) કહેવામાં આવે છે.

આજની તમામ પ્રજાઓ આ જાતિઓનાં મિશ્રણમાંથી ઊતરી આવી છે. જે દેશમાં આમાંની એક કે બીજી જાતિનું પ્રાધાન્ય હોય તે દેશની ભાષા અને લોકોના ચહેરા મોટે ભાગે તે જાતના જેવાં જ હોય છે.

પશ્ચિમમાં એ સિદ્ધાંત સામાન્ય રીતે સ્વીકારવામાં આવતો નથી કે બધા ગરમ પ્રદેશ કાળો રંગ લાવે છે અને બધા ઠંડા પ્રદેશો સફેદ રંગ લાવે છે. ઘણા એમ માને છે કે કાળા અને ગોરા વચ્ચેના વિવિધ રંગોની છાયા જુદી જુદી જાતિના મિશ્રણમાંથી પેદા થયેલી છે.



અભ્યાસી પંડિતોના અભિપ્રાય મુજબ ઇજિપ્ત અને પ્રાચીન બેબીલોનિયાની સંસ્કૃતિ સૌથી વધારે પુરાણી છે. ઈ. સ. પૂર્વે ૬૦૦૦ વર્ષ કે તેથીયે પહેલાનાં મકાનોના અવશેષો આ દેશોમાં જોવામાં આવે છે. ભારતમાં પ્રાચીનમાં પ્રાચીન ઇમારતો કોઈ શોધાઈ હોય તો તે વધુમાં વધુ ચન્દ્રગુપ્તના સમયની એટલે કે માત્ર ઈ. સ. પૂર્વે ૩૦૦ વર્ષની છે. તેથી પુરાણી ઇમારત હજુ મળી આવી નથી.[૧] પણ તેનાથી વિશેષ આગળના જમાનાના ગ્રંથો ઉપલબ્ધ છે, જે બીજા દેશોમાં મળી આવતા નથી. પંડિત (લોકમાન્ય) બાળ ગંગાધર ટિળકે એવી સાબિતી આપી છે કે હિન્દુઓના વેદ આ જ સ્વરૂપમાં ઓછામાં ઓછા ઈ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ પહેલાંથી જ અસ્તિત્વમાં હતા.

આ ભૂમધ્ય સમુદ્રના કિનારાઓ અત્યારે દુનિયાને જીતનારી યુરોપિયન સંસ્કૃતિની જન્મભૂમિ છે. આ કિનારાઓ ઉપર ઇજિપ્તવાસી, બેબીલોનિયમ, ફિનિશયન, યહૂદી વગેરે સેમેટિક પ્રજાઓ તેમ જ ઈરાની, ગ્રીક, રોમન વગેરે આર્ય પ્રજાઓનાં મિશ્રણથી આધુનિક યુરોપીય સંસ્કૃતિ ઉત્પન્ન થઈ.

ઇજિપ્તમાં એક વિશાળ શિલાલેખ જડ્યો છે જેને રોઝેટા શિલા કહેવામાં આવે છે. તેના ઉપર ચિત્રલિપિ (હિરોગ્લિફિક્સ)માં લખાયેલ એક લેખ છે. તેની નીચે એક બીજા પ્રકારનો લેખ છે, અને સૌથી નીચે ગ્રીક ભાષા સાથે મળતો આવે એવો એક લેખ છે. એક પંડિતે આ ત્રણેય એક જ લેખ છે એવી કલ્પના કરી છે. કોપ્ટ નામની જે ખ્રિસ્તી પ્રજા હજી ઇજિપ્તમાં વસે છે અને જેઓ પ્રાચીન ઇજિપ્તવાસીઓના વંશજો ગણાય છે, તેમના લેખોની મદદથી એ પંડિતે આ પ્રાચીન ઇજિપ્શ્યન લિપિનો ઉકેલ કર્યો. એ જ રીતે બેબીલોનિયાની ઈંટો અને નળિયાં ઉપર કોતરેલી ભાલાની અણી જેવો લિપિનો પણ ધીરે ધીરે ઉકેલ કરવામાં આવ્યો. દરમિયાન કેટલાક હિન્દી શિલાલેખો જે હળની આકૃતિ જેવી લિપિમાં લખાયા હતા તે સમ્રાટ અશોકના વખતના હતા તેમ શોધાયું.

---

૧. હરપ્પા, મોહેન-જો-દરો વગેરેના પ્રાચીન અવશેષો ભારતના ઈશાન ભાગમાં મળી આવ્યા છે, જે ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાંના સુધરેલા શહેરનું અસ્તિત્વ બતાવે છે. ઈ. સ. ૧૯૨૨ પહેલાં તે ખોદાયા ન હતા.
— સંપાદક

આનાથી પહેલાંના શિલાલેખો હજુ શોધાયા નથી.[1] આખાયે ઇજિપ્તમાં જાતજાતનાં દેવળો, સ્તંભો અને કબરસ્તાનો ઉપર જે ચિત્રમય લિપિ લખવામાં આવી છે તેનો પણ હવે ધીરે ધીરે ઉકેલ કરવામાં આવે છે, અને ઇજિપ્તની પ્રાચીનતાની સમજણ સરળ બનાવે છે.

ઇજિપ્તવાસીઓ પુન્ટ નામના દક્ષિણ પ્રદેશમાંથી દરિયો પાર કરીને ઇજિપ્તમાં આવેલા. કેટલાક એમ કહે છે કે એ પુન્ટ તે હાલનું મલબાર છે, અને ઇજિપ્તવાસીઓ અને દ્રાવિડિયનો એક જ ઓલાદના છે. તેમનો પ્રથમ રાજા હતો મેનેસ. તેમનો પુરાણો ધર્મ પણ આપણી પુરાણ કથાઓને કેટલીક બાબતમાં મળતો આવે છે. શિવુ નામના દેવ નુઈ નામની દેવીથી ઘેરાયેલા હતા; પછી શુ નામે બીજા એક દેવે આવીને નુઈને બળજબરીથી હાંકી કાઢી ત્યારે નુઈનું શરીર આકાશ બન્યું અને તેના બે હાથ અને બે પગ આકાશના ચાર સ્તંભો થયા અને શિવુ પૃથ્વી થયો. નુઈના પુત્ર અને પુત્રી ઓસીરિસ અને ઈસીસ તે ઇજિપ્તનાં મુખ્ય દેવદેવી છે, અને તેમનો પુત્ર હોરસ સર્વમાન્ય દેવ તરીકે પૂજાય છે. આ ત્રણેની એકી સાથે ઉપાસના થતી. વળી ઈસીસ ગાયના રૂપમાં પૂજાતી.

પૃથ્વી પરની નાઈલ નદીની જેવી બીજી નાઈલ નદી આકાશમાં છે, કે જેનો પૃથ્વી ઉપરની નાઈલ માત્ર એક ભાગ જ છે. ઇજિપ્તવાસીઓની માન્યતા પ્રમાણે સૂર્ય હોડીમાં બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. વચ્ચે વચ્ચે તેને અહિ નામનો નાગ ગળી જાય છે, અને ત્યારે ગ્રહણ થાય છે. ચંદ્ર ઉપર એક ભૂંડ કોઈક વાર આક્રમણ કરીને તેના ટુકડેટુકડા કરી નાખે છે, જેમાંથી તેને સાજા થતાં પંદર દિવસ લાગે છે. ઇજિપ્તના દેવો કેટલાક શિયાળના મોંવાળા, કેટલાક બાજના મોંવાળા તો કેટલાક ગાયના મોંવાળા વગેરે જાતના છે.

આની સાથે જ યુફ્રેટીસના કિનારા ઉપર બીજી એક સંસ્કૃતિ ઊભી થઈ. માલ, મોલોક, ઇસ્તારતે અને દમૂઝી તેમના મુખ્ય દેવ હતા. ઇસ્તારતે દમૂઝી નામના એક ભરવાડના પ્રેમમાં પડી. એક ભૂંડે દમૂઝીને મારી નાખ્યો અને ઇસ્તારતે તેની શોધમાં પૃથ્વીની નીચેના પરલોકમાં ગઈ. આલાત

૧. સિંધુ લિપિ સુમેરિયન અને ઇજિપ્શિયનની સમકાલીન છે તેમ હવે જણાયું છે.



નામની ભયંકર દેવીએ તેને ખૂબ દુ:ખ આપ્યું. છેવટે ઇસ્તારતે એ કહ્યું કે જ્યાં સુધી દમૂઝી પાછો ન મળે ત્યાં સુધી હું પૃથ્વી પર પાછી જઈશ નહિ. હવે ઇસ્તારતે તો હતી કામની દેવી; અને જો તે ન હોય તો મનુષ્યો કે પશુઓ કે વનસ્પતિ કાંઈ જ જન્મે નહિ. ત્યારે દેવોએ એમ નક્કી કર્યું કે પ્રતિવર્ષે દમૂઝી ચાર માસ પરલોક એટલે પાતાળમાં રહે અને આઠ માસ પૃથ્વી ઉપર રહે. પછી ઇસ્તારતે પાછી ફરી, વસંતઋતુ આવી અને સારો પાક થયો.

આમ આ દમૂઝી અદુનોઈ કે આદુનીસના નામથી પ્રખ્યાત છે! તમામ સેમેટિક પ્રજાનો ધર્મ થોડા ફેરફાર સાથે લગભગ સરખો જ હતો. બેબીલોનિયનો, યહૂદીઓ, ફિનિશિયનો અને પાછળના કાળના આરબો એક જ પ્રકારની ઉપાસના કરતા. લગભગ દરેક દેવ મોલોક અથવા બાલ કહેવાતો; મોલોક શબ્દ માલિક (રાજા), મુલક, મુલ્લુક (રાજ્ય) વગેરેના રૂપમાં બંગાળી ભાષામાં હજુયે ચાલુ રહ્યો છે. પણ આ બધા દેવોમાં અવશ્ય થોડોઘણો ભેદ પણ હતો. કેટલાકના મત પ્રમાણે તેમાંનો એક દેવ અલાત પાછળથી આરબોનો અલ્લાહ થયો.

આ દેવોની પૂજામાં કેટલીક ભયંકર અને તિરસ્કરણીય ક્રિયાઓ હતી. મોલોક કે બાલ આગળ બાળકોને જીવતાં બાળી દેવામાં આવતાં. ઇસ્તારતેના મંદિરમાં સ્વાભાવિક કે અસ્વાભાવિક રીતે કામવૃત્તિ સંતોષવી એ ઉપાસનાનું મુખ્ય અંગ હતું.

બેબીલોનિયનો કરતાં યહૂદી પ્રજાનો ઇતિહાસ વધારે આધુનિક છે. વિદ્વાનોના મત પ્રમાણે બાઇબલ નામનું શાસ્ત્ર ઈ. સ. પૂર્વે ૫૦૦થી માંડીને ખ્રિસ્તી સંવત પછી કેટલાંક વર્ષોના ગાળા દરમ્યાનમાં લખાયું હતું. બાઇબલના ઘણા ભાગો જે પહેલાંના સમયના હોય તેમ માનવામાં આવે છે, તે ઘણા ઘણા પાછળના સમયના છે. બાઇબલના મુખ્ય વિષયો બેબીલોનિયનોને લગતા છે. બેબીલોનિયનની સૃષ્ટિની ઉત્પત્તિ તથા જળપ્રલયનું વર્ણન ઘણા ભાગોમાં જેમનું તેમ બાઇબલમાં લઈ લેવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈરાની શહેનશાહોના એશિયામાઇનોર પરના રાજ્યકાળમાં યહૂદીઓએ ઘણા ઈરાની સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો. ઓલ્ડ ટેસ્ટામેન્ટ (જૂના કરાર) મુજબ આ જગત જ સર્વસ્વ છે; આત્મા કે પરલોક જેવું કશું નથી. ન્યૂ ટેસ્ટામેન્ટ (નવો કરાર)માં

પરલોકવાદ અને મૃત્યુ બાદ પુનરુત્થાનના પારસી સિદ્ધાન્તોનો ઉલ્લેખ છે, જ્યારે શેતાનનો સિદ્ધાંત સદંતર પારસીઓનો જ છે.

યહૂદી ધર્મનું પ્રધાન અંગ યાવે-મોલોકની ઉપાસના છે. પણ આ નામ યહૂદી ભાષાનું નથી. કેટલાકના મત પ્રમાણે તે ઇજિપ્તનો શબ્દ છે. પણ તે ક્યાંથી આવ્યો તે કોઈ જાણતું નથી. બાઇબલમાં એવાં વર્ણનો છે કે યહૂદીઓને લાંબા કાળ સુધી ઇજિપ્તમાં રોકી રાખવામાં આવ્યા હતા; પણ આ બધું હવે ભાગ્યે જ સ્વીકારવામાં આવે છે અને અબ્રાહમ, આઇઝેક અને જોસેફ જેવા ગોત્રપિતાઓ માત્ર દંતકથા સાબિત થયા છે.

યહૂદીઓ "યાવે" નામ ન ઉચ્ચારતા; તેને બદલે તેઓ "આદુનોઈ" કહેતા. જ્યારે યહૂદીઓ ઇઝરાયલ અને ઈફ્રઈમ એમ બે શાખામાં વિભક્ત થયા ત્યારે બે દેશોમાં બે પ્રધાન દેવળો બાંધવામાં આવ્યાં. જેરૂસલેમમાં ઇઝરાયેલના લોકોએ બંધાવેલ દેવળમાં "યાવે"ની મૂર્તિ – જેમાં સ્ત્રીપુરુષ સંયુક્તરૂપે (અર્ધનારી-નર) દેખાડવામાં આવ્યાં હતાં – તેને એક પેટીમાં રાખવામાં આવી હતી, અને દરવાજે એક મોટો લિંગાકાર સ્તંભ હતો. ઈફ્રઈમમાં 'યાવે'ની આરાધના સુવર્ણમંડિત વૃષભના રૂપે કરવામાં આવતી હતી.

બન્ને સ્થળોએ કુટુંબના મોટા પુત્રને દેવ સમક્ષ અગ્નિમાં જીવતા હોમી દેવાની પ્રથા હતી. બંને સ્થળોએ સ્ત્રીઓની એક એક ટોળી રહેતી; તેઓ દેવળની અંદર જ અનીતિમય જીવન ગુજારીને જે કાંઈ કમાતી તે દેવને અર્પણ કરતી, અને એ રકમ મંદિરના ખર્ચમાં વપરાતી.

સમય જતાં યહૂદીઓમાં એક વર્ગ એવો ઊભો થયો જે સંગીત કે નૃત્યથી દેવોનો આવેશ પોતાના શરીરમાં લાવતા. આવા આવેશવાળા માણસો 'નબી' કે 'પયગમ્બર' કહેવાતા. ઈરાનીઓના સહવાસને પરિણામે એમાંના ઘણા મૂર્તિપૂજા, પુત્રોનાં બલિદાન, વેશ્યાવૃત્તિ અને એવા રિવાજોનો વિરોધ કરતા થયા. ધીરે ધીરે બલિદાનની જગ્યાએ સુન્નતની પ્રથા દાખલ કરવામાં આવી; વેશ્યાવૃત્તિ અને મૂર્તિપૂજાનો લોપ થયો. સમય જતાં આ પયગમ્બરોમાંથી ખ્રિસ્તી ધર્મનો ઉદય થયો.

ઈશુ નામનો કોઈ માણસ કદી જન્મ્યો હતો કે કેમ તે પ્રશ્ન વિષે ઘણો વિવાદ છે. ન્યૂ ટેસ્ટામેન્ટ (નવો કરાર)નાં ચાર પુસ્તકોમાંથી સેન્ટજહૉનના



પુસ્તકને તદ્દન ખોટું ઠરાવવામાં આવ્યું છે; બાકીનાં બીજાં ત્રણ માટે એવો નિર્ણય આવ્યો છે કે તે કોઈ એક પ્રાચીન ગ્રંથમાંથી કરાયેલી નકલ છે; અને તે પણ ઈશુ ખ્રિસ્તનો જે કાળ ગણવામાં આવ્યો છે ત્યાર પછી ઘણે વખતે થયેલી છે.

વળી જે કાળે ઈશુનો જન્મ થયો હોવાનું મનાય છે તે અરસામાં યહૂદીઓના બે ઇતિહાસકારો જોસેફ અને ફિલો જન્મ્યા હતા. તેમણે યહૂદીઓના છેક નાના નાના પંથોનો પણ ઉલ્લેખ કર્યો છે, પરંતુ ઈશુ અગર ખ્રિસ્તીઓનાં નામ સરખાંય તેમાં નથી, અથવા રોમન ન્યાયાધીશે ઈશુને વધસ્તંભ ઉપર મોતની સજા કર્યાનો પણ કોઈ ઉલ્લેખ નથી. જોસેફની ચોપડીમાં તે વિષે એક જ લીટી હતી, જે હવે ક્ષેપક તરીકે સાબિત થયેલ છે. તે વખતે યહૂદીઓ ઉપર રોમના લોકો રાજ્ય કરતા, અને ગ્રીકો તેમને જાતજાતનાં વિજ્ઞાન અને કલા શીખવતા. તે બધાએ યહૂદીઓ વિષે ઘણી વાતો લખી છે, પણ ઈશુ કે ક્રિશ્ચિયનોનો કોઈ ઉલ્લેખ કર્યો નથી.

બીજી મુશ્કેલી એ છે કે જે સુવાક્યો, આજ્ઞાઓ અને સિદ્ધાંતો ન્યૂ ટેસ્ટામેન્ટ (નવો કરાર)માં ઉપદેશાયેલાં છે એ બધાં શરૂઆતમાં જુદે જુદે સ્થળેથી મળેલાં હોઈ ખ્રિસ્તી તવારીખ પહેલાંથી જ યહૂદીઓમાં પ્રચલિત હતાં, અને હિલેલ વગેરે રેબીઓ (યહૂદી ઉપદેશકો) તેનો ઉપદેશ કરતા. આ બધું પંડિતોએ લખ્યું છે; બીજા ધર્મોની બાબતમાં તો તેઓ બેપરવાઈથી પોતાના અભિપ્રાયો આપતા, પરંતુ પોતાના દેશના ધર્મ અંગે તેવી જ બેપરવાઈથી પોતાની પ્રતિષ્ઠા જાળવીને તેઓ કેવી રીતે કહી શકે? તેથી તેઓ ધીરે ધીરે આગળ વધ્યા. તેમના ધર્મના આવા વિવેચનને "હાયર ક્રિટિસિઝમ" અર્થાત્ ઉચ્ચ કક્ષાનું વિવેચન કહેવામાં આવે છે.

પાશ્ચાત્ય વિદ્વાનો આમ દૂર દૂરના અને દેશ દેશના ધર્મો, રીત-રિવાજો, જાતિઓ વગેરેનો અભ્યાસ કરે છે, પણ આપણી બંગાળી ભાષામાં તેવું કંઈ નથી! અને તે શક્ય પણ કેમ બને? જો કોઈ બિચારો દશ વર્ષના સખત પરિશ્રમ પછી આ જાતના પુસ્તકનું ભાષાંતર કરે તો તે પોતાનો નિર્વાહ શાના પર ચલાવે, અને તેને પ્રસિદ્ધ કરવાના પૈસાય ક્યાંથી કાઢે?

પ્રથમ તો આપણો દેશ અત્યંત ગરીબ છે. બીજું, કોઈ પણ પ્રકારની વિદ્યા અંગેનું ખેડાણ કે અભ્યાસ પણ લગભગ નથી. આપણા દેશ માટે

શું એવો દિવસ ફરી ઊગશે ખરો કે જ્યારે આપણે વિવિધ પ્રકારની કલા અને વિજ્ઞાનોનો અભ્યાસ કરીશું? – જેની કૃપા मूकं करोति वाचालं, पङ्गुं लङ्घयते गिरिम् ।! "મૂંગાને વાચાળ બનાવે અને લંગડાને પર્વત ઓળંગાવે," તે જગદંબા જ એ તો જાણે!

જહાજે નેપલ્સ બંદરમાં લંગર નાખ્યું – અમે ઇટાલી પહોંચી ગયા. ઇટાલીની રાજધાની રોમ છે. રોમ, તે પુરાતન મહાન સત્તાધારી રોમન સામ્રાજ્ય, જેની રાજ્યનીતિ, યુદ્ધવિજ્ઞાન, વસાહત-સ્થાપન અને પરદેશો ઉપરના વિજયો હજુયે સમગ્ર જગતનો આદર્શ બની રહેલ છે, તેની રાજધાની!

નેપલ્સ છોડી અમે માર્સેલ્સ અને ત્યાંથી સીધા લંડન પહોંચ્યા.

તમે યુરોપ વિષે ઘણું સાંભળી લીધું છે; તેઓ શું ખાય છે, શું પહેરે છે, તેના રીતરિવાજો વગેરે જાણી લીધું છે એટલે તેને વિષે હું વધુ શું લખું? અને યુરોપીય સંસ્કૃતિ, તેની ઉત્પત્તિ, આપણી સાથેનો તેનો સંબંધ અને કેટલે સુધી તે સંસ્કૃતિ આપણે અપનાવવી, વગેરે બાબતો વિષે આગળ ઉપર મારે ખૂબ કહેવું પડશે. શરીર કોઈને છોડતું નથી, એટલે વહાલા ભાઈ! બીજે કોઈ સમયે આ બાબત હું કહીશ. અથવા તેથી શો ફાયદો? અને વાતો કરવામાં આપણા જેવા (ખાસ કરીને બંગાળીઓ જેવા) હોશિયાર દુનિયામાં બીજા કોણ છે? શક્ય હોય તો તમે કાર્ય કરી બતાવો. મોઢું બંધ રાખો અને કામ કરી બતાવો. પણ વાતવાતમાં એક બાબત કહી લઉં કે જ્યારથી વિદ્યા તેમ જ સત્તા ગરીબ અને નીચલા થરના લોકો સુધી પહોંચવા માંડી ત્યારથી યુરોપ આગળ વધવા લાગ્યું છે. બીજા દેશોના જે સંખ્યાબંધ દુ:ખી લોકો જાણે કચરાની માફક દૂર ફેંકાઈ ગયા, તેમને અમેરિકામાં ઘર અને આશરો મળ્યાં; અને તેઓ જ આજે અમેરિકાની કરોડરજ્જુ છે. મોટા માણસો – પંડિતો કે પૈસાદાર લોકો તમને સાંભળે કે ન સાંભળે, સમજે કે ન સમજે, તમારી સ્તુતિ કરે કે નિંદા કરે, તેનો કંઈ અર્થ નથી. તેઓ માત્ર શોભારૂપ છે, દેખાવ માત્રના છે! કરોડો નીચલા થરના ગરીબ લોકો જ દેશનું જીવન છે. સંખ્યાની કંઈ ગણતરી નથી. લક્ષ્મી કે ગરીબાઈને કંઈ લાગતુંવળગતું નથી. વિચાર, વાણી અને કાર્યમાં સંગઠિત થયેલા મુઠ્ઠીભર માણસો પણ દુનિયામાં



ઊથલપાથલ કરી નાખી શકે! આ શ્રદ્ધા કદી ગુમાવશો નહિ. મુશ્કેલીઓ જેટલી વધારે તેટલું વધુ સારું. પ્રવાહમાં જો કોઈ પણ પ્રતિરોધ ન હોય તો તેનો વેગ વધે ખરો કે? વસ્તુ જેટલી નવી, જેટલી સારી, તેટલા પ્રમાણમાં તેની સામે શરૂઆતમાં વિરોધ વધારે થવાનો. વિરોધ સફળતાનું પૂર્વ લક્ષણ છે; જ્યાં વિરોધ ન હોય ત્યાં સફળતા પણ ન હોય. અસ્તુ.

* * * * *

આપણામાં એક કહેવત છે કે જેના પગે ચક્ર હોય તેને ખૂબ રખડવું પડે છે. મારે પગે તો બનતાં સુધી બધે જ આમ છે. 'બનતાં સુધી' એટલા માટે કહું છું કે મારા પગનાં તળિયાંનું નિરીક્ષણ કરીને તે ચિહ્નો શોધવાનો મેં ઘણો પ્રયાસ કર્યો છે પણ તદ્દન નિષ્ફળ ગયો છું. ઠંડીને કારણે પગ ખૂબ ફાટી ગયા છે, પણ તેમાં કોઈ સ્થળે ચક્ર જેવું ક્યાંય દેખાતું નથી. ગમે તે હોય, પણ જ્યારે આવી લોકોક્તિ છે ત્યારે માની લઉં છું કે મારા પગમાં ચારે બાજુ તેવાં ચિહ્નો હશે; તેનું પરિણામ તો ચોક્કસ દેખાય છે. મારી તો ખાસ ઇચ્છા હતી કે પારિસમાં રહીને થોડા દિવસ ફ્રેંચ ભાષા અને ફ્રાંસની સંસ્કૃતિનો અભ્યાસ કરું. મારા જૂના મિત્રો અને ઓળખીતાઓને છોડીને હું એક નવા ફ્રેંચ મિત્ર સાથે રહ્યો. તેને અંગ્રેજીનું જ્ઞાન ન હતું અને મારું ફ્રેંચ ભાષાનું જ્ઞાન તો વિચિત્ર પ્રકારનું હતું! મારા મનમાં એમ હતું કે મૂંગા ન રહી શકવાથી મારે ફરજિયાત ફ્રેંચ ભાષા બોલવી પડશે, અને તેથી તે ભાષા મને ઝડપથી આવડી જશે. પણ ઊલટું હું તો પ્રવાસે નીકળી પડયો છું અને વિયેના, તુર્કસ્તાન, ગ્રીસ, ઇજિપ્ત અને જેરૂસલેમની મુસાફરી કરી રહ્યો છું. જે ભાવિ છે તેને કોણ રોકી શકે? આ પત્ર હું તમને મુસલમાન સાર્વભૌમત્વના છેલ્લા અવશેષ સમી રાજધાની કૉન્સ્ટન્ટીનોપલથી લખી રહ્યો છું.

મારા સહયાત્રીઓ ત્રણ છે; તેમાંના બે ફ્રેંચો છે અને ત્રીજો અમેરિકન છે. અમેરિકન, જેને તમે સારી રીતે જાણો છો તે મિસ મેક્લાઉડ છે; ફ્રેંચ પુરુષ સાથી મોંશ્યોર જુલે બોઈ છે. જેઓ ફ્રાંસના પ્રખ્યાત તત્ત્વવેત્તા અને સાક્ષર છે; તથા ફ્રેંચ સ્ત્રી સાથી તે પ્રખ્યાત ગાયિકા માદમોઇઝેલ કેલ્વે છે. ફ્રેંચ ભાષામાં 'મિસ્ટર'ને બદલે 'મોંશ્યોર' અને 'મિસ'ને બદલે 'માદમોઇઝેલ' શબ્દ વપરાય છે. માદમોઇઝેલ કેલ્વે આ જમાનાની

રંગભૂમિની અગ્રણી ગાયિકા છે. તેના સંગીતની એટલી બધી કદર કરવામાં આવે છે કે કેવળ ગાવામાંથી જ તેને વરસે ત્રણથી ચાર લાખ રૂપિયાની આવક થાય છે. હું તેને પહેલાંથી જ જાણું છું. પશ્ચિમની શ્રેષ્ઠ અભિનેત્રી માદામ સારા બર્નહર્ટ અને અગ્રણી ગાયિકા કેલ્વે બન્ને ફ્રેંચ છે અને બન્ને અંગ્રેજીથી સાવ અજાણ છે. પણ તે પ્રસંગોપાત્ત ઈંગ્લૅંડ અને અમેરિકા જાય છે અને અભિનય તથા ગીત દ્વારા લાખો ડૉલર કમાય છે. શિષ્ટ જગતની ભાષા ફ્રેંચ છે; પશ્ચિમમાં તે સંસ્કારિતાની નિશાની છે, અને દરેક જણ તે જાણે છે. તેથી આ બન્ને મહિલાઓને અંગ્રેજી શીખવાની મરજી કે અવકાશ નથી. માદામ બર્નહાર્ટ મોટી ઉંમરની છે; પણ જ્યારે તે વેષભૂષા કરીને રંગમંચ ઉપર આવે છે ત્યારે તે જે ઉંમરનાં સ્ત્રી કે પુરુષપાત્રનો અભિનય કરે છે, તેમાં તેનું અનુકરણ આબેહૂબ હોય છે! અસલ છોકરી કે છોકરાનો, ગમે તેનો પાઠ તે બરાબર ભજવી બતાવશે. અને શો અદ્‌ભુત તેનો કંઠ! અહીં લોકો કહે છે કે તેના અવાજમાં રૂપેરી ઘંટડીનો રણકાર છે! માદામ બર્નહાર્ટને ભારત તરફ ખાસ માન છે. એ મને વારંવાર કહે છે કે "તમારો દેશ ઘણો પ્રાચીન અને ઘણો સંસ્કારી છે!" એક વરસે તેણે ભારતને સ્પર્શતું એક નાટક રજૂ કર્યું. એમાં તેણે ભારતની એક શેરીનું દૃશ્ય ઊભું કર્યું હતું: પુરુષો, સ્ત્રીઓ, બાળકો, સાધુઓ અને બધુંય જાણે કે ભારતનું હૂબહૂ ચિત્ર! એ પ્રયોગ પછી તેણે મને કહ્યું કે લગભગ એક મહિના સુધી તેણે દરેક સંગ્રહસ્થાનની મુલાકાત લીધી હતી અને ભારતનાં સ્ત્રીઓ, પુરુષો, તેના પહેરવેશ, શેરીઓ, સ્નાન કરવાના ઘાટ, વગેરે હિંદ અંગેની બધી વિગતોની માહિતી મેળવી લીધી હતી. માદામ બર્નહાર્ટને ભારત જોવાની ખૂબ પ્રબળ ઇચ્છા છે. તે કહે છે: "એ મારું જીવનસ્વપ્ન છે." વળી પ્રિન્સ* ઑફ વેલ્સે તેને વાઘ અને હાથીના શિકાર માટે ભારત લઈ જવાનું વચન આપ્યું છે. પણ તેણે ઉમેર્યું કે જો પોતાને ભારત જવાનું થાય તો દોઢબે લાખ રૂપિયા ખર્ચ્યા સિવાય કેમ ચાલે? બેશક, તેને પૈસાની તંગી નથી. લોકોએ તેને "દૈવી સારા" એવું ઉપનામ આપ્યું છે. તેને પૈસાની ખોટ જ ક્યાં છે? સ્પેશ્યલ ટ્રેન સિવાય તે કદી

*સ્વર્ગસ્થ શહેનશાહ નામદાર એડવર્ડ સાતમા; તેઓ તે વખતે પ્રિન્સ ઑફ વેલ્સ હતા.



મુસાફરી કરતી નથી. તેના જેવો ભભકો અને મોજમજા યુરોપના ઘણા રાજવીઓ પણ માણી શકતા નથી! તેનો અભિનય જોવા માટે બમણી ફી આપીને એક મહિના અગાઉથી ટિકિટ ખરીદે તો જ જગ્યા મળે! તેને કદીયે પૈસાની તંગી પડવાની નથી. પણ સારા બર્નહાર્ટ ઘણી ખર્ચાળ છે, તેથી તેની ભારતની મુસાફરી હાલ તુરત માટે મુલતવી રહી છે.

માદમૉઇઝેલ કેલ્વે આ શિયાળામાં ગાવાની નથી; તે આરામ લેવાની છે, અને ઇજિપ્ત જેવી સમશીતોષ્ણ આબોહવામાં જવા ધારે છે. હું તેના મહેમાન તરીકે સાથે જવાનો છું. માદામ કેલ્વેએ માત્ર સંગીતનો જ અભ્યાસ કર્યો છે એમ નથી; તે ઠીક ઠીક વિદ્વાન છે, તથા તત્ત્વજ્ઞાન અને ધાર્મિક સાહિત્ય તરફ તેને ઘણો પ્રેમ છે. ઘણા ગરીબ સંજોગોમાં તેનો જન્મ થયો હતો. ધીરે ધીરે બુદ્ધિથી મહામહેનત કરી ઘણાં કષ્ટ વેઠીને તેણે ખૂબ પૈસો એકઠો કર્યો છે, તથા અત્યારે રાજાઓ અને સત્તાધીશોના માનનું પાત્ર બની રહી છે!

માદામ મેલ્વા, માદામ એમા એમ્સ અને એવી અન્ય પ્રસિદ્ધ સ્ત્રી-ગાયિકાઓ પણ છે. ઘણા જાણીતા ગાયકો જેવા કે જાં દ રેઝકી, પ્લોંસોં વગેરે સહુ દર વરસે બેથી ત્રણ લાખ રૂપિયા કમાય છે! પણ કેલ્વેની કળા સાથે બુદ્ધિનો અદ્‌ભુત સંયોગ થયો છે. અસાધારણ સૌન્દર્ય, યુવાવસ્થા, બુદ્ધિ અને સ્વર્ગીય અવાજ: આ બધાને કારણે માદામ કેલ્વે ગાયિકાઓમાં અગ્રણી બની રહી છે. દુ:ખ અને દારિદ્ય કરતાં વધારે સારો બીજો કોઈ શિક્ષક નથી. બાળપણનાં અતિશય દરિદ્રતા, દુ:ખ અને કષ્ટો સામે સતત ઝઘડવાને પરિણામે માદામ કેલ્વેએ આ વિજય મેળવ્યો છે; અને આ કારણે તેના જીવનમાં નોંધપાત્ર સહૃદયતા અને ધીરગંભીરપણું આવ્યાં છે. વળી પશ્ચિમમાં સાહસી સ્વભાવવાળાને તો તકો પણ તેટલી જ મળે છે, જ્યારે આપણા દેશમાં તો સાહસનો અભાવ ન હોય તોપણ તકનો તો ઘેરો અભાવ હોય છે. બંગાળી સ્ત્રીઓ કેળવણી મેળવવા તો ઘણી તત્પર હોય, પરંતુ તકના અભાવે તેનું કંઈ વળતું નથી. અને બંગાળી ભાષામાં શીખવા જેવું છે પણ શું? બહુ બહુ તો થોડી દમ વગરની નવલકથાઓ અને નાટકો. વળી અત્યારે શિક્ષણ પરદેશી ભાષા કે સંસ્કૃતમાં જ, અને તે પણ થોડા સદ્‌ભાગી માણસોને જ મળે છે, જ્યારે પશ્ચિમના દેશોમાં

તેમની માતૃભાષામાં અસંખ્ય પુસ્તકો હોય છે, અને ઉપરાંત જ્યારે પરદેશી ભાષામાં કોઈ નવું પુસ્તક બહાર પડે કે તરત તેનો અનુવાદ કરીને લોકો પાસે રજૂ કરવામાં આવે છે.

મૌશૈં જુલ બોવા એક પ્રસિદ્ધ લેખક છે. જુદા જુદા ધર્મોમાં રહેલા વહેમોનું ઐતિહાસિક સત્ય શોધી કાઢવામાં તેઓ ખાસ નિષ્ણાત છે. તેમણે એક પુસ્તક લખ્યું છે. તે ખૂબ પ્રસિદ્ધિ પામેલું છે. તેમાં તેમણે શેતાનની પૂજા, જાદુગરી, મારણ-ઉચ્ચાટન, મન્ત્રતન્ત્ર વગેરે જે મધ્યયુગીન યુરોપમાં પ્રચલિત હતાં અને હજુ પણ જેનો થોડો ઘણો અંશ દેખાય છે, તેને ઐતિહાસિક સ્વરૂપ આપ્યું છે. તે એક મોટા કવિ પણ છે. વિક્ટર હ્યુગો, લામાર્ટિન વગેરે મહાન ફ્રેંચ કવિઓ તથા ગેટે અને શીલર જેવા મહાન જર્મન કવિઓ વગેરે ઉપર વેદાન્તના વિચારે જે અસર કરી છે, તેનું તેઓ ખાસ સમર્થન કરનારા છે. યુરોપીય કાવ્યો અને દર્શનશાસ્ત્રો ઉપર વેદાન્તનો પ્રભાવ ઘણો પ્રબળ છે. મને તો લાગે છે કે દરેક મહાન કવિ વેદાન્તી હોય છે; અને જે કોઈ ફિલસૂફી પરનો નિબંધ લખે છે તેને એક અગર બીજા રૂપમાં વેદાંતમાંથી કાંઈ ને કાંઈ લેવું જ પડે છે. માત્ર હર્બર્ટ સ્પેન્સર જેવા કેટલાક આ ઋણ કબૂલ કરવાની પરવા રાખતા નથી અને પોતાની મૌલિકતા જ બતાવવા માગે છે. પણ મોટા ભાગના લોકો આ ઋણનો સ્પષ્ટ સ્વીકાર કરે છે. વળી ખાસ કરીને તાર, ટપાલ, રેલવે અને વર્તમાનપત્રોના આ જમાનામાં તેમ કર્યા વગર ચાલે પણ કેમ? મોશૈં જુલે બોઈ બહુ નમ્ર અને શાંત છે; અને પોતે સાધારણ સ્થિતિના માણસ હોવા છતાં પોતાને ઘેર તેમણે મને અતિથિ તરીકે પ્રેમપૂર્વક રાખ્યો હતો, તથા હવે તેઓ મારી સાથે મુસાફરીએ આવે છે.

કૉન્સ્ટન્ટીનોપલ સુધી મુસાફરીમાં અમારી સાથે એક બીજું દંપતી પણ છે: પિયર હિયાસં અને તેમનાં પત્ની. પિયરં એટલે પાદરી હિયાસાં રોમન કૅથલિક સંપ્રદાયના સખત તપશ્ચર્યા કરનાર વર્ગના સાધુ હતા. તેમની વિદ્વત્તા, અસાધારણ વક્તૃત્વશક્તિ અને તપશ્ચર્યાના પ્રભાવે ફ્રાંસમાં અને સારાય કૅથલિક સંપ્રદાયમાં તેમણે ઊંચી પ્રતિષ્ઠા મેળવી છે. મહાકવિ વિક્ટર હ્યુગો જે બે માણસોની ફ્રેંચ શૈલી વખાણતા, તેમાંના એક છે પિયર હિયાસાં. ચાલીસ વર્ષની ઉંમરે પિયર હિયાસાં એક અમેરિકન



સ્ત્રીના પ્રેમમાં પડયા, અને આખરે તેને પરણ્યા. આથી ઘણી સનસનાટી વ્યાપી ગઈ. અલબત્ત કૅથલિક સંપ્રદાયે તો તેનો તરત જ ત્યાગ કર્યો. ઉઘાડા પગ અને ઢીલા ઝભ્ભાનો તપસ્વીનો વેશ ફેંકી દઈ પિયર હિયાસાંએ ગૃહસ્થનાં હૅટ, કોટ અને બૂટ પહેરીને મૌંશૈં લૉયઝન બન્યા. પણ હું તો તેમને અગાઉના નામથી જ બોલાવું છું. એ વાત તો બહુ જૂની છે અને સારાય યુરોપખંડમાં તે ચર્ચાનો વિષય બની હતી. પ્રૉટેસ્ટન્ટોએ તેમને સન્માન્યા, પણ કૅથલિકોએ તેમનો તિરસ્કાર કર્યો. તેમની વિદ્વત્તાને લક્ષમાં લઈને પોપ તેનો ત્યાગ કરવા માગતા નહોતા, એટલે ગ્રીક કૅથલિક પાદરી તરીકે ચાલુ રહીને રોમન ચર્ચને નહિ છોડવા તેમણે તેમને કહ્યું. (ગ્રીક કૅથલિક પાદરીઓને માત્ર એક જ વખત લગ્ન કરવાની છૂટ છે, જોકે તેને ઊંચું સ્થાન આપવામાં આવતું નથી.) મિસિસ લૉયઝને તેને બળજબરીથી પોપની અસર તળેથી ખેંચી કાઢયા. સમય જતાં તેમને પુત્રો અને પૌત્રો થયા. ખ્રિસ્તીઓ અને મુસલમાનો વચ્ચે પ્રેમભર્યો સંબંધ રહે તેવો પ્રયાસ કરવા હવે આ વૃદ્ધ લૉયઝન જેરૂસલેમ જાય છે. તેમનાં પત્નીએ તો કદાચ એવાં સ્વપ્નો સેવેલાં કે લોયઝન કદાચ બીજા માર્ટિન લ્યૂથર બને અને પોપનું સિંહાસન ભૂમધ્ય સમુદ્રમાં ઉથલાવી પાડે! પણ એવું કંઈ બન્યું નહિ; ફ્રેંચો કહે છે તેમ अतोभ्रष्टः ततोभ्रष्टः । “નહિ ઘરનો કે નહિ ઘાટનો” એવું પરિણામ આવ્યું. પણ માદામ લૉયઝન હજુ પોતાનાં વિચિત્ર દિવાસ્વપ્નો જોયાં કરે છે. વૃદ્ધ લૉયઝન અતિ મિષ્ટભાષી, નમ્ર અને ભક્ત માણસ છે; જ્યારે તેઓ મને મળે છે ત્યારે જુદા જુદા ધર્મો અને સંપ્રદાયો વિષે ઘણી વાતો કરે છે, પણ ભક્તની પ્રકૃતિ હોવાથી તેઓ અદ્વૈતવાદથી જરા ડરે છે. માદામ લૉયઝનનો મારા પ્રત્યેનો ભાવ જરા પ્રતિકૂળ લાગે છે. જ્યારે આ વૃદ્ધ માણસ સાથે હું ત્યાગ અને તપશ્ચર્યા જેવા વિષયો ચર્ચું છું, ત્યારે તેના વૃદ્ધ હૃદયમાં લાંબા કાળથી ભરાઈ રહેલા ભાવો જાગે છે; પણ તેથી તેમનાં પત્નીને સંભવત: માઠું લાગે છે. વળી બધાં ફ્રેંચ સ્ત્રીપુરુષો તો એ તમામ દોષોનો ટોપલો પત્ની ઉપર ઢોળે છે. તેઓ કહે છે: “એ સ્ત્રીએ અમારા તપસ્વી સાધુને બગાડયો!” માદામ લોયઝનને જરા મુશ્કેલી તો રહે છે—ખાસ કરીને તેઓ કૅથલિક દેશમાં, પારિસમાં રહે છે તેથી કૅથલિકોને પરિણીત પાદરીને

જોવો પણ ગમતો નથી. કુટુંબવાળો કોઈ પણ માણસ ધર્મનો ઉપદેશ આપે, તે કોઈ પણ કૅથલિક બિલકુલ સહી શકશે નહિ. વળી માદામ લૉયઝનમાં થોડી તીખાશ પણ છે. તેમણે એક વખત એક અભિનેત્રીને પોતાનો અણગમો આમ કહી વ્યક્ત કરેલો: "તમે અમુક ગૃહસ્થ સાથે પરણ્યા વગર રહો છો તે તમારે માટે ઘણું ખરાબ છે." અભિનેત્રીએ તરત જ ઉત્તર આપ્યો: "તમારા કરતાં હું હજાર ગણી સારી છું. હું એક સાધારણ માણસ સાથે રહું છું. બનવા જોગ છે કે કદાચ હું કાયદેસર રીતે તેને પરણી ન હોઉં, પણ તમે તો મહાપાપી છો. તમે આવા એક મહાન સાધુને ભ્રષ્ટ કર્યા છે. જો તમે આ સાધુ સાથે ખરેખર અતિશય પ્રેમમાં હોત, તો તમે તેની પરિચારિકા તરીકે રહી શક્યાં હોત. ઊલટું તમે તો તેને પરણીને તેને ગૃહસ્થ બનાવીને તેનું જીવન સાવ બરબાદ કર્યું છે?"

હું તો આ બધું સાંભળીને ચૂપ રહું છું. વૃદ્ધ પિયર હિયાસાં ખૂબ જ પ્રેમાળ અને શાંત સ્વભાવના છે; તેઓ પત્ની અને કુટુંબ સાથે સુખી છે, અને તેમાં આખા ફ્રાન્સ દેશને શું નુકસાન છે? હું તો માનું છું કે જો તેમની પત્ની જરા શાંત થાય તો બધું ઠીક થઈ જાય. પણ એક બાબતની મેં નોંધ લીધી છે કે દરેક દેશનાં સ્ત્રીપુરુષોને કોઈ પણ બાબત સમજવાના અને વિચારવાના માર્ગો ભિન્નભિન્ન હોય છે; પુરુષો એક રીતે સમજશે, સ્ત્રીઓ બીજી રીતે; પુરુષો એક રીતે દલીલ કરશે, સ્ત્રીઓ બીજી રીતે; પુરુષો સ્ત્રીઓને નિર્દોષ ઠરાવશે અને પુરુષો ઉપર બધો દોષ ઢોળશે, જ્યારે સ્ત્રીઓ પુરુષોને જતા કરીને સ્ત્રીઓ ઉપર જ દોષ ઢોળશે.

આ સ્ત્રી-પુરુષોની મંડળી સાથે રહેવાથી મને ખાસ લાભ એ મળે છે કે એક અમેરિકન સ્ત્રી સિવાય કોઈ અંગ્રેજી જાણતું નથી.* અંગ્રેજીમાં વાત કરવાનું બંધ છે, અને તેથી મારે ગમે તેમ કરીને ફ્રેંચ ભાષા સાંભળવી અને બોલવી પડે છે.

પારિસથી અમારા મિત્ર મૅક્સિમે અનેક જગ્યાએ ઓળખાણપત્રો આપ્યા છે, કે જેથી તે સ્થળો બરાબર જોઈ શકાય. મૅક્સિમ એ પ્રસિદ્ધ

*પશ્ચિમમાં કોઈ મંડળીમાં જે ભાષા બધા લોકો ન સમજતા હોય તેમાં વાત કરવાનું વિવેકભર્યું મનાતું નથી.



મૅક્સિમ તોપના શોધક છે; આ તોપ સતત ગોળાઓ છોડી શકે છે અને કોઈ પણ રોકાણ વિના, ગોળાઓ આપોઆપ ભરાય છે અને આપોઆપ છૂટે છે. મૅક્સિમ ખરી રીતે તો અમેરિકન છે; અત્યારે તે ઇંગ્લૅંડમાં વસ્યા છે; અહીં તેમની તોપોનાં કારખાનાં છે. જો કોઈ તેમની હાજરીમાં વારંવાર તેમની તોપનો ઉલ્લેખ કરે છે તો તેઓ ચિડાય છે અને કહે છે: "ભલા મિત્ર! મેં વિનાશકારી એ યંત્ર શોધ્યા સિવાય શું બીજું કંઈ નથી કર્યું?" મૅક્સિમ, ચીન અને ભારતના પ્રશંસક છે; ધર્મ અને તત્ત્વજ્ઞાન વગેરે વિષયોના સારા લેખક છે. લાંબા વખતથી તેઓ મારાં પુસ્તકો વાંચતા હોવાથી મારા પ્રત્યે ખાસ માનથી જુએ છે – ખૂબ જ માનથી. તે તમામ રાજારજવાડાંઓને તોપો વેચે છે, તેથી બધા દેશોમાં તેમના ઓળખીતાઓ છે. પરંતુ તેમના ખાસ મિત્ર છે લી હુંગ ચાંગ, તેમની ખાસ શ્રદ્ધાનો વિષય છે ચીન અને કૉન્ફ્યૂશિયસનો ધર્મ. ઘણીય વખત ખ્રિસ્તી પાદરીઓ વિરુદ્ધ ચીની ઉપનામથી તેઓ લેખો લખે છે: જેમ કે પાદરીઓ શા માટે ચીન જાય છે, શું કરવા માટે, વગેરે વિષે. ચીનમાં પાદરીઓ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરે તે તેમનાથી બિલકુલ સહ્યું જતું નથી. તેમની પત્ની પણ પતિની જેમ ચીન તરફ સદ્‌ભાવ અને ખ્રિસ્તી ધર્મ તરફ તિરસ્કાર સેવે છે. મૅક્સિમને કોઈ સંતાન નથી; વૃદ્ધ અવસ્થા છે અને પાસે અઢળક ધન છે.

અમારો મુસાફરીનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી થયો: પૅરિસથી રેલવે રસ્તે વિયેના, અને ત્યાંથી કૉન્સ્ટન્ટીનોપલ જવું; પછી સ્ટીમર મારફત એથેન્સ અને ગ્રીસ, પછી ભૂમધ્ય પાર કરી ઇજિપ્ત, એશિયા માઈનોર અને જેરૂસલેમ વગેરે પહોંચવું. "ઓરિયેન્ટલ ઍક્સપ્રેસ" ટ્રેન પારિસથી કૉન્સ્ટન્ટીનોપલ રોજ જાય છે. અમેરિકન પદ્ધતિ મુજબ સૂવાની, બેસવાની તથા ખાવાપીવાની તેમાં જોગવાઈ રહે છે. બરાબર અમેરિકન ગાડીઓના જેવી ન હોવા છતાં તેમાં ઠીક ઠીક સગવડ કરવામાં આવી છે. ઑક્ટોબરની ૨૪મી તારીખે હું તે ટ્રેનમાં પારિસ છોડવાનો છું.

આજે ૨૩મી ઑક્ટોબર છે, કાલે સાંજે હું પારીસ છોડવાનો છું. કારણ કે આ વર્ષે પારિસમાં વિરાટ 'પારિસપ્રદર્શન' હોવાથી તે અત્યારે શિક્ષિત જગતનું કેન્દ્ર બન્યું છે. પૃથ્વીના દેશદેશમાંથી અનેક જાણીતા સજ્જનો

ભેગા થયા છે. બધા દેશોની શ્રેષ્ઠ બુદ્ધિશાળી વ્યક્તિઓ પોતાની બુદ્ધિથી પોતાના દેશની કીર્તિ વધારવા પારિસમાં મળી છે. જે સદ્ભાગી માણસનું નામ આ મહાન કેન્દ્રમાં આજે રણકશે, તે રણકારની સાથોસાથ તેનો પોતાનો દેશ પણ ગૌરવવંતો બનશે. આ મહાન રાજ્યધાનીનું શહેર જ્યાં જર્મનો, ફ્રેંચો, અંગ્રેજો, ઇટાલિયનો અને બીજા પંડિતો ઊભરાયા છે, ત્યાં ઓ મારી માતૃભૂમિ બંગાળ! તું ક્યાં છે? તારું નામ અહીં કોણ ઉચ્ચારશે? તારું અસ્તિત્વ અહીં કોણ જાહેર કરશે? આ ગોરા બુદ્ધિશાળીઓના ભરચક સમુદાયમાંથી આપણી માતૃભૂમિના-બંગાળાના નામને પ્રસિદ્ધ કરવા એક બાહોશ યુવાન વીર આગળ આવ્યો: તે વિશ્વવિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી ડૉ. (પાછળથી સર) જે. સી. બોઝ હતો. તે એકલા યુવાન બંગાળી ભૌતિકશાસ્ત્રીએ પોતાની ભવ્ય પ્રતિભાથી વીજળીવેગે પાશ્ચાત્ય શ્રોતામંડળને મંત્રમુગ્ધ બનાવી દીધું; અને માતૃભૂમિના મૃતપ્રાય શરીરમાં તે વિદ્યુતપ્રવાહે નવજીવનનો ધબકાર આણ્યો! દુનિયાના ભૌતિકશાસ્ત્રના નિષ્ણાતોની આખી મંડળીમાં જગદીશચંદ્ર બોઝ આજે મોખરે છે. ભારતવાસી, બંગવાસી! શાબાશ વીર! જે કોઈ દેશમાં ડૉ. બોઝ અને તેની સતીસાધ્વી સર્વગુણસંપન્ન પત્ની જશે ત્યાં તેઓ ભારતનું મુખ ઉજ્જ્વલ કરશે, બંગાળનું ગૌરવ વધારશે. ધન્ય છે એ દંપતીને!

અને મિ. લેગેટ ખૂબ પૈસો ખર્ચીને પોતાના પારિસના આલીશાન બંગલામાં દરરોજ ભોજન માટે પ્રસિદ્ધ સ્ત્રીપુરુષોને આમંત્રણ આપીને એકત્ર કરતા, તે કાર્ય પણ આજે પૂરું થાય છે.

મિ. લેગેટના આતિથિસત્કાર અને માયાળુ સ્વભાવથી આકર્ષાઈને કવિઓ, દાર્શનિકો, વૈજ્ઞાનિકો, નીતિવિદો, સમાજસેવકો, ગાયકગાયિકાઓ, શિક્ષકશિક્ષિકાઓ, ચિત્રકારો, શિલ્પીઓ, વાદકો વગેરે વિવિધ પ્રકારના ગુણસંપન્ન લોકો તેમને ઘેર આવતા. વિદ્વાનોની ગિરિનિર્ઝરસમી સતત વહેતી વાક્ધારા, અગ્નિસ્ફુલિંગો માફક ચારે બાજુ ઊડતી સદ્ભાવના, જાદુઈ અસર પાથરતું મહાન સંગીત, વિદ્વાનોના વિચારસંઘર્ષમાંથી ઉત્પન્ન થતા નવા નવા ભાવો, સહુને મંત્રમુગ્ધ બનાવી સ્થળકાળનું પણ ભાન ભુલાવી દેતા, તેનો પણ અંત આવ્યો.

પૃથ્વી ઉપર બધી બાબતોનો અંત આવે જ છે. પારિસપ્રદર્શનમાં મેં ફરી એક વાર આજે ચક્કર લગાવ્યું. આ પ્રદર્શન જાણે સ્થિર બનેલી



વિદ્યુતની માફક તેજોમય વિચારોનો પુંજ ન હોય! અને ધરતી ઉપર સ્વર્ગીય દૃશ્ય રજૂ કરનાર આ વિશિષ્ટ સમુદાય પણ કેવો!

છેલ્લા બેત્રણ દિવસથી પારિસમાં વરસાદ પડે છે. જે સૂર્યદેવ ફ્રાંસ ઉપર સદાય પ્રકાશમય હોય છે, તે આ દિવસમાં કેટલાય વખતથી નારાજ થઈ ગયા છે. કલા અને કલાકારો તેમ જ વિદ્યા અને પંડિતોના આ સમુદાય હેઠળ વિલાસનો ગુપ્ત પ્રવાહ ચાલતો જોઈને કદાચ તેમનાં મોં ઉપર ઘૃણાનાં વાદળાં છવાઈ ગયાં હશે, અથવા લાકડાં, વસ્ત્રો અને વિવિધ રંગોથી રચાયેલી આ માયાપુરી અમરાવતીના તાત્કાલિક વિનાશની ચિંતાથી તેઓ દુ:ખથી ભારે હૃદયે મેઘના આવરણમાં પોતાનું મોઢું છુપાવતા હશે.

અમો પણ અહીંથી છૂટવાથી ખુશી થઈશું. પ્રદર્શનનું વિસર્જન પણ મહાકાર્ય છે. આ પૃથ્વી ઉપરના સ્વર્ગ—આ નંદનવન સમા પારિસની શેરીઓ ઢીંચણ સુધી કાદવ અને ચૂનાથી ભરાઈ જશે. એકાદ બે મુખ્ય મકાનોના અપવાદ સિવાય પ્રદર્શનનાં બીજાં બધાં મકાનો આ સંસારની જેમ લાકડાના કકડા, ફાટેલાં લૂગડાં અને ચૂનાના ધોળની કરામત સિવાય કંઈ જ નથી! જ્યારે એ બધું તોડી પાડવામાં આવે ત્યારે ઊડતી ચૂનાની ભૂકીથી જાણે કે શ્વાસ થંભાવી દે; ચીંથરાં અને રેતી શેરીઓને ગંદી બનાવી નાખે; એમાંય વધારામાં જો વરસાદ પડે, તો તો ભયંકર કચખાણ મચી જાય.

તારીખ ૨૪મી ઑક્ટોબરની સાંજે અમે પારિસ છોડયું. રાત અંધારી હતી અને કાંઈ દેખાતું ન હતું. મૌશોં બોવા અને હું એક ડબ્બામાં હતા. અમે જલદી જલદી સૂઈ ગયા. ઊંઘમાંથી જાગતાંવેંત જોયું કે અમે ફ્રેંચ સરહદ છોડીને જર્મન પ્રદેશમાં દાખલ થયા હતા. મેં અગાઉ જર્મની સારી રીતે જોયું છે. પણ ફ્રાંસ જોયા પછી જર્મની જોતાં પરસ્પર વિરોધીભાવ ઉત્પન્ન કરે છે. "એક બાજુ ચંદ્ર આથમે છે"*—એક બાજુ દુનિયાભરમાં ફરી વળતું ફ્રાંસનું રાજ્ય ઈર્ષ્યાથી બળીને ધીરે ધીરે ખાખ થઈ જતું હોય છે, જ્યારે બીજી બાજુ કેન્દ્રીભૂત નૂતન મહાશક્તિશાળી જર્મની મહાવેગે અભ્યુદયના શિખર તરફ કૂચ કરતું ચાલે છે. એક બાજુ કાળા વાળવાળા, મુકાબલે ટૂંકા કદવાળા, કલાપ્રિય અને એશઆરામી બહુ જ સંસ્કારી ફ્રેંચ

* यात्येकतोऽस्तशिखरं पतिरोषधीनाम् ।
કાલિદાસ કૃત શાકુંતલમાંથી.

લોકોની કલાસૃષ્ટિ છે, જ્યારે બીજી બાજુ ભૂરા વાળવાળા, ઊંચા કદના જર્મનીનું સૂક્ષ્મ કલા વિનાનું હાથકામ છે. પારીસને પગલે પહોંચે તેવું પાશ્ચાત્ય દુનિયામાં બીજું કોઈ શહેર નથી. બધી જગ્યાએ પારિસનું જ અનુકરણ થાય છે – અથવા તો ઓછામાં ઓછું તેમ કરવાનો પ્રયાસ તો છે જ. પણ ફ્રાંસ માંહેની કલામાં લાવણ્ય-સૌંદર્યભર્યું છે, જ્યારે જર્મની, ઈંગ્લંડ કે અમેરિકા તેનું સ્થૂળ અનુકરણ માત્ર છે. ફ્રાંસની શક્તિ વાપરવાની રીત પણ જાણે કે રમણીય છે, જ્યારે જર્મનોનો સૌંદર્ય બતાવવાનો પ્રયાસ સ્થૂલ અને બેડોળ છે. બુદ્ધિશાળી ફ્રેંચ લોકોનો ચહેરો ગુસ્સાના આવેશમાં પણ સુંદર દેખાય છે, જ્યારે બુદ્ધિશાળી જર્મનનો મધુર હાસ્યમંડિત ચહેરો પણ ભયંકર લાગે છે. ફ્રેંચની સંસ્કૃતિ જાણે કે સૂક્ષ્મ જ્ઞાનતંતુ જેવી, કપૂર અને કસ્તૂર જેવી, એક ક્ષણમાં પોતાની સુવાસથી ઘર ભરી દે તેવી છે, જ્યારે જર્મન સંસ્કૃતિ માંસપેશીમય સીસા કે પારાના ગઠ્ઠાની જેમ વજનદાર, જ્યાં હોય ત્યાં જ પડી રહે છે. જર્મન માંસપેશી મૃત્યુ સુધી અવિશ્રાંતપણે નાની હથોડીના પ્રહારો ચાલુ રાખી શકે છે જ્યારે ફ્રેંચોનાં શરીર સ્રીઓની જેવાં કોમળ છે; પણ જ્યારે તેઓ દૃઢનિશ્ચયી બનીને પ્રહાર કરે છે ત્યારે તેમનો પ્રહાર ખૂબ જ સખત હોય છે, અને એ ઘણના ઘા અસહ્ય બની જાય છે.

જર્મનો ફ્રેંચના અનુકરણમાં મોટાં મોટાં મકાનો બાંધે છે, અને ઉપર મોટાં મોટાં અશ્વારૂઢ અને રથારૂઢ બાવલાંઓ મૂકે છે. પણ જર્મન મકાન બે માળનું હોય તોપણ પૂછવાનું મન થાય કે શું આ માણસો માટેનું નિવાસ-સ્થાન છે કે હાથી અને ઊંટો માટેના તબેલાઓ છે? જ્યારે ફ્રેંચોના હાથીઓ અને ઘોડાઓ માટેનાં પાંચ માળનાં મકાનો જોઈએ તોપણ લાગે કે તે કદાચ પરીઓનું રહેઠાણ હોય.

અમેરિકાએ જર્મન આદર્શોમાંથી પ્રેરણા મેળવી છે; લાખો જર્મનો તેનાં દરેક શહેરમાં વસે છે. ભાષા અલબત્ત અંગ્રેજી છે, છતાં અમેરિકા ધીરે ધીરે જર્મની જેવું બનતું જાય છે. જર્મનીની જનસંખ્યા ઝડપથી વધે છે; તેઓ અસાધારણ સહનશીલ છે. આજે જર્મની સારાય યુરોપને દોરવણી આપનાર છે; તેનું સ્થાન સૌથી ઉપર છે. બીજી પ્રજાઓને મુકાબલે ઘણા લાંબા સમય પહેલાંથી જર્મનીએ પોતાનાં સ્રીપુરુષોને ફરજિયાત શિક્ષણ આપ્યું છે, અને આજે તેનું ફળ તે માણે છે. જર્મન સૈન્યની પ્રતિષ્ઠા બિન-



હરીફ છે અને નૌકાદળ પણ મોખરે લાવવા જર્મનીએ તનતોડ પ્રયાસ કર્યો છે. જર્મનીએ ઉત્પાદનમાં ઈંગ્લૅંડને પણ હરાવ્યું છે. અંગ્રેજી વસાહતોમાં પણ જર્મનીનો માલ અને જર્મન લોકો ધીરે ધીરે એકહથ્થુ વ્યાપારી સત્તા જમાવી રહ્યા છે. જર્મન શહેનશાહના ફરમાનથી ચીનના રણક્ષેત્રમાં જર્મન સેનાપતિની સરદારી બધી પ્રજાઓએ માથું ઝુકાવીને સ્વીકારી છે!

આખો દિવસ ગાડી જર્મનીમાંથી પસાર થઈ અને બપોર પછી ઑસ્ટ્રિયાની સરહદે પહોંચી. ઑસ્ટ્રિયા જર્મન સાર્વભૌમત્વનું પ્રાચીન ક્ષેત્ર હતું, જોકે અત્યારે તે જર્મનીને તાબે નથી. યુરોપમાં મુસાફરી કરવામાં કેટલીક તકલીફો છે. દરેક દેશમાં કેટલીક ચીજો ઉપર ભારે જકાત લેવામાં આવે છે, અથવા તમાકુ જેવી વ્યાપારની કેટલીએક ચીજો તે તે સરકારની ઇજારાની વસ્તુ હોય છે. વળી રશિયા અને તુર્કસ્તાનમાં શાહી પાસપોર્ટ વગર તમે દાખલ થઈ જ શકો નહિ; તમારી પાસે એ પાસપોર્ટ હોવો ખાસ જરૂરી છે. ઉપરાંત રશિયા અને તુર્કસ્તાનમાં દાખલ થતાં જ તમારાં બધાં પુસ્તકો અને કાગળો લઈ લેવામાં આવે છે; જ્યારે સત્તાધારીઓને તેનું નિરીક્ષણ કર્યા પછી ખાતરી થાય છે કે તેમાં રશિયાની કે તુર્કસ્તાની સરકાર કે ધર્મ વિરુદ્ધ કંઈ નથી, ત્યારે જ તે તમને પાછાં આપવામાં આવે, નહિ તો તે કાયમને માટે જપ્ત થાય. બીજા દેશોમાં તમારી તમાકુ બહુ તકલીફ આપનારી ચીજ છે. તમાકુ હોય કે ન હોય, તોપણ તમારે તમારી પેટી, ટ્રંક અને બીજા બધા દાગીના તપાસ માટે ઉઘાડવા જ પડે. વળી કૉન્સ્ટન્ટીનોપલ આવવા માટે માણસે બે મોટાં રાજ્યો જર્મની અને ઑસ્ટ્રિયા, અને બીજાં ઘણાં નાનાં રાજ્યોમાંથી પસાર થવું પડે છે. આ નાનાં રાજ્યો પહેલાં તુર્કસ્તાનના વિભાગો હતા પણ પાછળથી સ્વતંત્ર ખ્રિસ્તી રાજાઓએ એકઠા થઈને બને તેટલા વધારે ખ્રિસ્તી વસ્તીવાળા વિભાગોને મુસ્લિમોના હાથમાંથી છીનવી લીધા. આ ઝીણી કીડીઓનો ચટકો મોટી કીડીઓના ચટકા કરતાં વધારે ખરાબ છે.

તારીખ ૨૫મી ઑક્ટોબરના રોજ સાંજના ટ્રેન ઑસ્ટ્રિયાની રાજધાની વિયેના પહોંચી. ઑસ્ટ્રિયા અને રશિયાના રાજવંશી પુરુષો અને સ્રીઓને આર્કડયૂક અને આર્કડચેસ કહેવાય છે. આ ગાડીમાંથી બે આર્કડયૂકો વિયેના ઊતરવાના છે; અને તેઓ ઊતરે નહિ ત્યાં સુધી બીજા

મુસાફરોને ઊતરવાનો હક્ક હોતો નથી. તેથી અમારે રોકાવું પડયું. પટ્ટીવાળા ગણવેશમાં સજ્જ થયેલ થોડા અધિકારીઓ અને પીંછાંવાળી ટોપીઓ પહેરેલા કેટલાક સૈનિકો આર્કડયૂકોની રાહ જોતા હતા. તેઓ ઊતર્યા કે તરત જ એ બધા તેમને વીંટળાઈ વળ્યા. અમારો પણ છુટકારો થયો, અને ઉતાવળે ઊતરીને સામાન પસાર કરાવવામાં પડયા. ઉતારુઓ થોડા હતા તેથી અમારો સામાન બતાવી પસાર કરાવવામાં બહુ સમય લાગ્યો નહિ. અમારા માટે અગાઉથી ગોઠવણ કરવામાં આવી હતી, અને હોટેલનો એક માણસ ગાડી લઈને અમારી રાહ જોતો હતો. અમે સમયસર હોટેલે પહોંચી ગયા. રાતના સમયે બહાર જોવા જવાનો સવાલ જ નહોતો એટલે બીજી સવારે અમે શહેર જોવા નીકળ્યા. બધી હોટેલોમાં અને ઇંગ્લેંડ તથા જર્મની બાદ કરતાં યુરોપના લગભગ બધા દેશોમાં ફ્રેંચ પ્રથા પ્રવર્તે છે. તેઓ હિંદુઓની પેઠે દિવસમાં બે વખત જમે છે! સવારે બાર વાગતાંને સુમારે અને રાતે આઠ વાગ્યે; વહેલી સવારે એટલે આઠ નવ વાગ્યે તેઓ થોડી કૉફી પીએ. ઇંગ્લૅંડ અને રશિયા સિવાય ચાનો રિવાજ બહુ ઓછો છે. સવારના ખાણાનું ફ્રેંચ નામ છે 'દેજુને' એટલે કે ઉપવાસનો ભંગ, અંગ્રેજી બ્રેકફાસ્ટ, અને રાતના ખાણાનું નામ 'દિને' એટલે અંગ્રેજી ડીનર. રશિયામાં ચા બહુ પિવાય છે કેમ કે ત્યાં ઠંડી ઘણી છે અને ચીન ઠીક નજીક છે. ચીનની ચા ઉત્તમ થાય છે; અને તેનો ઘણો ભાગ રશિયામાં વપરાય છે. રશિયાની ચા પીવાની રીત ચીન જેવી છે. એટલે કે દૂધ ભેળવ્યા વગર પીવાની છે. દૂધ ભેળવો તો ચા કૉફી ઝેર જેવાં હાનિકારક બને છે. ખરેખર ચા પીનારી પ્રજાઓ એટલે કે ચીનાઓ, જાપાનીઓ, રશિયનો અને મધ્ય એશિયાના રહેવાસીઓ બધા દૂધ વિનાની ચા પીએ છે; તેમ જ અસલમાં કૉફી પીનારા લોકો જેવા કે તુર્કો વગેરે કૉફી દૂધ વિના પીએ છે. માત્ર રશિયામાં ચામાં એક લીંબુનો નાનો ટુકડો અને થોડી સાકર લેવાય છે. ગરીબ માણસો સાકરનો કકડો મોંમાં મૂકી ઉપર ચા પીએ છે; અને એક જણ ચા પી રહે એટલે તે કકડો બીજાને આપે છે અને તે વળી ત્રીજાને આપે છે.

વિયેના પારિસની ઢબે રચાયેલું નાનું શહેર છે. પણ ઑસ્ટ્રિયનો જર્મન ઓલાદના છે. ઑસ્ટ્રિયાનો શહેનશાહ આજ સુધી આખાય જર્મનીનો શહેનશાહ હતો. આજને કાળે પ્રશિયાના રાજા વિલ્હેલ્મના દૂરંદેશીપણાને લીધે,



તેના બાહોશ પ્રધાન બિસ્માર્કની અદ્‌ભુત રાજદ્વારી કુનેહથી અને જનરલ ફોન મોલ્ટકીની લશ્કરી બુદ્ધિને પરિણામે પ્રશિયાનો રાજા ઑસ્ટ્રિયા સિવાય આખા જર્મનીનો શહેનશાહ બન્યો છે. પોતાની પ્રતિભા ખોયા પછી અને સત્તા લૂંટાઈ ગયા પછી પણ ઑસ્ટ્રિયા એક અગર બીજી રીતે પોતાનું પ્રાચીન નામ અને પ્રતિષ્ઠા સાચવી રાખે છે. ઓસ્ટ્રિયાનો રાજ્યવંશ, હેપ્સબર્ગ વંશ, યુરોપમાં સહુથી પુરાણો અને અભિજાત વંશ છે. જર્મની, કે જેના રાજકુમારો યુરોપના લગભગ બધા દેશોની રાજ્યગાદી ઉપર બેઠા છે, અને જેના નાના ખંડિયા રાજાઓ પણ ઇંગ્લૅંડ અને રશિયા જેવાં બળવાન રાજ્યોમાં પણ રાજ્યસિંહાસન ઉપર છે, તે જર્મની ઉપર આજ સુધી ઑસ્ટ્રિયાના રાજવંશીઓ શહેનશાહ તરીકે રાજ્ય કરતા હતા. આ માન અને પ્રતિષ્ઠાની ઑસ્ટ્રિયા હજુય પૂરેપૂરી આશા રાખે છે, માત્ર તેનામાં તાકાત રહી નથી. તુર્કસ્તાનને યુરોપનો "બીમાર ડોસો" કહેવામાં આવે છે; ઑસ્ટ્રિયાને "બીમાર ડોસી" કહેવું યોગ્ય છે. ઑસ્ટ્રિયા કૅથોલિક સંપ્રદાયનું છે; અને હમણાં સુધી ઑસ્ટ્રિયન શહેનશાહના રાજ્યને "પવિત્ર રોમન સામ્રાજ્ય" કહેવામાં આવતું. આધુનિક જર્મનીમાં પ્રૉટેસ્ટંટોનું પ્રાધાન્ય છે. ઑસ્ટ્રિયાનો શહેનશાહ હંમેશાં પોપનો જમણો હાથ હતો; તે તેનો વફાદાર અનુયાયી અને રોમન કૅથલિક સંપ્રદાયનો નેતા હતો. હવે યુરોપમાં રોમન કૅથલિક રાજા માત્ર આ ઑસ્ટ્રિયાનો શહેનશાહ એકલો જ છે. કૅથલિક સંપ્રદાયની જ્યેષ્ઠ પુત્રીસમું ફ્રાંસ હવે પ્રજાસત્તાક છે, તથા સ્પેઈન અને પોર્ટુગાલ તો પતન પામ્યાં છે. ઇટાલીએ તો પોપનો તમામ ભભકો અને તેનું બધું સત્તાક્ષેત્ર પડાવી લઈ માત્ર પોપના સિંહાસનને રોમમાં રહેવા પૂરતી જ જગા આપી છે. ઇટાલીના રાજા અને રોમના પોપ વચ્ચે કોઈ મેળ નથી; તેઓ એકબીજાનું મોં પણ જોઈ શકતા નથી. અગાઉની પોપની રાજ્યધાની રોમ, આજે હવે ઇટાલીની રાજ્યધાની બન્યું છે. પોપનો પ્રાચીન મહેલ કબજે કરીને ઇટાલીના રાજા ત્યાં રહે છે; પોપનું પ્રાચીન ઇટાલિયન રાજ્ય હવે માત્ર વૅટીકનના મર્યાદિત પ્રદેશમાં જ સમાઈ જાય છે. પરંતુ ધાર્મિક બાબતોમાં પોપની હજુ ઘણી અસર પડે છે, અને તેની સત્તાને ખાસ સહાય કરનાર ઑસ્ટ્રિયા છે. ઑસ્ટ્રિયા સામેની લડતમાંથી, પોપના મિત્ર ઑસ્ટ્રિયાના જુગજુગજૂના દાસત્વમાંથી, આધુનિક ઇટાલી ઊભું થયું છે. પરિણામે

ઑસ્ટ્રિયા ઇટાલીની વિરુદ્ધ છે–વિરુદ્ધ છે કારણ કે તેણે ઇટાલી ગુમાવ્યું છે. પણ કમભાગ્યે તરુણ ઇટાલી ઇંગ્લૅંડની બદસલાહથી બળવાન સૈન્ય અને નૌકાદળ તૈયાર કરવા તત્પર બન્યું છે. પણ પૈસા કયાં? પરિણામે કરજમાં ડૂબી જવાને લીધે ઇટાલી વિનાશને પંથે છે; તેમાં વળી કમનસીબે આફ્રિકામાં પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા જતાં એક નવી તકલીફ ઊભી કરી છે. એબીસીનિયાના બાદશાહ પાસે હારી જવાથી ઐશ્વર્ય અને માન ગુમાવીને અત્યારે તે સાવ ટાઢું થઈ ગયું છે. બીજી બાજુએ પ્રશિયાએ મહાન યુદ્ધમાં ઑસ્ટ્રિયાને હરાવીને તેને દૂર હકાવી દીધું છે. ઑસ્ટ્રિયા ધીરે ધીરે મરી રહ્યું છે, અને પોતાના નવજીવનના દુરુપયોગથી ઇટાલી પણ તે જ પ્રમાણે પોતાની જાળમાં સપડાઈ ગયું છે.

હજુ યુરોપના બધા રાજવંશોમાં ઑસ્ટ્રિયાનો શાહીવંશ ઘણું ઘમંડ રાખે છે. તે અતિ પ્રાચીન અને અતિ સમૃદ્ધિશાળી વંશ છે. આ વંશમાં લગ્ન વગેરે ઘણી જ તપાસ કર્યા પછી કરવામાં આવે છે; જે કુટુંબો રોમન કેથલિક ન હોય તેની સાથે આવા સંબંધો બાંધી શકાતા જ નથી. આ મોટા વંશના મોહમાં પડવાથી મહાન નેપોલિયનનું પતન થયું. કોણ જાણે કેમ તેના મગજમાં ઘૂસી ગયું કે કોઈ મોટા રાજવંશની કુંવરીને પરણીને એક મહાન વંશપરંપરાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરું. વીર નેપોલિયનને જ્યારે તેની કુળપરંપરાની બાબતમાં પૂછવામાં આવ્યું ત્યારે તેણે જવાબ આપેલો: “હું પોતે કોઈ વંશનો નથી; હું જ હવે એક મહાન વંશનો સ્થાપક થવા ધારું છું.” એટલે કે પોતાથી જ એક નવા ગૌરવવંતા વંશની શરૂઆત થશે; હું કોઈ પૂર્વજોના નામે મોટો થવા માટે જન્મ્યો નથી. તે વીર નરનું પણ આ પ્રતિષ્ઠા રૂપી અંધારિયા કૂવામાં પતન થયું.

શહેનશાહબાનુ જોસેફિનની સાથેના નેપોલિયનના છૂટાછેડા, યુદ્ધમાં ઑસ્ટ્રિયાના શહેનશાહને હાર આપીને તેની પુત્રીને પત્ની તરીકે લેવી, ઑસ્ટ્રિયાની રાજકુમારી મેરી લુઈ સાથે તેનું ભભકાભર્યું લગ્ન, પુત્રનો જન્મ, નવજાત બાળકનું રોમના રાજા તરીકે રાજ્યારોહણ, નેપોલિનનનું પતન, તેના સસરાની દુશ્મનાવટ, લાઇપ્ઝિક, વૉટર્લૂ, સેન્ટ હેલેના, શહેનશાહબાનુ મેરી લુઈનું તેના બાળક સાથે પિતાના ઘરમાં રહેવું, નેપોલિયનની શાહી પત્નીનું સામાન્ય સૈનિક સાથેનું લગ્ન, રોમના રાજા તરીકેના તેના એકમાત્ર



પુત્રનું તેના નાનાના ઘરમાં મરણ: આ બધી ઘટનાઓ ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે.

મુકાબલે નિર્બળ સ્થિતિમાં આવી પડવાથી ફ્રાંસ પોતાની ભૂતકાળની કીર્તિનું સ્મરણ કર્યા કરે છે; હમણાં નેપોલિયન ઉપર ઘણાં પુસ્તકો બહાર પડયાં છે. નેપોલિયનના અવસાન બાદ સારદુ જેવા નાટયકારોએ તેના ગત જીવન ઉપર ઘણાં નાટકો લખ્યાં છે અને માદામ બર્નહાર્ટ અને રેઝાં વગેરે અભિનેત્રીઓ અને કાફેલાં વગેરે અભિનેતાઓ તે નાટકોનો પ્રયોગ કરીને રોજ રાત્રે નાટયગૃહને પ્રેક્ષકોથી છલકાવી દે છે. ‘લેગ્લાં’ એટલે ‘ગરુડ શાવક’ એ નામનું નાટક ભજવી હમણાં માદામ બર્નહાર્ટે પારિસમાં મોટું આકર્ષણ ઊભું કર્યું છે.

‘ગરુડ-શાવક’ એટલે નેપોલિયનનો એકનો એક પુત્ર. તે પોતાના નાનાના ઘરમાં વિયેનાના મહેલમાં એક રીતે નજરકેદમાં છે. ઑસ્ટ્રિયાના શહેનશાહનો પ્રધાન, કૂટનીતિવિદ મેટર્નિક છોકરાના મગજમાં તેના પિતાની વીરતાની વાતો બિલકુલ ન પેસે તે માટે હમેશાં કાળજી રાખે છે. પણ બોનાપાર્ટના થોડાએક અનુભવી અનુયાયીઓ સામબોર્ન મહેલમાં અજ્ઞાત રીતે તે છોકરાની નોકરીમાં દાખલ થયા; તેમનો ઈરાદો ગમે તેમ કરીને એ છોકરાને ફ્રાંસ લઈ જઈ યુરોપીય સત્તાધારીઓના સંયુક્ત પ્રયાસથી બુરબોનો તે ગાદી પર આવ્યા હતા તેને હાંકી કાઢી બોનાપાર્ટના વંશને ત્યાં સ્થાપવાનો હતો. આ છોકરો એક શૂરવીર પિતાનો પુત્ર હતો; પિતાનાં યુદ્ધોની મરદાનગીભરી યશસ્વી વાતો સાંભળી તેની સુષુપ્ત વીરતા તરત જાગી ઊઠી. એક દિવસ છોકરો સામબોર્ન મહેલમાંથી તેના કાવતરાબાજો સાથે નાસી ગયો. પણ મેટર્નિકની તીક્ષ્ણ બુદ્ધિને આ વાતની ગંધ આવી ગઈ હતી; તેણે તે પ્રવાસને અટકાવી દીધો, બોનાપાર્ટના પુત્રને સામબોર્ન મહેલમાં પાછો લાવવામાં આવ્યો અને બાળગરુડ, કે જેની પાંખ જાણે કે બંધાઈ ગયેલી હતી તે થોડા જ વખતમાં ભગ્નહૃદયે મૃત્યુ પામ્યો.

સામબોર્નનો આ મહેલ સાધારણ મહેલ છે. અલબત્ત ખંડો વગેરે ઠાઠથી સજાવવામાં આવ્યા છે. તેમાંના એકાદ ખંડમાં ફક્ત ચીની કામગીરીની ચીજો જ ગોઠવેલી હોય, બીજામાં હિંદુ કલાકૃતિઓ તો ત્રીજામાં વળી બીજા કોઈ દેશની કૃતિઓ જ હોય, મહેલને લગતો બાગ ખરેખર ઘણો

સુંદર છે. પણ હવે જે બધા લોકો મહેલ જોવા જાય છે તેઓ બોનાપાર્ટનો પુત્ર કયાં સૂતો, કયાં અભ્યાસ કરતો, કયાં તેનું મૃત્યુ થયું, વગેરે ખંડો જ જોવા જાય છે. કેટલાક બેવકૂફ ફ્રેંચ પુરુષો અને સ્ત્રીઓ ચોકીદારને પ્રશ્ન કરે છે 'લેગ્લાં'નો કયો ખંડ હતો, 'લેગ્લાં' કઈ પથારીમાં સૂતો? વગેરે. આ કેવા મૂર્ખાઈભર્યા પ્રશ્નો છે? ઑસ્ટ્રિયનો માત્ર એટલું જાણે છે કે તે બોનાપાર્ટનો પુત્ર હતો અને ઑસ્ટ્રિયાની કુંવરી સાથે તેણે પરાણે લગ્ન કર્યું હતું; આ ધિક્કારની લાગણી તેઓ હજુ ભૂલ્યા નથી. રાજકુમાર શહેનશાહનો પૌત્ર હતો, વળી નિરાધાર હતો, તેથી તેને આશરો આપ્યા સિવાય છૂટકો જ ન હતો; પણ તેને 'રોમના રાજા' જેવો કોઈ પણ ઇલકાબ આપતા નહિ; માત્ર ઑસ્ટ્રિયાના શહેનશાહનો પૌત્ર હોવાથી તે આર્કડયૂક કહેવાતો એટલું જ. ભલે તમો ફ્રેંચ લોકોએ તેને 'ગરુડ-શાવક' બનાવીને નાટક લખી નાખ્યું અને તેની સાથે કાલ્પનિક વાતો ભેળવીને અને માદામ બર્નહાર્ટની નાટયપ્રતિભા વડે એક મોટું આકર્ષણ પણ ઊભું કર્યું, પણ ઑસ્ટ્રિયાનો ચોકીદાર તે નામ કેમ જાણી શકે? વળી એમ પણ લખાયું છે કે ઑસ્ટ્રિયાના શહેનશાહે પોતાના મંત્રી મેટર્નિકની સલાહ અનુસાર, એક રીતે નેપોલિયનના પુત્રને મરાવી જ નાખ્યો હતો!

'લેગ્લાં'નું નામ સાંભળીને ચોકીદારે મોં મચકોડયું અને ઓરડાઓ વગેરે બતાવવા લાગ્યો. તે બીજું કરે પણ શું? બક્ષિસ જતી કરવી તેને માટે બહુ મુશ્કેલ વાત હતી. વળી ઑસ્ટ્રિયા જેવા દેશોમાં લશ્કરી ખાતામાં પગાર ઘણા ઓછા હોય છે; લગભગ ખોરાકી પૂરતું લઈને જ તેમણે કામ કરવું પડે છે; જોકે થોડાં વર્ષની નોકરી પછી તેમને ઘેર જવા દેવામાં આવે છે ખરા. દેશાભિમાનને કારણે આ બધું બતાવતાં ચોકીદારનું મોં ઝંખવાયું હોય એમ લાગ્યું ખરું, પણ હાથ તો સહજ રીતે બક્ષિસ લેવા માટે લાંબો થયો! ફ્રેંચ મુલાકાતીઓએ થોડા ચાંદીના સિક્કા ચોકીદારના હાથમાં મૂકયા. અને 'લેગ્લાં'ની વાત કરતા કરતા અને મેટર્નિકને ગાળો દેતા દેતા ઘેર પાછા ફર્યા; ચોકીદારે પણ મોટી સલામ ભરી દરવાજો બંધ કર્યો. મનમાં તેણે સારીય ફ્રેંચ પ્રજાના પૂર્વજોને જરૂર મીઠા નામથી સંબોધ્યા હશે.

વિયેનામાં જોવાલાયક સ્થાન ત્યાંનું સંગ્રહસ્થાન અને ખાસ કરીને તેના વૈજ્ઞાનિક સંગ્રહો છે; અભ્યાસી માટે તે ઘણું ઉપયોગી સ્થળ છે.



લુપ્ત થયેલાં પ્રાચીન પ્રાણીઓનાં ઘણી જાતનાં અસ્થિપિંજરોનો સુંદર સંગ્રહ કરેલો છે. કલાવિભાગમાં ડચ ચિત્રકારોનાં ચિત્રો મોટા પ્રમાણમાં છે. ડચ ચિત્રકળામાં સૂચક ભાવ આપવાનો પ્રયાસ ઘણો ઓછો છે; એમની કલા કુદરતી વસ્તુઓ અને પ્રાણીઓની બરાબર નકલ કરવા માટે જાણીતી છે. એક કલાકારે તો ટોપલી ભરેલી માછલીઓ કે માંસનો ટુકડો કે પાણીનો પ્યાલો ચીતરવામાં વરસો ગાળ્યાં છે; અને તે માછલી કે માંસનો ટુકડો કે પાણીનો પ્યાલો ખરેખર અદ્‌ભુત છે. પણ ડચ કલામાં સ્ત્રીઆકૃતિઓ પહેલવાન જેવી લાગે છે.

વિયેનામાં બેશક જર્મન વિદ્વત્તા અને જર્મન બુદ્ધિમત્તા છે ખરી, પણ જે કારણોથી તુર્કસ્તાન ધીરે ધીરે નિસ્તેજ થઈ ગયું તે કારણો અહીં પણ વિદ્યમાન દેખાય છે – એટલે કે, વિવિધ જાતિઓ અને ભાષાઓનું મિશ્રણ. અસલ ઑસ્ટ્રિયાના લોકો જર્મન ભાષા બોલે છે અને કૅથલિક સંપ્રદાયના હોય છે; હંગેરીના લોકો તાર્તર વંશના છે અને તેમની ભાષા જુદી છે, જ્યારે ગ્રીક ભાષા બોલનારા લોકો પણ છે અને તેઓ ગ્રીક સંપ્રદાયના ખ્રિસ્તીઓ છે. આટલી બધી જુદી જુદી શાખાઓનું એકીકરણ કરવાની ઑસ્ટ્રિયા પાસે તાકાત નથી, માટે તેનું પતન થયું છે.

આજને કાળે રાષ્ટ્રીય ભાવનાનું એક મોટું જબરું મોજું યુરોપ ઉપર ફરી વળ્યું છે; એક જ ભાષા બોલનારા, એક જ ધર્મને અનુસરનારા અને એક જ જાતિના બધા લોકો સંગઠિત થવા માગે છે. જ્યાં જ્યાં આવું સંગઠન સફળ થાય છે ત્યાં ત્યાં મહાન શક્તિનો ઉદ્‌ભવ થાય છે; જ્યાં તે અશકય હોય છે ત્યાં મૃત્યુ અનિવાર્ય છે. હાલના ઑસ્ટ્રિયન શહેનશાહ (ફ્રાન્સીઝ જોસેફ બીજા, જે સને ૧૯૧૬માં મૃત્યુ પામ્યા)ના મૃત્યુ પછી ઑસ્ટ્રિયાના જર્મન ભાષા બોલતા ભાગને જર્મની પોતામાં સમાવી લેવાનો જરૂર પ્રયત્ન કરશે, રશિયા તથા બીજાઓ તેનો અવશ્ય વિરોધ પણ કરશે ને તેથી એક ભયંકર યુદ્ધ થવાની શકયતા છે. હાલના શહેનશાહ બહુ વૃદ્ધ હોવાથી આ આફત ઘણી વહેલી પણ આવે. જર્મન શહેનશાહ હમણાં તુર્કસ્તાનના મિત્ર છે, અને જયારે જર્મની ઑસ્ટ્રિયન પ્રદેશ ગળી જવા પ્રયત્ન કરશે ત્યારે તુર્કસ્તાન, કે જે રશિયાનો દુશ્મન છે, તે જરૂર રશિયાનો સામનો કરશે. આથી જર્મન શહેનશાહ તુર્કસ્તાન સાથે મૈત્રી રાખે છે.

વિયેના માંહેના ત્રણ દિવસો મને થકવી નાખવા પૂરતા હતા. પારિસ જોયા પછી યુરોપ જોવા નીકળવું તે માલદાર ખાણું ખાધા પછી હલકી વાનીઓ ખાવા જેવું છે – તે જ પોશાક અને તે જ ખાવાની ઢબ; સર્વ સ્થળે એક જ પ્રથા; દેશભરમાં તે જ વિચિત્ર કાળો પોશાક અને તે જ વિચિત્ર ટોપી; તદુપરાંત માથે ઝઝૂમતાં વાદળો અને નીચે આ કાળી ટોપી અને કાળા પોશાકનાં ટોળેટોળાં જોતાં જાણે કે ગૂંગળામણ ઊભી કરે છે. આખું યુરોપ ધીરે ધીરે પોશાકની તે જ રીત અને તે જ રહેણી-કરણી અપનાવતું જાય છે. કુદરતી નિયમ પ્રમાણે આ બધું મૃત્યુની નિશાની છે. સેંકડો વર્ષની શિસ્તથી આપણા પૂર્વજોએ આપણને એવા બનાવ્યા છે કે આપણે સૌ દાંત સાફ કરવાનું, મોઢું ધોવાનું, ખાવાનું, વગેરે એક જ રીતે કરીએ છીએ; અને પરિણામ એ આવ્યું કે આપણે ધીરે ધીરે યંત્ર જેવા બની ગયા છીએ. પ્રાણશક્તિ ચાલી ગઈ છે, માત્ર કેવળ યંત્ર-ની માફક આપણે હરીએફરીએ છીએ. યંત્રો કદી હા કે ના કહેતાં નથી, કોઈ વાત માટે પોતાનું માથું પકવતાં નથી; તેમના "બાપદાદા જે રસ્તે ચાલ્યા (येनास्य पितरो याताः ।) છે" તે જ રસ્તે તેઓ પણ ચાલે છે અને પછી સડીને મરી જાય છે. યુરોપિયનોની પણ આવી જ સ્થિતિ થશે. "કાળની ગતિ વિચિત્ર છે. कालस्य कुटिला गतिः । બધા લોકો જો સદાય એક ઢંગનો પોશાક, એક જ ઢંગનો ખોરાક, એક જ રીતની વાતચીત વગેરેથી ધીરે ધીરે યંત્રો જેવા બની જાય તો ધીરે ધીરે તેમના બાપદાદાઓ જે માર્ગે ગયા તે માર્ગે તેઓ પણ જવાના." અને તેના અનિવાર્ય પરિણામ તરીકે તેઓ સડીને મૃત્યુ પામશે.

તારીખ ૨૮મી ઑક્ટોબરના રોજ રાતના નવ વાગ્યે અમે ફરી ઓરિયેન્ટ એક્સપ્રેસ ગાડી પકડી, તે તારીખ ૩૦મીએ કૉન્સ્ટન્ટીનોપલ પહોંચી. આ બે રાત અને એક દિવસ ગાડી હંગેરી, સર્વિયા અને બલ્ગે-રિયામાંથી પસાર થઈ. હંગેરીના લોકો ઑસ્ટ્રિયાના શહેનશાહની પ્રજા છે. પરંતુ તેમની પદવી "ઑસ્ટ્રિયાના શહેનશાહ" અને "હંગેરીના રાજા" એવી છે. હંગેરિયનો અને તુર્કો એક જ જાતિના છે અને તિબેટિયનોની નજીકના છે. હંગેરિયનો કાસ્પિયન સમુદ્રની ઉત્તર તરફથી યુરોપમાં આવ્યા, જ્યારે તુર્કો ઈરાનની પશ્ચિમ સીમાઓ અને એશિયા માઈનોરમાંથી ધીમેધીમે



યુરોપમાં આવ્યા. હંગેરીના લોકો ખ્રિસ્તી છે અને તુર્કો મુસલમાન છે, પણ તાર્તાર લોહીની યુદ્ધપ્રિયતા બંનેમાં જોવામાં આવે છે. ઑસ્ટ્રિયાથી અલગ થવા હંગેરિયનો વારંવાર લડયા છે; અત્યારે માત્ર નામના જ જોડાયેલા છે; ઑસ્ટ્રિયાનો શહેનશાહ માત્ર નામનો જ હંગેરીનો રાજા છે. તેની રાજ-ધાની બુડાપેસ્ટ ઘણું સ્વચ્છ અને રમણીય શહેર છે. હંગેરિયન વિલાસી પ્રજા છે, અને સંગીતના શોખીન છે. આખા પારિસમાં હંગેરિયન બૅન્ડ ચારે બાજુ જોવા મળે છે.

સર્વિયા, બલ્ગેરિયા વગેરે તુર્કસ્તાનના પ્રાંતો હતા, અને રુસો-તુર્ક યુદ્ધ પછી લગભગ સ્વતંત્ર થયા છે; છતાં તુર્કસ્તાનનો સુલતાન હજી પણ તેમનો શહેનશાહ છે અને પરદેશ સાથેના વહેવાર સ્થાપવાની બાબતમાં સર્વિયા અને બલ્ગેરિયાને કોઈ પણ અધિકાર નથી. યુરોપમાં ત્રણ પ્રજાઓ સુધરેલી છે: ફ્રેંચ, જર્મન અને અંગ્રેજ; બાકીનાઓની હાલત આપણા જેવી ખરાબ છે. તેમના મોટા ભાગના લોકો એવા અસંસ્કારી છે કે એશિયામાં તેમના જેવી નીચલી કક્ષાની બીજી એકે પ્રજા નથી. સર્વિયા અને બલ્ગેરિયામાં બધે એ જ માટીનાં ઘરો, એ જ ચીંથરેહાલ લોકો અને તે જ કચરાના ઢગલા મળે. મને લાગ્યું કે હું ભારત આવી પહોંચ્યો છું. વળી તેઓ ખ્રિસ્તી હોઈ બેચાર ભૂંડડાં તો જરૂર હોય જ. સો જંગલી માણસો જેટલી અસ્વચ્છતા ઊભી ન કરી શકે તેટલી એક જ ભૂંડ કરી શકે છે. માટીનાં છાપરાંવાળાં માટીનાં ઘરમાં રહેનારા, શરીર ઉપર ચીંથરાં વીંટેલાં અને ભૂંડો પાળનારા સર્વિયા કે બલ્ગેરિયન લોકો આવા છે. ઘણી ખુનામરકી અને લડાઈઓ પછી તેઓએ તુર્કસ્તાનની ધૂંસરી ફેંકી દીધી છે, પણ સાથોસાથ એક મોટી મુશ્કેલી પણ છે. તેમણે યુરોપીય ઢબે સૈન્યની રચના કરવી જોઈએ, નહિ તો તેમાંના કોઈની એક દિવસને માટે પણ સલામતી નથી. અલબત્ત, વહેલા મોડા એક દિવસ તે બધાને રશિયા પોતામાં સમાવી દેશે. પરંતુ આ ચંદરોજનું અસ્તિત્વ પણ સૈન્ય સિવાય ટકાવવું અશક્ય છે. એટલે કે એમણે ફરજિયાત લશ્કરી ભરતી કરવી જોઈએ.

કોઈ અશુભ ક્ષણે જર્મની પાસે ફ્રાન્સ હારી ગયું. ક્રોધ અને ડરના માર્યા તેણે પ્રત્યેક શહેરી જનને સૈનિક બનાવ્યો; દરેક માણસે થોડો વખત સૈન્યમાં જોડાવું અને યુદ્ધવિજ્ઞાન શીખવું ફરજિયાત બનાવ્યું. એમાંથી કોઈને

છૂટ મળતી નથી. દરેક શહેરીએ ત્રણ વર્ષ માટે છાવણીમાં રહેવું પડે; લક્ષાધિપતિનો દીકરો હોય તોપણ ખભે બંદૂક મૂકીને તેણે લડતાં શીખવું જ પડે. સરકાર તેને માટે કપડાં અને અન્નની વ્યવસ્થા કરે અને પગાર દરરોજ એક સેન્ટાઈમ (એક પૈસો) આપે. આ પછી બે વર્ષ સુધી તેણે પોતાને ઘેર રહ્યા છતાં લડાઈમાં જોડાવા હંમેશાં તૈયાર રહેવું પડે. અને પછીનાં પંદર વર્ષ સુધી માગણી થતાંવેંત લડાઈ માટે હાજર થવું પડે. જર્મનીએ સિંહને છંછેડયો હતો તેથી તેને પણ તૈયાર થવું પડયું. એકબીજાના પરસ્પર ભયને કારણે ઇંગ્લૅંડ સિવાય બીજા દેશોમાં પણ ફરજિયાત લશ્કરી ભરતી દાખલ થઈ ગઈ છે; ફરતો ચોમેર દરિયો હોવાથી ઇંગ્લૅંડ પોતાના નૌકાદળમાં હંમેશાં વધારો કરતું જ જાય છે. પણ બોરયુદ્ધના અનુભવ પછી કદાચ તેને પણ ફરજિયાત ભરતી કરવાની ફરજ પડે તો કહેવાય નહિ. રશિયામાં વસ્તી સૌથી વધારે છે, તેથી યુરોપમાં તે સૌથી મોટું સૈન્ય ખડું કરી શકે. હવે સર્વિયા અને બલ્ગેરિયા જેવાં માત્ર નામનાં રાજ્યો – જેમને યુરોપીય સત્તાઓએ તુર્કસ્તાનને ખંડિત કરીને ઊભાં કર્યાં છે તેમને પણ શરૂઆતથી જ આધુનિક સુશિક્ષિત અને સુસજ્જ સૈન્યો અને તોપો વગેરેની જરૂરિયાત રહેવાની. પણ તેમને પૈસા ક્યાંથી મળે? પરિણામે ખેડૂતોને ચીંથરાં વીંટવાં પડે છે, જ્યારે શહેરોમાં તમને ભવ્ય ગણવેશમાં સજ્જ થયેલા સૈનિકો જોવા મળે છે. આખા યુરોપમાં ચારે બાજુ સૈનિકો જ સૈનિકો: જાણે કે એનું ઘેલું લાગ્યું ન હોય! છતાંય સ્વતંત્રતા એક બાબત છે, અને ગુલામી બીજી બાબત છે. સારું કામ પણ જો કોઈના ઉપર ફરજિયાત લાદવામાં આવે તો તેની મજા મારી જાય છે. વ્યક્તિગત જોખમદારીના ભાન વગર કોઈ મનુષ્ય કોઈ મહાન કાર્ય કરી શકતું નથી. સુવર્ણની સાંકળ જેવી ગુલામી કરતાં દિવસે એક જ ટંક ખાવાનું મળે અને શરીરે ચીંથરાં વીંટવાં પડે, તોપણ સ્વતંત્રતા લાખ દરજ્જે સારી. ગુલામને માટે તો અહીં અને પરલોકમાં પણ નરક જ હોય છે. યુરોપના લોકો સર્વિયનો અને બલ્ગેરિયનોની હાંસી કરે છે, અને તેમના દોષો તથા અણઆવડત માટે તેમને સખત ઠપકો આપે છે. પણ આટલાં વર્ષોની ગુલામી પછી શું એક જ દિવસમાં તેઓ કુશળ બની જાય? ભૂલો તેઓ જરૂર કરશે; અરે, સેંકડો ભૂલો કરશે. પણ આ ભૂલોમાંથી જ તેઓ શીખશે, અને જ્યારે શીખી



લેશે એટલે તેને સુધારશે જ. જવાબદારી માથે આવે ત્યારે નબળામાં નબળો માણસ પણ સબળ બને છે, અજ્ઞાની પણ સમજુ થાય છે.

અમારી ટ્રેન હંગેરી, રૂમાનિયા અને બીજા દેશોમાંથી પસાર થાય છે. મૃતપ્રાય થઈ ચૂકેલા ઑસ્ટ્રિયન સામ્રાજ્યમાં જે પ્રજાઓ છે તે પૈકીના હંગેરિયનોમાં હજુ ખમીર છે. એકાદ-બે નાની જાતિઓના અપવાદ સિવાય યુરોપની બધી જાતિઓ જેને યુરોપીય પંડિતો, ઇન્ડોયુરોપિયન કે આર્ય પ્રજા કહે છે, તે મહાવંશમાંથી ઊતરી આવેલી છે. જે જૂજ પ્રજાઓ સંસ્કૃત જેવી ભાષા બોલતી નથી તેમાંની હંગેરિયન એક છે.

અગાઉ કહ્યું છે તે પ્રમાણે હંગેરિયનો અને તુર્કો એક જ જાતિના છે. બહુ અર્વાચીન કાળમાં આ ઘણી બળવાન પ્રજાએ એશિયા અને યુરોપમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. પશ્ચિમમાં હિમાલય અને હિંદુકુશ પર્વતમાળાની ઉત્તરે આવેલ દેશ જેને અત્યારે તુર્કસ્તાન કહેવામાં આવે છે, તે જ તુર્કોનું આદિ નિવાસસ્થાન છે. આ દેશને તુર્કોની ભાષામાં "ચાગવોઈ" કહેવાય છે. દિલ્હીનો મોગલ વંશ, વર્તમાન ઈરાની શાહી વંશ, કૉન્સ્ટન્ટીનોપલના તુર્કી સુલતાનનો વંશ અને હંગેરિયનો: એ બધા લોકોએ ધીરે ધીરે આ "ચાગવોઈ" દેશમાંથી નીકળી ભારતથી શરૂ કરી યુરોપ સુધી પોતાની સત્તા જમાવી છે. આજે પણ આ વંશો પોતાને "ચાગવોઈ" કહે છે, અને એક જ ભાષા બોલે છે. અલબત્ત આ તુર્કો યુગો પહેલાં ભટકતી દશામાં હતા, અને ઘેટાં, ઘોડા અને પશુઓનાં ટોળાં, તેમ જ પોતાનાં બૈરીછોકરાં અને સઘળી મિલકત સાથે લઈને ભટકતા અને જ્યાં પશુઓને ચરવા જેટલી જગ્યા મળે ત્યાં ડેરા-તંબૂ નાખી થોડા દિવસો રહેતા; અને ત્યાં જ્યારે ઘાસ અને પાણીની તંગી પડે ત્યારે તેઓ ત્યાંથી ઊપડી બીજી જગ્યાએ પહોંચતા. હજુ પણ આ જાતિના ઘણા વંશો મધ્ય એશિયામાં એવી જ રીતે ભટકતી જિંદગી ગાળે છે. ભાષા પરત્વે તેઓમાં મધ્ય એશિયાની મોગલ વગેરે પ્રજા સાથે પૂરું સામ્ય છે; માત્ર શારીરિક આકૃતિમાં થોડો તફાવત છે. માથાના આકારમાં અને ગાલનાં હાડકાંના બહાર પડવામાં તુર્કોનો ચહેરો મોંગોલિયનોને મળતો છે; પણ તુર્કોનું નાક ચપટું નથી, જરા લાંબું છે; અને મોંગોલિયનોની પેઠે બે આંખો વચ્ચેની જગ્યા ભલે પહોળી છે, છતાં આંખો સીધી અને મોટી છે. એવું લાગે

છે કે તુર્કપ્રજા એ લાંબા ભૂતકાળ દરમિયાન આર્ય અને સેમેટિક લોહીના મિશ્રણમાંથી ઊતરી આવી છે. અનાદિ કાળથી તુર્કો યુદ્ધના શોખીન છે. સંસ્કૃત બોલતી પ્રજાઓ અને કંદહાર તથા ઈરાનના લોકોના તેમની સાથેના મિશ્રણથી અફઘાન, ખીલજી, હજારા, બરકઝાઈ, યુસુફઝાઈ વગેરે પ્રજાની ઉત્પત્તિ થઈ છે. આ પ્રજાને યુદ્ધનો ભારે શોખ છે અને તેમણે ભારત પર વારંવાર ચડાઈઓ કરી છે.

ઘણા પ્રાચીન કાળમાં આ તુર્ક જાતિએ ભારતના પશ્ચિમ પ્રાંતોને વારંવાર જીતી લીધેલા અને મોટાં મોટાં રાજ્યો સ્થાપેલાં. ત્યારે તેઓ બૌદ્ધ હતા અગર તો ભારતીય પ્રદેશને જીત્યા પછી બૌદ્ધ બની ગયેલા. કાશ્મીરના પ્રાચીન ઈતિહાસમાં હુષ્ક, યુષ્ક અને કનિષ્ક નામના ત્રણ પ્રખ્યાત પ્રાચીન તુર્કી સમ્રાટોનો ઉલ્લેખ આવે છે. આ કનિષ્કે જ મહાયાન નામની બૌદ્ધ ધર્મની ઉત્તરની શાખા સ્થાપી. ઘણા કાળ પછી તેમાંના મોટા ભાગે ઈસ્લામ ધર્મનો અંગીકાર કર્યો તથા કંદહાર અને કાબૂલ જેવા મધ્ય એશિયાના બૌદ્ધ ધર્મનાં મુખ્ય મુખ્ય કેન્દ્રોનો સમૂળગો વિનાશ કર્યો. ઈસ્લામ ધર્મનો અંગીકાર કર્યા પહેલાં તેઓ જે દેશ જીતતા તેની વિદ્યા અને સભ્યતાને તેઓ અપનાવતા અને બીજા દેશોની સભ્યતાને જીવનમાં ઉતારીને સંસ્કૃતિનો પ્રચાર કરતા; પણ જ્યારથી તેઓ મુસલમાન બન્યા ત્યારથી તેઓ યુદ્ધપ્રિય બનતા ગયા અને વિદ્યા તથા સંસ્કારમાં તેઓ પાછળ પડતા ગયા; અને જે દેશો તેમની હકૂમત તળે આવ્યા તેમની સંસ્કૃતિનો ધીરે ધીરે નાશ થતો ગયો. આધુનિક અફઘાનિસ્તાન અને કંદહાર વગેરે દેશોમાં ઘણી જગ્યાએ તેયના બૌદ્ધ પૂર્વજોએ બાંધેલા અદ્‌ભુત સ્તૂપો, મઠો, મંદિરો અને વિરાટ મૂર્તિઓ મળી આવે છે. તુર્કોનાં મિશ્રણ અને મુસલમાન ધર્મના અંગીકારને પરિણામે આ દેવળો વગેરે લગભગ ખંડેરો બન્યાં છે, અને હાલની અફઘાન વગેરે પ્રજાઓ એટલી બધી અસંસ્કારી અને અભણ બની ગઈ છે કે પ્રાચીન શિલ્પકળાની કૃતિઓનું અનુકરણ કરવાને બદલે તેઓ એ બધીને ભૂતપ્રેત દ્વારા સર્જાયેલી લેખે છે, અને ચોક્કસપણે માને છે કે આવાં મહાન બાંધકામો મનુષ્યની શક્તિની બહારનાં છે. ઈરાનના હાલના અધઃપતનનું મુખ્ય કારણ તુર્ક જાતિના રાજવંશની અસંસ્કારિતા છે, જ્યારે પ્રજા સુધરેલા આર્યો એટલે કે પ્રાચીન ઈરાનીઓના વંશની છે. આ પ્રમાણે



કૉન્સ્ટન્ટીનોપલનું સામ્રાજ્ય, જે સંસ્કારી આર્યોના વંશજ ગ્રીક અને રોમન લોકોનો છેવટનો રાજકીય ગઢ હતો તે બળવાન, અસંસ્કારી તુર્કોની એડી તળે ચગદાઈને નાશ પામ્યો. ભારતના મોગલ શહેનશાહ આ નિયમના એક જ અપવાદરૂપ હતા; તેનું કારણ કદાચ હિંદુ ભાવનાઓ અને હિંદુ લોહીનું મિશ્રણ હશે. રજપૂત, ભાટચારણોના રાસાઓમાં ભારત ઉપર વિજય મેળવનારા બધા મુસલમાન વંશોને તુર્કો કહેવામાં આવે છે. આ બરાબર યોગ્ય અભિધાન છે, કારણ કે ભારતવિજયી મુસલમાન સૈન્યો ગમે તે જાતિનાં બનેલાં હોય તોપણ તેમનું નેતૃત્વ હંમેશાં કેવળ તુર્કોના હાથમાં જ હતું.

તુર્કસ્તાનના મુસ્લિમો અગાઉ બૌદ્ધ હતા પણ પાછળથી તેઓ તે ધર્મ છોડીને મુસ્લિમ બન્યા હતા; મોંગોલિયાના તુર્કો આ મુસ્લિમ તુર્કોને આધીન હતા; તેઓ પણ મુસ્લિમ તુર્કોની બળજબરીથી બૌદ્ધ કે વૈદિક ધર્મમાંથી મુસ્લિમ ધર્મમાં દાખલ થયા હતા; એટલે ખરું જોતાં તો તેઓ હિંદુ પ્રજાની જ એક શાખા હતી. તેઓએ હિંદુ પ્રજાની જે બીજી શાખા પોતાના પૂર્વજોના ધર્મને વળગી રહી હતી તેમના ઉપર વારંવાર આક્રમણ કરીને વિજય મેળવ્યો. આનું જ નામ ભારત ઉપર મુસ્લિમ આક્રમણ, વિજય અને સામ્રાજ્યસ્થાપન. અલબત્ત તુર્કોની ભાષા, તેઓના શારીરિક બંધારણની માફક ઘણી મિશ્ર બની છે; ખાસ કરીને જે વિભાગો પોતાની જન્મભૂમિ 'ચાગવોઈ'થી ખૂબ દૂર ચાલ્યા ગયા છે, તેમની ભાષા તેટલા પ્રમાણમાં વધારે મિશ્ર બની ગઈ છે. આ વરસે ઈરાનના શાહ પારિસપ્રદર્શનની મુલાકાત લીધા પછી કૉન્સ્ટન્ટીનોપલ થઈને રેલવે રસ્તે પોતાને દેશ પાછા ફર્યા. દેશકાળનો મહાન ભેદ છતાં સુલતાને અને શાહે પોતાની પ્રાચીન તુર્કી માતૃભાષામાં એકબીજા સાથે વાત કરી. પણ સુલતાનની તુર્ક ભાષામાં ઈરાની, ઍરેબિક અને થોડા ગ્રીક શબ્દોનું મિશ્રણ હતું, જ્યારે શાહની ભાષા તેની સરખામણીએ વિશુદ્ધ હતી.

પ્રાચીન કાળમાં આ ચાગવોઈ તુર્કો બે વિભાગમાં વહેંચાઈ ગયેલા હતા: 'ધોળાં ઘેટાં' અને 'કાળાં ઘેટાં' કહેવાતા. આ બંને વિભાગો તેમની જન્મભૂમિ કાશમીરના ઉત્તર વિભાગમાંથી ઘેટાં ચરાવતા ચરાવતા અને અનેક દેશોમાં લૂંટફાટ કરતા કરતા ધીરે ધીરે કાસ્પિયન સરોવરને કિનારે આવી પહોંચ્યા. ધોળાં ઘેટાં કાસ્પિયન સરોવરની ઉત્તર બાજુથી યુરોપમાં દાખલ થયાં;

તેમણે તે સમયે લગભગ નષ્ટપ્રાય થયેલા રોમન સામ્રાજ્યના એક વિભાગને જીતી લઈને હંગેરીનું રાજ્ય સ્થાપ્યું. બીજી બાજુ કાળાં ઘેટાંઓ ધીરે ધીરે ઈરાનનો પશ્ચિમ ભાગ દબાવ્યો અને કૉકેસસ પર્વતને પાર કરી ધીરે ધીરે એશિયા માઈનોર વગેરે બધા અરબી પ્રદેશોને સર કર્યાં; વખત જતાં તેમણે ખલીફાની રાજ્યગાદી પણ લઈ લીધી અને કટકે કટકે પશ્ચિમ રોમન સામ્રાજ્યના નાનકડા અવશેષને પણ ગળી ગયા. ઘણા પુરાણા કાળમાં આ તુર્કો જબરા નાગપૂજકો હતા. ઘણે ભાગે પ્રાચીન હિંદુઓ આ વંશોને જ 'નાગ' અને 'તક્ષક' આદિના નામથી ઓળખતા હશે. આગળ જતાં તેઓ બૌદ્ધો થયા; અને પછી તો જે કાળે જે દેશને તેઓ જીતી લેતા તેના ધર્મને તેઓ અપનાવતા. આધુનિક કાળમાં, જે બે વિભાગોની વાત આપણે કરીએ છીએ તે પૈકીનાં 'ધોળાં ઘેટાં'એ ખ્રિસ્તીઓને જીતીને પોતે ખ્રિસ્તી બન્યા, જ્યારે 'કાળા ઘેટાં'એ મુસલમાનોને જીતીને ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો; પણ તેમના ખ્રિસ્તી કે ઇસ્લામ ધર્મનું ઊંડું સંશોધન કરીએ તો આજે પણ સર્પપૂજા કે બૌદ્ધ ધર્મનો સ્તર જોવામાં આવશે.

જાતિ અને ભાષાથી તુર્કો હોવા છતાં હંગેરિયનો ધર્મથી ખ્રિસ્તીઓ રોમન કૅથલિક છે. ભૂતકાળમાં ધર્માંધતામાં ભાષા, લોહી કે દેશ એવી કોઈ પ્રકારની મર્યાદા સ્વીકારાતી નહોતી. હંગેરિયનો તુર્કોના કાયમના ભયંકર શત્રુઓ છે; અને હંગેરિયનોની મદદ સિવાય ઑસ્ટ્રિયા જેવાં ખ્રિસ્તી રાજ્યો અનેક પ્રસંગોએ પોતાનું અસ્તિત્વ પણ જાળવી શકયાં નહોત. આધુનિક યુગમાં કેળવણીના પ્રચારથી અને ભાષાશાસ્ત્ર તેમ જ વંશવિજ્ઞાનની શોધો મારફત લોકો ભાષા અને લોહીના સંબંધ તરફ વધારે આકર્ષાય છે, જ્યારે ધાર્મિક સંગઠન ધીમે ધીમે મોળું પડે છે. આ કારણને લીધે કેળવાયેલા હંગેરિયનો અને તુર્કો વચ્ચે એક પ્રકારની વંશની એકતાની ભાવના વિકસતી જાય છે.

ઑસ્ટ્રિયન સામ્રાજ્યનો ભાગ હોવા છતાં હંગેરીએ વારંવાર તેનાથી છૂટું પડવા પ્રયાસ કર્યા છે. અનેક બળવાઓ અને બંડોનું પરિણામ એ આવ્યું છે કે હંગેરી ઑસ્ટ્રિયન સામ્રાજ્યનો માત્ર નામનો જ પ્રાંત છે, ખરી રીતે તો બધી બાબતમાં તે સ્વતંત્ર છે. ઑસ્ટ્રિયન શહેનશાહ "ઑસ્ટ્રિયાનો શહેનશાહ અને હંગેરીનો રાજા" કહેવાય છે. હંગેરી પોતાના બધા



આંતરિક વ્યવહારો ઑસ્ટ્રિયાથી સ્વતંત્ર રીતે ચલાવે છે, અને તેમાં આ પ્રજા સંપૂર્ણ મુખત્યારી ધરાવે છે; ઑસ્ટ્રિયાનો શહેનશાહ કેવળ નામનો જ મુખી છે; પણ આ નામનો સંબંધ પણ લાંબો વખત ટકે તેમ લાગતું નથી. ટર્કીશ પ્રજાનું સ્વભાવસિદ્ધ યુદ્ધકૌશલ્ય, ઉદારવૃત્તિ અને બીજા લાક્ષણિક સદ્‌ગુણો હંગેરિયનોમાં પણ પૂરતા પ્રમાણમાં છે. ઉપરાંત ઇસ્લામ ધર્મનો અંગીકાર નહિ કર્યાથી તેઓ સંગીત વગેરે જેવી સ્વર્ગીય કલાને શયતાની જાળ ગણતા નથી. તેને પરિણામે હંગેરિયનો સંગીતમાં ઘણા નિષ્ણાત છે અને સારાય યુરોપમાં તે માટે તેઓ પ્રસિદ્ધ છે.

પહેલાં મને એવો ખ્યાલ હતો કે ઠંડા દેશના લોકો મરચાં નહિ ખાતા હોય; ગરમ પ્રદેશના લોકોની જ તે ખરાબ ટેવ હશે. પણ મરચાં ખાવાની જે ટેવ પ્રથમ અમે હંગેરીમાં જોઈ અને જે રૂમાનિયા અને બલ્ગેરિયામાં ટોચે પહોંચી, તો એ બાબતમાં મદ્રાસીઓને પણ હંફાવી દે તેવી લાગી.

## પરિશિષ્ટ

### (૧) કૉન્સ્ટન્ટીનોપલ

કૉન્સ્ટન્ટીનોપલનું પ્રથમ દર્શન અમને ગાડીમાંથી થયું. તે પુરાણું શહેર છે. દીવાલોને ભેદીને મોટી પાકી ગટરો કાઢી છે; સાંકડી, વાંકીચૂકી ગંદકી ભરેલી ગલીઓ અને લાકડાનાં ઘરો છે; પણ નવીનતાને કારણે તેમાં એક પ્રકારનું સૌન્દર્ય છે. સ્ટેશન ઉપર અમારાં પુસ્તકો અંગે અમને ઘણી મુસીબત પડી. માદાંમોઝેલ કેલ્વે અને જુલે બોઈએ ફ્રેંચ ભાષામાં જકાતી અમલદારો સાથે ઘણી દલીલ કરી, જેમાંથી ધીરે ધીરે બંને પક્ષ વચ્ચે ઝઘડો થયો. અધિકારીઓનો ઉપરી તુર્ક હતો અને તેનું ભોજન તૈયાર હતું તેથી ઝઘડો વધારે ગૂંચવાડા વિના પૂરો થયો; ફક્ત બે પુસ્તકો સિવાય બીજાં બધાં પુસ્તકો તેમણે પાછાં આપ્યાં. આ બે પુસ્તકો તેમણે તુરત હોટલમાં મોકલવા વચન આપ્યું. પણ તેનો અમલ કદી થયો નહિ. અમે સ્તામ્બુલ અગર કૉન્સ્ટન્ટીનોપલ શહેર અને તેની બજારમાં ફર્યા; પોન્ટ અગર તો ખાડીને પેલે પાર પેરા એટલે પરદેશીઓનાં મકાનો, હોટલો વગેરે છે; ત્યાંથી ગાડીમાં બેસીને અમે શહેર જોયું અને પછી થોડો આરામ કર્યો. સાંજે અમે વુડ્ઝ પાશાને મળવા ગયા. વળતે દિવસે હોડીમાં બોસ્ફરસમાં કાંઠે કાંઠે ફર્યા. ઠંડી ઘણી હતી, જોરદાર પવન પણ વાતો હતો, તેથી મિસ મેક્લાઉડ અને હું પહેલે જ સ્ટેશને ઊતરી ગયાં; સ્કુટારી જઈને પેઅરે હિઆસિન્થેને મળવું તેમ નક્કી કર્યું. ભાષા નહિ જાણવાથી અમે માત્ર ઈશારાથી હોડી ભાડે કરી પાર ઊતર્યા અને ગાડી ભાડે કરી. રસ્તામાં અમે સૂફી ફકીરનો તકિયો જોયો. આ ફકીરો લોકોનાં દર્દો મટાડે છે; તેની રીત આ પ્રમાણે છે: પહેલાં તેઓ પોતાના શરીરને ઝુકાવી ઝુકાવીને કલમા પઢે છે; ત્યાર પછી નૃત્ય આવે છે; ત્યાર પછી ભાવાવેશ અને છેવટે દર્દીના શરીર ઉપર પગ મૂકીને દરદ મટાડવાનું.

અમેરિકન કૉલેજો બાબત અમારે પેઅરે હિયાસિન્થે સાથે લાંબી વાત થઈ. ત્યાર પછી અમે એક આરબની દુકાને ગયા; ત્યાં અમને એક તુર્ક વિદ્યાર્થી મળ્યો. પછી અમે સ્કુટારીથી પાછા ફર્યા. અમે એક હોડી શોધી



કાઢી; હોડી ઠરાવેલ જગ્યાએ પહોંચી શકી નહિ, તેથી અમે જ્યાં કાંઠે ઊતર્યા હતા તે સ્થળેથી ટ્રામ પકડી અને સ્તામ્બુલની હોટલમાં અમારા રહેઠાણે પાછા ફર્યા. સ્તામ્બુલમાં જ્યાં ગ્રીક બાદશાહોનાં પ્રાચીન જનાનખાનાં હતાં ત્યાં જ અત્યારે સંગ્રહસ્થાન છે. અમોએ શબ રાખવાની અપૂર્વ કોતરણીની પથ્થરની કોફિનો (શબ રાખવાની પેટીઓ) જોઈ; તોફાનેહ ઉપરથી શહેરનું આકર્ષક દૃશ્ય પણ દીઠું. ઘણા લાંબા સમય પછી શેકેલા વટાણા ખાવાનો આનંદ માણ્યો. સ્કુતારીનું કબ્રસ્તાન જોયા પછી પ્રાચીન દીવાલો જોવા ગયા. દીવાલોની અંદરના ભાગમાં ભયંકર કેદખાનું હતું. પછી વુડ્ઝ પાશાને મળ્યા અને બોસ્ફરસ તરફ રવાના થયા. ફ્રેંચ એલચી કચેરીના કર્મચારી સાથે અમારું ભોજન લીધું. એક ગ્રીક પાશા અને આલ્બેનિયાના એક ગૃહસ્થને મળ્યા. પોલીસે પેઅરે હિયાસિન્થેનાં ભાષણો ઉપર પ્રતિબંધ મૂક્યો છે તેથી મારું ભાષણ પણ બંધ છે. શ્રી દેવનમલ તથા ચોબેજી (ગુજરાતી બ્રાહ્મણ)ને પણ મળ્યા. અહીં હિંદુસ્તાની, મુસલમાનો વગેરે હિંદીઓ છે. તુર્કી ભાષાશાસ્ત્ર ઉપર ચર્ચા થઈ તેમ જ નૂર બે વિષે જાણ્યું; આ નૂર બેના દાદા ફ્રેંચ હતા. કહે છે કે નૂર બે કાશ્મીરી જેવો સુંદર છે. અહીંની સ્ત્રીઓમાં પડદાનો રિવાજ નથી; તેઓ ખૂબ સ્વતંત્ર છે. વેશ્યાનો ધંધો એ મુખ્યત્વે મુસલમાની પ્રથા છે. અમે કુર્દ પાશા અને આર્મીનિયનોની કતલ વિષે સાંભળ્યું. આર્મીનિયનોને પોતાનો કહેવાય એવો દેશ જ નથી; જે દેશમાં તેઓ રહે છે તેમાં પ્રધાનપણે મુસલમાન વસ્તી હોય છે. આર્મીનિયા નામનો ચોક્કસ પ્રદેશ જાણવામાં નથી. હાલના સુલતાન કુર્દ લોકોનું એક હયદળ બનાવવા ધારે છે; તેમને કૉસેકની ઢબે તાલીમ આપવામાં આવશે; તેઓ ફરજિયાત ભરતીમાંથી બાકાત રહેશે.

સુલતાને આર્મીનિયન અને ગ્રીક મુખીઓને બોલાવ્યા અને કર ભરવાને બદલે માતૃભૂમિની સેવાને માટે ફરજિયાત લશ્કરમાં જોડાવાનો વિકલ્પ રજૂ કર્યો. તેમણે જવાબ આપ્યો કે જો તેઓ સૈનિક તરીકે યુદ્ધમાં જાય અને મુસલમાનોની સાથોસાથ મૃત્યુ પામે તો ખ્રિસ્તી સૈનિકોની કબર બાબતમાં ગોટાળો થાય: સુલતાનનો જવાબ એ હતો કે દરેક લશ્કરી ટુકડીને એક મુસલમાન મુલ્લાં અને એક ખ્રિસ્તી પાદરી આપીને તેનો ઉકેલ લાવી શકાય. લડાઈની પરિસ્થિતિમાં ખ્રિસ્તી અને મુસલમાનોનાં શબોને એકી સાથે

દાટવાં પડે ત્યારે બંને ધર્મના પાદરીઓ પોતપોતાની રીતે મૃત્યુ પાછળની ક્રિયા કરે; આમ કરવાથી જો એક ધર્મના અનુયાયીનો આત્મા બીજા ધર્મવાળાઓની મરણોત્તર પ્રાર્થના વધારામાં સાંભળે તો તેના આત્માને કંઈ નુકસાન થશે નહિ. પણ ખ્રિસ્તીઓ કબૂલ થયા નહિ, તેથી તેઓ કર ભર્યા કરે છે. આ દરખાસ્તનો અસ્વીકાર કરવાનું અંદરનું કારણ એવો ભય હતો કે મુસલમાનો સાથે રહેવાથી તેઓ પોતે પણ કદાચ મુસલમાન બની જાય. સ્તામ્બુલનો હાલનો સુલતાન ઘણું સખત કામ કરનારો માણસ છે, અને બધી બાબતમાં – મહેલમાં નાટ્યપ્રયોગો જેવા રંજન કાર્યક્રમોની ગોઠવણ વગેરેમાં પણ – જાતે દેખરેખ રાખે છે. તેની અગાઉનો સુલતાન મુરાદ બહુ નકામો આદમી હતો, પણ આ સુલતાન બહુ બુદ્ધિશાળી છે. એ ગાદીએ આવ્યો ત્યારે રાજ્ય જે સ્થિતિમાં હતું, તેમાં તેણે કરેલો સુધારો અજબ છે. આ દેશમાં પાર્લમેન્ટની પ્રથા સફળ નહિ થાય.

## (૨) એથેન્સ : ગ્રીસ

સવારે દસ વાગ્યે અમે કોન્સ્ટન્ટીનોપલ છોડયું. એક રાત અને એક દિવસ ખૂબ શાંત સમુદ્રમાં પસાર કર્યો. ધીરે ધીરે અમે ગોલ્ડન હૉર્ન અને માર્મોરાના સાગરમાં પહોંચ્યા. માર્મોરાના એક ટાપુમાં અમોએ ગ્રીક ધર્મનો એક મઠ જોયો. પ્રાચીન કાળમાં અહીં ધાર્મિક કેળવણી માટે ઘણો અવકાશ હતો, કારણકે તેની એક બાજુ એશિયા અને બીજી બાજુ યુરોપ આવેલ છે. ભૂમધ્યના દ્વીપસમૂહમાં સવારે ફરવા જતાં પ્રોફેસર લાઈપરનો ભેટો થયો. તેની ઓળખાણ મદ્રાસમાં પચિયાપ્પા કૉલેજમાં થઈ હતી. એક ટાપુમાં અમે એક દેવળના ખંડિયરો જોયાં; એ દેવળ કદાચ નેપચ્યુનનું હશે કારણ કે તે સમુદ્રકિનારે હતું. સાંજે અમે એથેન્સ પહોંચ્યા; કવૉરેન્ટીનમાં આખી રાત ગાળ્યા પછી સવારે ઊતરવાની મંજૂરી મળી. પોર્ટ પાયર્યુસ નાનું શહેર છે પણ ઘણું સુંદર છે; આસપાસનું વાતાવરણ બધી રીતે યુરોપીય છે, તફાવત માત્ર એટલો જ કે કોઈ કોઈ વાર ઘાઘરા પહેરેલા ગ્રીક લોકો જોવામાં આવે છે. ત્યાંથી પાંચ માઈલ દૂર શહેરને બંદર સાથે જોડતી દીવાલો જોવા ગયા. ત્યાર પછી શહેર જોયું. ત્યાંના આક્રોપોલીસ, હોટલો, મકાનો, રસ્તાઓ બધું સ્વચ્છ છે. રાજમહેલ નાનો છે. તે જ દિવસે વળી



અમે ટેકરી ઉપર ચઢીને આક્રોપોલીસ, વીંગ્લેસ વિકટરીનું દેવળ અને પાર્થેનોન વગેરે જોયાં. દેવળ સફેદ આરસનું બનાવેલું છે. સ્તંભના કેટલાક ઊભેલા અવશેષો પણ જોયા. બીજા દિવસે માદામૉઇઝેલ મેલકર્વીની સાથે અમો તે ફરી જોવા ગયા. તેમણે એને લગતી ઐતિહાસિક હકીકતો સમજાવી. બીજે દિવસે અમો ઓલિમ્પીઆના જ્યુપીટરનું મંદિર, થિયેટર ડાયોનિશિયસ વગેરે છેક દરિયાકિનારા સુધીની જગ્યાઓ જોઈ વળ્યા. ત્રીજે દિવસે અમે ઇલ્યૂસી રવાના થયા; ગ્રીકોનું તે મુખ્ય ધર્મસ્થાન છે. અહીં ઇતિહાસપ્રસિદ્ધ ઇલ્યૂસીના રહસ્યના પ્રયોગો થતા. અહીંની પ્રાચીન રંગભૂમિ એક ધનાઢ્ય ગ્રીકે ફરી નવી બાંધી છે. ઓલિમ્પિયન રમતો પણ આધુનિક કાળે પુનર્જીવિત કરવામાં આવી છે. ઓલિમ્પિયાની રમતો સ્પાર્ટાની નજીક રમાય છે. તે રમતમાં અમેરિકનો ઘણી બાબતમાં વિજેતાઓ બને છે, પણ તે સ્થળેથી એથેન્સની આ રંગભૂમિ સુધીની દોડની શરતમાં ગ્રીકો જીતે છે. આ વર્ષે તેમણે તુર્કો સાથેની હરીફાઈમાં તેમની આ દોડની કળાની સારી સાબિતી આપી. ચોથે દિવસે સવારે દસ વાગ્યે અમે રશિયન સ્ટીમર 'ઝાર'માં ઇજિપ્ત જવા નીકળ્યા. ધક્કે પહોંચ્યા પછી અમને ખબર મળ્યા કે સ્ટીમર બપોરે ચાર વાગ્યે ઊપડવાની હતી – કદાચ અમે બહુ વહેલા આવ્યા હતા અથવા માલ ચઢાવવામાં કોઈ વિલંબ થયો હશે. બીજો કોઈ રસ્તો નહિ હોવાથી અમે બધે ફર્યા અને ઈ. સ. પૂર્વે ૫૦૬ અને ૪૮૬ દરમિયાન થયેલા અજેલાડાસ અને તેના ત્રણ શિષ્યો ફીડિયસ, માઈરોન અને પોલીક્લીટસની સ્થાપત્યકલાનો આછો પરિચય કર્યો. અહીં પણ અમને ઘણી ગરમી લાગવા માંડી. રશિયન જહાજમાં પ્રથમ વર્ગ સ્હેજ ઉપર હોય છે, અને બાકી બધું માત્ર તૂતક જ હોય છે, જેમાં મુસાફરો, ઢોરો અને ઘેટાંઓ ભર્યાં હોય છે. ઉપરાંત આ સ્ટીમરમાં બરફ પણ મળતો નહોતો.

## (૩) પારિસના લુઅર સંગ્રહસ્થાનમાં ગ્રીક શિલ્પકળા

પારિસના લુઅર મ્યુઝિયમની મુલાકાત પછી ગ્રીક કલાના ત્રણ તબક્કાઓ હું સમજી શક્યો. પહેલાં માઈસીનિયન કલા હતી, પછી સાચી ગ્રીકની કલા આવી. આકિયન રાજ્યે પોતાની સત્તા આજુબાજુના ટાપુઓ ઉપર

પણ જમાવી હતી, અને સાથોસાથ એશિયામાંથી આવેલી ત્યાંની બધી કલાઓ ઉપર પણ કાબૂ મેળવ્યો હતો. આવી જ રીતે ગ્રીસમાં સૌથી પ્રથમ કળા આવી. ઐતિહાસિક કાળની પૂર્વેથી માંડી ઈ. સ. પૂર્વે ૭૭૬ સુધી માઈસીનિયન કલાનો યુગ હતો. આ કલા મુખ્યત્વે એશિયન કલાનું અનુકરણ જ કરતી હતી. ઈ. સ. પૂર્વે ૭૭૬થી ૧૪૬ સુધી હેલેનિક એટલે કે ખરી ગ્રીક કલાનો કાળ હતો. ડોરિયન જાતિએ આર્ચિયન સલ્તનતનો નાશ કર્યા પછી બહારના દેશમાં અને ટાપુઓના સમૂહમાં રહેતા ગ્રીકોએ એશિયામાં ઘણી વસાહતો સ્થાપી. આથી તેમની અને બેબીલોન તથા ઈજિપ્ત વચ્ચે ઘણાં ઘર્ષણો થયાં, જેમાંથી ગ્રીક કલાનો ઉદય થયો. આ કલામાંથી સમય જતાં એશિયાની છાયા ચાલી ગઈ અને પ્રકૃતિનું આબેહૂબ અનુકરણ કરવાનું શરૂ થયું. ગ્રીકની અને બીજા દેશોની કલામાં તફાવત આટલો છે કે ગ્રીકોની કલા નૈસર્ગિક જીવંત ઘટનાઓનું હૂબહૂ આલેખન કરે છે.

ઈ. સ. પૂર્વે ૭૭૬થી ૪૭૫ સુધી આરકેઈક ગ્રીક કલાનો યુગ હતો. આકૃતિઓ સહેજ સખત છે. જીવંત નથી; હોઠ થોડા ઉઘાડા છે, જાણે નિરંતર હસ્યા કરતા હોય. આ દૃષ્ટિએ તે મૂર્તિઓ ઈજિપ્તના શિલ્પીઓ દ્વારા ઘડાયેલી મૂર્તિઓની જેવી છે. બધાં બાવલાંઓ બે પગ ઉપર ટટ્ટાર ઊભાં છે. વાળ અને દાઢી વગેરે સરખી રેખાઓમાં આલેખાયેલાં હોય છે. બાવલાંમાં કપડાં શરીરની આજુબાજુ બરાબર વીંટળાયેલાં હોય છે – ચપ્પટ, ખૂલતા પહેરવેશની માફક નહિ.

આરકેઈક ગ્રીક કલા પછી ઈ. સ. પૂર્વે ૪૭૫થી ૩૨૩ સુધી, એટલે કે એથેન્સના નેતૃત્વથી માંડી મહાન એલેકઝાંડરના મૃત્યુ કાળ સુધી ઉત્કૃષ્ટ ગ્રીક કલાનો યુગ આવે છે. પેલોપોનેસસ અને એટિકા રાજ્યોમાં જ આ સમયે કલા વિશેષ ખીલી. એટિકાનું મુખ્ય શહેર એથેન્સ હતું. એક ફ્રેંચ કલાવિવેચક વિદ્વાને લખ્યું છે: "ક્લાસિક ગ્રીક કલા તેના વિકાસના શ્રેષ્ઠ શિખરે પહોંચી ત્યારે બધા નિશ્ચિત નિયમોનાં બંધનોમાંથી તે મુક્ત અને સ્વતંત્ર બની. ત્યારથી તેણે કોઈ પણ દેશના કલાના નિયમોને સ્વીકાર્યા નહિ, તેમ તેને અનુસરી પણ નહિ. શિલ્પકલાના શ્રેષ્ઠ નમૂનારૂપ મૂર્તિઓનું જે સમયે નિર્માણ થયું હતું તે કલાવિદ્યાથી સમુજ્જવલ એવા ઈ. સ. પૂર્વે પાંચમી સદીના કાળનો જેમ જેમ આપણે વધારે અને વધારે



અભ્યાસ કરીએ છીએ તેમ તેમ આપણને સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ચોક્કસ ઢા[illegible] વિધિનિયમોને તેણે ફગાવી દીધા. પછી જ ગ્રીક કલા પોતાનું જીવન અને શક્તિ ખીલવી શકી." આ ક્લાસિક ગ્રીક કલાની બે શાખાઓ હતી: એક એટિક અને બીજી પેલોપોનેશિયન. એટિક શાખામાં વળી બે પ્રકારો હતા; પહેલા પ્રકારમાં સ્વયં-પ્રજ્ઞ શિલ્પકાર ફીડિયસની બુદ્ધિ-પ્રતિભા આવે. એક ફ્રેંચ વિદ્વાને તેનું નીચેના શબ્દોમાં વર્ણન કર્યું છે: "સૌન્દર્યનો અપૂર્વ મહિમા અને વિશુદ્ધ દિવ્ય ભાવોનું એ ગૌરવ માનવીના મનને સદા કાળ આકર્ષી રહેશે." બીજા પ્રકારની એટિક શાખાના નિષ્ણાતો સ્કોપાસ અને પ્રેકસીટેલસ હતા. આ શાખાનું કાર્ય કલાને ધર્મથી પૂરેપૂરી રીતે છૂટી પાડીને માત્ર માનવજીવનના આલેખન પૂરતી જ મર્યાદિત રાખવાનું હતું.

ક્લાસિક ગ્રીક કળાની પેલોપોનીશિયન નામની બીજી શાખાના પ્રધાન સમર્થકો પોલીક્લીટસ અને લાઈસીપસ હતા. તેમાંનો એક ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં તથા બીજો ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં જન્મ્યો હતો અને તેમનું એક જ ધ્યેય હતું કે માનવદેહનું પ્રમાણ કલામાં બરાબર વફાદારીથી આલેખાવું જોઈએ.

ઈ. સ. પૂર્વે ૩૨૩થી ૧૪૬ સુધી એટલે કે એલેકઝાંડરના મૃત્યુથી માંડી રોમનોએ એટિકા જીતી લીધું ત્યાં સુધીનો યુગ ગ્રીક કલાના અધઃપતનનો કાળ છે. આ સમયની ગ્રીક કલામાં ભભકાદાર દેખાવ અને બાવલાંઓને અસાધારણ રીતે મોટાં બનાવવાનો પ્રયાસ વધારે દેખાય છે. પછી તે રોમનોના ગ્રીસ પરના આધિપત્યના કાળ દરમિયાન ગ્રીક કલા માત્ર બીજા દેશોના કલાકારોની કૃતિઓનું અનુકરણ કરી સંતોષ માનતી હતી; તે કાળની નવીનતા એટલી જ હતી કે ચોક્કસ વ્યક્તિની મુખાકૃતિનું હૂબહૂ આલેખન કરવામાં આવતું.

HML-MSU
G34218

ENTERED

## શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સાહિત્યના
## અન્ય પ્રકાશનો

| ક્રમ | વિષય | કિંમત |
|---|---|---|
| ૧ | શ્રી રામકૃષ્ણ કથામૃત ( બે ભાગ ) | ૨૦–૦૦ |
| | ડીલક્સ આવૃતિ ( બે ભાગ ) | ૨૫–૦૦ |
| ૨ | શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ ભાગ ૧ | ૩–૦૦ |
| | શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ ભાગ ૨ | ૨–૫૦ |
| | શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ ભાગ ૩ | ૩–૦૦ |
| | શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ ભાગ ૪ | ૩–૦૦ |
| | શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ ભાગ ૫ | ૪–૨૫ |
| ૩ | અધ્યાત્મ વાણી | ૪–૨૫ |
| ૪ | પરમપદને પંથે | ૩–૦૦ |
| ૫ | ભારતમાં વિવેકાનંદ | ૪–૦૦ |
| ૬ | કેળવણી | ૧–૦૦ |
| ૭ | વીરવાણી | ૦–૫૦ |
| ૮ | ભારતને | ૧–૨૫ |
| ૯ | ભક્તિતત્ત્વ | ૧–૫૦ |
| ૧૦ | શ્રી મા શારદાદેવી (વિસ્તૃત જીવનચરિત્ર) | ૭–૫૦ |
| ૧૧ | સ્વામી શિવાનંદ : જીવન અને ઉપદેશ | ૦–૫૦ |
| ૧૨ | સ્વામી માધવાનંદ | ૦–૫૦ |
| ૧૩ | મુકુન્દમાલા સ્તોત્ર | ૦–૨૫ |
| ૧૪ | ગીતગુચ્છ | ૦–૨૫ |
| ૧૫ | સ્તોત્રમાળા | ૦–૨૫ |
| ૧૬ | બાળકોના વિવેકાનંદ સચિત્ર (ત્રિરંગી) | ૨–૦૦ |
| ૧૭ | મા શારદા | ૦–૫૦ |
| ૧૮ | સ્વામી વિવેકાનંદ–રાષ્ટ્રને સંબોધન | ૦–૨૫ |

જ્યારથી વિદ્યા તેમ જ સત્તા ગરીબ અને નીચલા થરના લોકો સુધી પહોંચવા માંડી ત્યારથી યુરોપ આગળ વધવા લાગ્યું છે. બીજા દેશોના જે સંખ્યાબંધ દુ:ખી લોકો જાણે કચરાની માફક દૂર ફેંકાઈ ગયા, તેમને અમેરિકામાં ઘર અને આશરો મળ્યો; અને તેઓ જ આજે અમેરિકાની કરોડરજ્જુ છે. મોટા માણસો — પંડિતો કે પૈસાદાર લોકો તમને સંભારે કે ન સંભારે, સમજે કે ન સમજે, તમારી સ્તુતિ કરે કે નિંદા કરે, તેનો કંઈ અર્થ નથી. તેઓ માત્ર શોભારૂપ છે, દેખાવ માત્રના જ છે! કરોડો નીચલા થરના લોકો જ દેશનું જીવન છે. સંખ્યાની કંઈ ગણતરી નથી. લક્ષ્મી કે ગરીબાઈને કંઈ લાગતુંવળગતું નથી. વિચાર, વાણી અને કાર્યમાં સંગઠિત થયેલા એક મૂઠીભર માણસો પણ દુનિયામાં ઊથલપાથલ કરી નાખી શકે! આ શ્રદ્ધા કદી ગુમાવશો નહિ. મુશ્કેલીઓ જેટલી વધારે તેટલું વધુ સારું. પ્રવાહમાં જો કોઈ પણ પ્રતિરોધ ન હોય તો તેનો વેગ વધે ખરો કે? વસ્તુ જેટલી નવી, જેટલી સારી, તેટલા પ્રમાણમાં તેની સામે શરૂઆતમાં વિરોધ વધારે થવાનો. વિરોધ સફળતાનું પૂર્વ લક્ષણ છે; જ્યાં વિરોધ ન હોય ત્યાં સફળતા પણ ન હોય. અસ્તુ.

સ્વામી વિવેકાનંદ